


કૂકડાં વેચનારો
સોળમા ગુજરાત રાજ્ય કલાપ્રદર્શનમાં રજૂ થએલું પ્રકા વાસુદેવ ડોંગરેનું એક ચિત્ર
(જુઓ આ અંકની 'કલાવાર્તા')

સંસ્થાપક · રવિશંકર રાવળ

વર્ષ ત્રેપનમું · અંક બીજો · ફેબ્રુઆરી ઓગણીસસો છોંતેર
તંત્રી · બચુભાઈ રાવત

કુમાર

સળંગ અંક ૬૨૬



ગંગાઘાટ
કાનપુર
ચિત્રકાર
યજ્ઞેશ્વર શુકલ

અમદાવાદમાં યોજાએલા રાજ્ય કલાપ્રદર્શન પ્રસંગે 'કુમાર'ના સુપરિચિત કલાકાર યજ્ઞેશ્વર શુકલનું પણ રાજ્યે બહુમાન કર્યું. ભારત ઉપરાંત ઈટાલી, મધ્યએશિયા અને ચીનના કલાપ્રવાસો દ્વારા એમની કલાસૂઝ અને શૈલીને અનેરો ઓપ મળ્યો છે. ચીની કલાશૈલીના તેઓ સારા જ્ઞાતા છે અને એ રીતે સુંદર કામ કરી શકે છે. ગ્રાફિક્સના પણ બધા પ્રકારો પર એમનો બહુ અચ્છો કાબૂ છે. લંડન, રોમ, પારી(સ), તોકિયો, કાઈરો, વૅર્સો, લુગાનો, નાઈરોબી, કિન્યા, કંપાલા, સાનપાઓલો, લાઈપ્ઝિગ વગેરે સાથે ભારતમાં અનેક મોટાં કલાપ્રદર્શનોમાં ચારેક દાયકાથી એમની કૃતિઓ રજૂ થતી રહી છે ને એમાં એમણે અનેક ચંદ્રકો ને પારિતોષિકો મેળવ્યાં છે. દેશની અનેક ખ્યાતનામ આર્ટ ગૅલેરીઓમાં એમની કૃતિઓ સંઘરાએલી છે. ભારતના અગ્રગણ્ય કલાકારોમાં એમની ગણના છે. અહીં કાનપુરના ઘાટ પર કરેલું—અને તે યે પીંછીથી નહિ, પણ ટચલી આંગળી પર કપડું વીંટીને એના વડે ચીતરેલું ત્વરિતાલેખન આપ્યું છે. બહુ જ ઓછા પણ સબળ રંગલસરકામાં એમણે પાણી પરના મછવાઓ, બિચાર માનવપાત્રો, અગ્રભાગે બંધાએલા વાંસ વિશાળ જળપટ દ્વારા કેં ડાણભર્યું સુંદર ચિત્રસંયોજન કરી બતાવ્યું છે. ક્યાં રંગ પૂરવો, એના બદલે ક્યાં ન પૂરવો એની સમજ વડે એમણે પોતાની કલાશક્તિ ને સૂઝનો સુંદર પરિચય આપ્યો છે.

કુમાર

ફેબ્રુઆરી ૧૯૭૬ • અંક ૬૨૬

તંત્રી: બચુભાઈ રાવત ⁂ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૦ યા પાઉન્ડ ૨ યા ડૉ. ૫-૫૦; છૂટક નકલ: રૂ.૨-૫૦

આ ઘર ઉંબર ને ફળિયામાં

ભગવતીકુમાર શર્મા

• ગઝલ •

હું 'હું' ક્યાં છું? પડછાયો છું આ ઘર, ઉંબર ને ફળિયામાં;
હું જન્મોજન્મ પરાયો છું આ ઘર, ઉંબર ને ફળિયામાં.

તું રાત બની અંજાઈ જજે આ ગામનાં ભીનાં લોચનમાં;
હું ઘેનભર્યું શમણાયો છું આ ઘર, ઉંબર ને ફળિયામાં.

આ માઢ, મેડી ને હિંડોળા ફોરે છે તારા ઉચ્છ્વાસે;
હું હિના વગરનો ફાયો છું આ ઘર, ઉંબર ને ફળિયામાં.

કંકુ ખરખર, તોરણ સૂકાં, દીવાની ધોળી રાખ ઊડે;
હું અવસર એકલવાયો છું આ ઘર, ઉંબર ને ફળિયામાં.

સાન્નિધ્યનો તુલસીક્યારો થૈ તું આંગણમાં કોળી ઊઠે;
હું પાંદ પાંદ વિખરાયો છું આ ઘર, ઉંબર ને ફળિયામાં.

શ્વાસોના પાંખાળા અશ્વો કંઈ વાંસવનો વીંધી ઊડ્યા;
હું જડ થઈને જકડાયો છું આ ઘર, ઉંબર ને ફળિયામાં.

ગઈ કાલના ઘૂઘરાઓ ધમક્યા, સ્મરણોનાં ઠલવાયાં ગાડાં;
હું શીંગડીએ વીંધાયો છું આ ઘર, ઉંબર ને ફળિયામાં.

ઓછાયે / માણેકલાલ પટેલ

• વ્યસ્ત ચોપાઈ •

પોઢયાં બાળ–
ત્યાં કો' જાગે સોનલ કાળ!

નરતે પાય
હૈયું થડકે સરકી જાય.

ફરફર કેશ
એનો કાકરુઆખી વેશ.

હૂંસાતૂંસ
એની ઝપાઝપીની ટૂંસ.

ધીંગો સંગ
હજાર રૂપે રેલે રંગ.

ઊભી વાટ
પગલાંનો ધસમસ તલસાટ.

ઠામેઠામ
અજવાળાંનાં ઊગે ગામ!

પાછળ જોઉં–
હરેક ઓછાયે હું જ હોઉં!

ચાડિયાની ઉક્તિ / વિનોદ જોશી

• ગાન •

ચાલ, આજ તો જીર્ણશીર્ણ ફેંકી દઈ વસ્ત્રો સાવ ઉઘાડે ડિલ કૂવામાં પડું, પડું ભફ્ફાંગ!

રોજ મને આ નીક કરે ગલગલિયાં ભીનાં છમ્! ને ભાળે અંડખેપડખે ઘાસ,
મૂઓ! હરામી, ઘટઘટ ઢીંચી જાય ક્યારડો તલસે મારા અવાવરુ આ શ્વાસ;
ચાલ, આજ તો હર્યાભર્યા ખેતરને ભીડી બાથ ચણી લઉં પંખી થઈને મોલ તણાં અંગાંગ!

છાંયે છૂટે ભાત ને હું બેફામ બપોરે હલ્લક ફલ્લક તડકે ઝોલાં ખાઉં,
પટલાણી–રે લોલ...મને કંઈ અંદર અંદર થાય! હું પડખે કેમ કરીને જાઉં?
ચાલ, આજ તો હડિયાપાટી કરું, ફગાવું સીમ; ને દોડી ગામ ભણી એઈ...તોડું ગઢની રાંગ!

સ્થિરતાનો અંત

ફાધર વાલેસ

એક પ્રતિષ્ઠિત યુનિવર્સિટી હતી. એનું ગૌરવ એ હતું કે એના કોઈ અભ્યાસક્રમો કે પાઠ્યપુસ્તકો નહોતાં. કોઈ મર્યાદિત પાઠ નહિ ને કોઈ નક્કી પુસ્તક નહિ. વિષય લો તે લો. તમારાથી બને તેટલી તૈયારી કરો. મર્યાદા હોય તે તમારી બુદ્ધિની અને તમારા સમયની. પરીક્ષા વ્યાપક છે. જ્ઞાન બૃહદ જોઈએ. પણ સફળ થશો તો માન પણ બહુ મળશે.

આપણા યુગને એવી યુનિવર્સિટી સાથે સરખાવી શકાય. નીતિના પાઠ મર્યાદિત નહિ અને ધર્મની ફરજો સીમિત નહિ. પહેલાં હતાં. આટલું કરવાનું અને આટલું ભણવાનું. અમુક કર્મકાંડ અને અમુક પૂજાપાઠ. આ પ્રસંગે આમ કરાય અને આ ભૂલ માટે આ પ્રાયશ્ચિત્ત થાય. ચોક્કસ નિયમો હતા. નક્કી અભ્યાસક્રમ હતો. પ્રશ્નો ગણી શકાય એટલા હતા, અને જવાબો ગોખી શકાય એવા હતા. સારી સગવડ હતી. ઘણા લોકો પાસ થતા. પણ હવે એવું રહ્યું નથી. હવે જવાબો કેવા અપાશે એ જ નહિ પણ પ્રશ્નો પણ કેવા પુછાશે એ એક કોયડો બની ગયો છે. હવે નવી પરિસ્થિતિ છે અને નવી સમસ્યાઓ છે. હવે કોઈ 'ગાઈડ' લઈને પાસ થવાય એમ નથી. વિશાળ જ્ઞાન જોઈએ. વિવિધલક્ષી તૈયારી જોઈએ. પણ છેવટે એ ડિગ્રીનું ખરું માન મળશે.

'સ્થિરતાનો અંત' એક જાણીતા પુસ્તકનું નામ છે. એ વિજ્ઞાનનું પુસ્તક છે. વિજ્ઞાનમાં પણ પહેલાં સ્થિરતા હતી. પાકા સિદ્ધાંતો હતા, ચોક્કસ સમીકરણો હતાં. વૈજ્ઞાનિકોને વિશ્વાસ હતો કે બ્રહ્માંડનાં રહસ્યો ફોડી શકીએ, સૃષ્ટિના નિયમો સમજી શકીએ. ગર્વ હતો, ખાતરી હતી, સ્થિરતા હતી. પણ હવે પરિસ્થિતિ બદલાઈ છે. નવી શોધો થઈ અને નવા નિયમો આવ્યા. એટલે કે નિયમો ખરેખર છે કે કેમ, ને હોય તો કેવા હોય એ જ પ્રશ્ન થયો. સાપેક્ષતાનો જમાનો આવ્યો. સંશયનું રાજ આવ્યું, સ્થિરતાનો અંત આવ્યો. આજની શોધ આવતી કાલની શોધથી રદ થઈ શકે, આજની અટકળ આવતી કાલની અટકળથી ખોટી ઠરી શકે એમ હવે વૈજ્ઞાનિકો માનતા થયા. 'ખાતરી નથી' એ એક જ ખાતરી થઈ પડી છે.

અને જેમ વિજ્ઞાનમાં તેમ સમાજમાં પણ સ્થિરતાનો અંત આવી ગયો છે. માન્યતાઓ, રૂઢિઓ, નિયમો, સિદ્ધાંતો કંઈ નક્કી નથી. જૂનું તો ગયું, પણ એની જગ્યાએ શું આવ્યું એ પણ હવે કહી ન શકાય. શાશ્વત ને સનાતન ને [illegible] ('કુમાર' અંક ૬૨૬) અફર ને કાયમી તો ઘણું હતું—તે હવે રહ્યું જ નથી. સાપેક્ષતા ને સંદિગ્ધતા ને અસ્થિરતા. ને એ પરિસ્થિતિ ઘણાને સાલે છે.

મારી સામે આ એક યુવાન માણસ બેઠો છે. લાંબી મસલત ચાલે છે. એક યુવતીની સાથે એનો દિલનો સંબંધ બંધાયો છે. હવે લગ્નનો સંબંધ બાંધવો છે. પણ જ્ઞાતિ જુદી અને પ્રાંત જુદો. માબાપની અરુચિ છે અને સમાજનો વિરોધ છે. તો યે બીજી બધી રીતે બંનેની લાયકાત છે; અને દિલનો આગ્રહ તો છે જ. હવે એ શું કરે? અને હું એને શું કહું?

પચાસ વર્ષ પહેલાં આ પ્રશ્ન તો થયો જ ન હોત. અને જો પ્રશ્ન થયો હોત તો એનો જવાબ પણ તરત મળત : એ લગ્ન ન કરી શકાય. જ્ઞાતિની બહાર અને પ્રાંતની બહાર, અને માબાપની આજ્ઞા વિરુદ્ધ અને સમાજના નિયમની સામે તો લગ્ન ન કરાય. અને જો કોઈ કરે તો એ પાપ સમજીને કરે, નિયમનો ભંગ કરીને કરે, ધર્મનો દ્રોહ કરીને કરે. એ સ્પષ્ટ હતું અને બધા એ જાણતા હતા—અને કોઈ યુવક યુવતી એવું કરે તો તે પોતે પણ એ જાણતાં હતાં. નિયમ ચોખ્ખો હતો, અને એનું ઉલ્લંઘન પાપ હતું. જવાબ ગમે કે ન ગમે, એ પ્રમાણે કરાય કે ન કરાય, પણ વાત તો સ્પષ્ટ હતી અને નક્કી હતી. આ સાચું અને આ ખોટું. પૂછવાની જ જરૂર ન હતી, કારણ કે પૂછનાર પોતે જવાબ પહેલેથી જ જાણતો હતો.

પણ હવે આ યુવાન માણસને પૂછવાની જરૂર છે, કારણ કે એ જવાબ જાણતો નથી. ખરું કહીએ તો જવાબ આપનાર પણ જવાબ જાણતો નથી. આ લગ્ન થાય કે ન થાય? માબાપનું માનવાનું કે હૃદયનું માનવાનું? ખાલી માબાપની આજ્ઞા છે અને સમાજની રૂઢિ છે એટલે તેઓ કહે એ પ્રમાણે તમારે કરવું જોઈએ, એમ તો ન કહેવાય. તેમ, હા હા, હવે બધું ચાલે, ગમે તેની સાથે અને ગમે તેવી રીતે લગ્ન કરી નાખો, એમ પણ ન કહેવાય. એટલે કે હવે આ યુવાન માણસની સાથે ઠીક સમય સુધી બેસવું જોઈએ, વિગતે વાત કરવી જોઈએ, બધા સંજોગો જાણી લેવા જોઈએ, ને પછી બધું તોળીને, વિવેક વાપરીને, જોખમ લઈને, કદાચ સમાજનો રોષ વહોરીને ને મા-બાપને નારાજ કરીને, ને કદાચ બીજી તરફનો જવાબ હોય તો એ યુવાન માણસને દુઃખ આપીને ને યુવાન પેઢીનો વિરોધ જગાવીને છેલ્લે એક નિર્ણય લેવો જોઈએ, જણાવવો જોઈએ, સમજાવવો જોઇએ. અને કદાચ બીજો યુવાન માણસ એવો જ પ્રશ્ન લઈને આવશે ત્યારે બધું તપાસ્યા પછી એને બીજો જવાબ આપવો પડશે. હવે એક જ જવાબ નથી. એક જ નિયમ નથી. જડ અભ્યાસક્રમ નથી. સ્થિર નીતિ નથી.

સ્થિરતાનો અંત આવી ગયો. હવે પ્રસંગ જોઈને જ જવાબ આપવાનો રહ્યો. એટલે કે માણસને જોઈને જવાબ આપવાનો રહ્યો. આ યુવાન માણસને કહેવાનું હશે કે, હા, જરૂર એ છોકરીની સાથે લગ્ન કરી શકો; અને બીજા યુવાન માણસને એનો સરખો પ્રશ્ન પણ જુદા સંજોગો જોઈને કહેવાનું હશે કે, ના, એ છોકરીની સાથે તમારે લગ્ન ન કરવું જોઈએ. જેવો પ્રસંગ તેવો જવાબ. જેવો માણસ તેવી સલાહ. પણ શું, એ પ્રગતિ નથી? ફાયદો નથી? આનંદની વાત નથી? હા, માણસને જોઈને અને બધી વિગતો તપાસીને જવાબ અપાય, અને જુદા માણસ માટે જુદો જવાબ અપાય એ જ યોગ્ય છે. એમાં ખરો વિવેક અને ન્યાય અને વ્યક્તિનું માન છે. ભલે થોડી વધારે મહેનત પડે અને વિચાર કરવો પડે અને જવાબદારી લેવી પડે. પણ ખરી રીત આ છે. ખરી નીતિ આ છે. વ્યક્તિને જોઈને ફેંસલો આપવાનો. છોકરાને બેસાડીને નિર્ણય કરવાનો. જૂની રીત તો યોગ્ય નહોતી. બધાને માટે એક જાડો, મોટો, આંધળો, સર્વસામાન્ય નિયમ તો બરાબર નહોતો. કહેવામાં તો સગવડ હતી. આમ જ કરવાનું, ને બીજો રસ્તો નથી. વડીલનું કામ સરળ બનતું: આ જાતનું લગ્ન ન થાય તે ન જ થાય. પણ બધાને એ જ નિયમ લાગુ પાડવામાં અન્યાય હતો. સ્થિરતામાં જડતા હતી.

નવી નીતિ વ્યક્તિગત છે. માણસ-માણસની છે. પ્રસંગ-પ્રસંગની છે. વિચાર માગી લે છે, જોખમ લાવે છે, સાહસ નોતરે છે. પણ વ્યક્તિની સ્વતંત્રતા સાચવે છે, માન રાખે છે, નવી તક આપે છે.

સ્થિરતાનો અંત આવી ગયો છે. આવવો જ જોઈતો હતો. હવે અસ્થિરતાનું રાજ છે. પણ એનાં પણ સાચાં મૂલ્યો છે. એ ઓળખીને એનો લાભ લઈએ. □



નવજીવન પ્રેસ ચલાવતા હતા ત્યારે

સ્વામી આનંદ

રવિશંકર રાવળ
જુગતરામ દવે અને
કાકાસાહેબ કાલેલકર
નાં સંસ્મરણોનું
સંકલન

ઈ. ૧૯૧૯ની આખરમાં અમદાવાદ આવીને સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયમાં કામ કરતા દરમિયાન શ્રી રવિશંકર રાવળ સાથેનો મારો પરિચય ૧૯૨૦ થી ગાઢ થતો ચાલ્યો, એ ગાળામાં એમને ત્યાં, ખાદીનાં ધોતી-કુરતું પહેરેલા છતાં 'સ્વામી' નામે ઓળખાતા એક તેજસ્વી પુરુષનો પરિચય થયો. એ એમના થોડા દૂરના સગપણના હોવા ઉપરાંત સમવયસ્ક મિત્ર હોઈ બહુ નિકટથી વાતો કરતા. કુમાર વયથી ઘર ત્યજીને ત્રીસી વટાવતાં સુધીમાં તો સાદા તેમજ સાધુ વેશે છેક હિમાલયની પાર કૈલાસ-માનસરોવર સુધીનું ભારતભ્રમણ કરી, અંગ્રેજી-મરાઠી-હિંદી-બંગાળી ભાષાઓના વાચન ને વ્યવહારથી મૂળ જેવું પ્રભુત્વ મેળવી, સમાજ અને દેશ-સેવાનાં વિવિધ ક્ષેત્રોમાં નિઃસ્વાર્થ-નિર્વ્યાજ કાર્યો કરતાં કરતાં એ ત્યારે ગાંધીજીએ શરૂ કરેલાં સાપ્તાહિકો 'નવજીવન' અને 'યંગ ઇંડિયા'નું સંચાલન સંભાળતા હતા. બ્રહ્મચર્યના ઓજસથી ઝગારા મારતા ગોરા વદનમાંથી તેજઝરતી આંખો માંડીને, ઉદ્રેકભર્યા હૃદયે થતી દેશ, સમાજ, સાહિત્ય આદિ વિવિધ ક્ષેત્રની વાતો અંગારાભરી એમની વાણીમાં સાંભળતાં ધરવ નહોતો થતો. એ પરિચયની આંગળીએ વળગીને પછી તો 'સસ્તું સાહિત્ય' સંસ્થાની કામગીરીમાંથી બચતો બધો વખત હું 'નવજીવન'ના તંત્રીખાતામાં પ્રૂફરીડિંગ વગેરેમાં સ્વયંસેવા ભાવે ગાળતો થયો અને એમના નિકટના પરિચયમાં આવવાનું સુભાગ્ય પ્રાપ્ત થયું. ગાંધીજીનાં પત્રોની જામતી આવતી લોકપ્રિયતાના એ કાળે અમદાવાદમાં પાનકોરના નાકે આવેલી સાંકડી ચૂડીઓળના—આજની બિસ્કિટ ગલીના—એક જૂના મકાનમાં રાત ને દિવસ સતત ધમધમાટ કરતાં મુદ્રણયંત્રો વચ્ચે એમને સળંગ બેઠકે ચોવીસ-છત્રીસ કલાકની અખંડ ધૂણી ધખાવીને બેઠેલા કામ કરતા જોવામાંથી—અને એમના સહવાસમાંથી જીવનભર ચાલે એટલું પ્રેરણાભાથું બાંધ્યું છે. ગઈ ૨૫મી જાન્યુઆરીએ ૮૯ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી અવસાન થતાં એ દેહનો તો વિલય થયો છે પણ એમણે પ્રસારેલી ચેતના હજી ચાલુ છે.

એક સંસારત્યાગીના નાતે એમનું પૂર્વજીવન સ્વાભાવિકરીતે જ જાહેરથી ગોપિત રહ્યું છે. (એમણે 'જીવનજાત્રા' નામની પોતાની આત્મકથા લખી રાખી છે એની જાણ થતાં 'કુમાર' માટે મેં કરેલી એની માગણી એમણે ખૂબીથી નકારી હતી.) સૌરાષ્ટ્રમાં ઝાલાવાડમાં આવેલા શિયાણી ગામના ઔદીચ્ય બ્રાહ્મણ કુટુંબમાં ઈ. ૧૮૮૭માં શ્રી રામચંદ્ર દવે-દ્વિવેદી-ને ત્યાં એમનો જન્મ, ને ત્યારનું એમનું નામ હિંમતલાલ. એટલી ભૂમિકા સાથે આ નીચે એમના ત્રણ નિકટના પરિચિતોએ જુદેજુદે સમયે લખેલાં સંસ્મરણોને સાંકળીને, આ સદીના ત્રીજા દસકા સુધીની એમના જીવનની કાંઈક ઊડતી ઝાંખી કરાવી એમનું તર્પણ કરું છું. —બ. રા.

૧ રવિશંકર રાવળનાં સ્મરણો


મારા પિતા મહાશંકરરાવળના મશિયાઈભાઈ કાનજીભાઈ આચાર્યનાં માતાપિતા નાની વયે ગુજરી ગયાં હોઈ કેટલાંક વર્ષો તે અમારે ઘેર મારાં દાદીમા પાસે ઊછરેલા. મારા પિતાથી તે મોટા હોવાથી અમે તેમને કાનજીદાદા કહેતા. પોતાની બુદ્ધિ ને ડહાપણથી મોટી વયે તે બહુ આગળ વધીને કાઠી દરબારોના કારભારી અને જાણીતા મુત્સદ્દીઓમાંના એક થયા. પોતાની સમજાવટશક્તિથી ઘણા કાઠી દરબારોનાં વેરઝેર પતાવી સાથે બેસીને જમતા કર્યા હતા. ખુદ પોલિટિકલ એજન્ટ ન કરી શકે તેવાં કામો તેઓ પોતાની મુત્સદ્દીગીરીથી કરી શકતા હોવાથી સરકારમાં પણ ઘણું માન હતું. આથી તેમનાં અગાઉનાં ત્રણ પત્ની ગુજરી ગયાં પછી, જ્યાં તે કારભારી હતા એ ગામના મહેતાજી રામચંદ્ર દવેનાં પુત્રી જડીબા સાથે તેમનું લગ્ન થયું. આવા હોદ્દાવાળા માણસને ત્યાં ખાનદાન ઘરનો સંબંધ થાય તે એ કાળે બહુ પ્રશંસનીય કહેવાતું.

એ જડીબાના ભાઈઓ પણ મોટાં શહેરોમાં સરકારી નોકરો હતા. તેમને ત્રણ ભાઈઓ હતા. મોટા ભાઈ જયાશંકર મુંબાઈ સરકારના ઓરીએન્ટલ ટ્રાન્સ્લેટરની ઑફિસમાંથી હિંદ સરકારના પોલિટિકલ ખાતામાં સેક્રેટરી થયા હતા અને સીમલા રહેતા હતા. બીજા ભાઈ પ્રભાશંકર અમદાવાદમાં મેડિકલ કૉલેજમાં હાઉસ સર્જન હતા. ત્રીજા ભાઈ હિંમતલાલ (આ લેખના મુખ્ય પાત્ર) માતાપિતા પાસે રહી અભ્યાસ કરતા.

ઈ. ૧૯૧૪ના ઉનાળામાં (મારી બાવીસ વર્ષની વયે) હું એ કાનજીદાદાને ત્યાં જડીબાથી થએલા તેમના પુત્રોના ઉપવીત પ્રસંગે તેમને વતન શિયાણી ગયો ત્યારે ત્યાં જયાશંકર તથા પ્રભાશંકર આ પ્રસંગે ખાસ આવ્યા હતા. જયાશંકરભાઇને તો અગાઉ એકવાર મુંબાઈમાં હું પીપળવાડીની ચાલમાં રહેતો ત્યાં મળેલો. હિંમતલાલને વિષે શિયાણીમાં જુવા-



સ્વામી આનંદના પિતા રામચન્દ્ર દવે (સ્કેચ: ર. મ. રા.)



સ્વામી આનંદ ઉત્તરાવસ્થામાં (ફોટો : આર. આર. ભારદ્વાજ)

નિયાઓના મંડળમાં જાતજાતની વાતો સાંભળી. માતાપિતાએ ગોઠવેલા લગ્નની બેડીમાંથી છટકી તે કિશોરવયે ઘર છોડીને નીકળી ગયા હતા. કોઈ કહેતું કે તે બંડખોર–ઍનાર્કિસ્ટ થઈ ગયા છે, કોઈ કહેતું કે સંન્યાસી થઈ ગયા છે, કોઈ કહેતું કે આટલાં વર્ષે તે હયાત ક્યાંથી હોય? પણ એ વખતે એમના વિષે વિગતે જાણવાની મેં દરકાર કરી ન હતી.

ત્યાર પછી એક વાર વીરમગામના મારા એક મિત્રે મને તેના કેટલાક પત્રો વંચાવ્યા. આટલા લાંબા પત્રો મેં કદી જોયા નહોતા. મને પોતાને લખવા તરફ બેહદ કંટાળો હતો, અને એક યુવાનને આવી વયોવૃદ્ધ જેવી ફિલસૂફી ડોળતો જોઇ મને આશ્ચર્ય થયું હતું. એ વખતે પણ તેને મારી સૃષ્ટિમાં સ્થાન મળ્યું નહિ.

ઈ. ૧૯૧૫ના ઉનાળામાં હું ભાવનગરમાં વૅકેશન ગાળતો હતો તે વખતે મારા મિત્ર પરમાનંદ કાપડિયાએ મને તેનો એક લાંબો ૪૮ પાનાંનો પત્ર વંચાવ્યો. એ પત્ર વાંચી મને પહેલી જ વાર તે લખનારના પ્રબળ આત્માનું ભાન થયું. તેણે સમાજને રૂઢિપરંપરાઓમાં ગોથાં ખાતો, સબડતો જોઈ લીધો હતો; યુવાનોના ઢંકા કૂપણ આદર્શો ઉપર તિરસ્કાર વરસાવ્યો હતો; વૃદ્ધો અને વિદ્વાનોનું ડરપોકપણું તથા સ્વાર્થ ઉઘાડાં પાડ્યાં હતાં; અને કોઈ યુવાન વિચારતાં પણ ડરે તેવા પ્રદેશમાં તેણે ઝંપલાવ્યું હતું. તે કોઈ કુટુંબનો કે પ્રાંતનો રહ્યો નહોતો. તેને તો સમસ્ત ભારતની સીમાને આવરી રહેલા કોઈ માનુપ્રાણની લગની લાગી હતી. 'મા' એ એક જ તેના હૃદયનો આર્તનાદ હતો. 'મા' આદેશ આપે તે જ કરવું એવું તેણે વ્રત લીધું હતું. શ્રીમાન મિત્રોનાં મિષ્ટાન્ન અને હિમાલયમાં મળી આવતો પહાડી રોટલો, બંને તેને મન સરખાં થઈ ગયાં હતાં. કમાણી કરવી, ઘર બાંધવું, સમાજના વ્યવહાર કરવા એ બધાં તેને મન અધ:પતનના માર્ગ લાગતા હતા. કોઈ પ્રખર તેજોમય ધ્યેય—હિમાલયનાં શુભ્ર શિખરો સમાન ઉજ્જ્વલ આદર્શો તેના ચિત્તમાં વ્યાપી રહ્યા હતા.

આ માણસ થોડા દિવસમાં ભાવનગર આવશે એમ પરમાનંદે કહ્યું એટલે મને તેને મળવાની તીવ્ર ઈચ્છા થઈ. હિમાલયમાં બે વર્ષ તપ કરી આવેલો, અમારી જ ઉમરનો આ તાજો યોગી જોવાની કોઈ અનેરી જિજ્ઞાસા જાગી. ઘરનો ત્યાગ કર્યે તો તેને વર્ષો વીતી ગયાં હતાં; પણ તેનો વચલો ઇતિહાસ મને કે પરમાનંદને પૂરો માલૂમ ન હતો.

એક દિવસે મને પરમાનંદની ચિઠ્ઠી મળી કે સ્વામી આવ્યા છે; બપોરે મળવા આવો. બપોરે હું ગયો ત્યારે પરમાનંદના પુસ્તકોના કબાટ આગળ ચોપડીઓ ફીંદતો એક યુવાન સાધુ મેં જોયો. કોઇને પણ ન લાગે કે તે ગુજરાતના બ્રાહ્મણ–વાણિયા વર્ગ પૈકીનો હશે. તેણે ફકીર જેવી લુંગી વીંટી હતી. સાદું બદીઅન પહેર્યું હતું. માથા અને દાઢી પર કેશ વધારેલા હતા. પારસી મૂછો નીચેથી વારંવાર હાસ્ય ભભકતું. આંખો રમતી જ રહેતી. મારી ઓળખાણ થયા બાદ તેણે કળાની બાબતમાં યે મારી સાથે ખૂબ વાતો કરી. તેણે બંગાળા પણ ખૂબ ખૂંદ્યું હતું. નંદલાલ બોઝ અને અસીત હલધર જોડે ગોઠિયાવ્યવહાર બાંધ્યો હતો. શાંતિનિકેતનમાં પણ તેનો ખૂબ વ્યવહાર જામેલો લાગ્યો. મુકુલ દે તો તેનો ખાસ દોસ્ત (રખડુ હોવાથી) થઈ ગયો હતો. તેની વાતમાં 'હિંદુસ્તાન હવે જાગ્યું છે; સુવાનું નથી. તમે માત્ર ભાવનગર જોઇને કશો ખયાલ બાંધશો નહિ. હું તમારી સાથે વાત કરું છું તે વખતે મારી નજર મદ્રાસ, બંગાળ, લાહોર, કાશી બધે પડે છે. બધે ઠેકાણે આદર્શશીલ પુરુષોને કામે લાગી ગએલા જોઉં છું. કોઈ જાગ્રત થએલો આત્મા હવે જંપી શકશે નહિ. તેણે ઘણામાં ઘણી ફરજ ઉઠાવી લેવી પડશે. માતા આદેશ આપતી જાય છે.'

મને તેની વાતોમાં બહુ રસ પડયો. તેના આવવાથી અમે નવું જ વાતાવરણ અનુભવી રહ્યા હતા. રાષ્ટ્રીય વિચારો કદી આવા પ્રબળ ધસારા સાથે અમારા મંડળમાં પ્રવેશ્યા નહોતા.

તેની વાતોનો અંત જ નહોતો. સાંજે તેણે જણાવ્યું કે ભાવનગરમાં તેને મળવા જવું જોઇએ તેવા એક



પુસ્તકોના કબાટ આગળ એક યુવાન સાધુને જોયો. (સ્મૃતિચિત્ર:ર. મ. રા.)

૧૮૮૭ : સૌરાષ્ટ્રમાં લીમડી પાસે શિયાણી ગામે ઔદીચ્ય બ્રાહ્મણ કુટુંબમાં જન્મ; નામ : હિંમતલાલ રામચન્દ્ર દ્વિવેદી.

૧૮૯૭ ? : ગૃહત્યાગ; સાધુઓમાં ઝડપાયા.

૧૯૦૧ થી ૧૯૦૫ : રામકૃષ્ણ મિશનના વિવિધ મઠોમાં અભ્યાસ અને ઘડતર.

૧૯૦૭ : બંગાળના ક્રાન્તિકારીઓમાં ભળી-ને સ્વાતંત્ર્ય-સંગ્રામમાં ભાગ. તેને અનુસંધાને મહારાષ્ટ્રના ક્રાંતિકારીઓના સંસર્ગમાં અને લોકમાન્ય તિલકના સંપર્કમાં. થોડો સમય તેમના 'કેસરી' પત્રમાં કામ. મહારાષ્ટ્રનાં ગામ-ગામડાંમાં સ્વરાજ્ય ચળવળ અંગે વ્યાખ્યાનો.

૧૯૦૯ : મુંબઈના મરાઠી દૈનિક 'રાષ્ટ્રમત'-ની ગુજરાતી આવૃત્તિનું સંપાદન; 'રાષ્ટ્રમત' બંધ પડતાં હિમાલયયાત્રા.

૧૯૧૨ : મિસિસ ઍની બેસંટની સ્થાપેલી પહાડી શાળામાં શિક્ષણકાર્ય.

૧૯૧૭ આસપાસ : ગાંધીજીના સંસર્ગમાં. તેમની અને લોકમાન્ય તિલક વચ્ચે મહાબળે-શ્વર નજીક મુલાકાત યોજવામાં કારણભૂત.

૧૯૧૯ થી ૧૯૨૨ : ગાંધીજીનાં પત્રો 'નવજીવન' અને 'યંગ ઇંડિયા'નું તંત્રસંચાલન.

૧૯૨૨ : 'યંગ ઇંડિયા'માં આવેલા લેખો અંગે મુદ્રક તરીકે જેલવાસ.

૧૯૨૮ : બારડોલી લડતમાં સરદાર પટેલના સેક્રેટરી તરીકે કામ.

૧૯૩૦ : વિલેપારલે (મુંબાઈ)ના કૂપનગર મીઠા સત્યાગ્રહમાં ભાગ લેવા માટે જેલવાસ.

૧૯૩૩ : જેલમાંથી છૂટીને મુંબાઈ પાસે થાણામાં આશ્રમ સ્થાપીને મહાદેવ દેસાઈના મોટા ભાઈ છોટુભાઈ દેસાઈ સાથે ત્યાંનાં આદિવાસીઓમાં સેવાકાર્ય. તે પછી ગો-સેવા સંઘ, અસ્પૃશ્યતાનિવારણ, હરિજન મંદિરપ્રવેશ, બિહાર ધરતીકંપ વગેરેમાં સેવાકાર્ય. બિહારમાં રાજેન્દ્રબાબુના સેક્રેટરી તરીકે.

૧૯૪૫ થી ૧૯૪૭ : દક્ષિણ ગુજરાતમાં બોરડી અને વાપીના આદિવાસીઓમાં સેવાકાર્ય.

૧૯૪૭ : ભારતના ભાગલા પડતાં સિયાલકોટ અને હરદ્વારનાં નિર્વાસિતોમાં સેવાકાર્ય. ત્યાર પછી હિમાલયમાં આલ્મોડા પાસે કોસાનીમાં આશ્રમ સ્થાપીને રહ્યા.

૧૯૫૦થી : દક્ષિણ ગુજરાતમાં દહાણુ પાસે કોસબાડમાં આશ્રમ સ્થાપીને વિવિધ પ્રકારનાં રચનાત્મક કાર્યોમાં પ્રવૃત્ત.

૧૯૭૬ જાન્યુઆરી ૨૫ : મુંબઈમાં હૃદયરોગના હુમલાથી ૮૯ વર્ષની વયે અવસાન.

મુરબ્બી રહે છે. તેનું નામ પૂછ્યું ત્યારે તે નામ મારા પિતાશ્રીનું જ હતું! તરત જ મને શિયાણીના પ્રસંગો યાદ આવી ગયા ને આ સ્વામીજીની અને મારી સંબંધપરંપરા લક્ષમાં આવી ગઇ. પણ એ તો મારું જ મમત્વ હતું. તેને વળી નિકટનું કોણ ને દૂરનું કોણ? છતાં તેણે અમારા માટે જે લાગણી બતાવી તેમાં તેનો જ વિનય હતો. તેણે કહ્યું કે 'હું સાધુ તરીકે તમારી વચ્ચે નથી રહેવા માગતો. તમે બધા મને તમારા જેવો જ ગણજો. હું પણ અનુભવાર્થી છું.'

આમ ભાવનગરમાં સ્વામી સાથે સંબંધ બંધાયા પછી ઘણો વખત તે અમારાથી દૂર રહ્યા. તે પછી ફરી હું મારા અભ્યાસને અંગે મુંબાઈ ગયો. હું પીપળવાડીમાં રહેતો ત્યાં મેં સ્વામીને એક દિવસ જોયા. મને જોઇને તેમણે બાહુ સ્નેહ બતાવ્યો. ભાવનગરના પ્રસંગો પછી તેમણે મને કદી વિસાર્યો નહોતો, અને મળ્યા વગર પણ મારા પર એક જાતનું લક્ષ્ય સાધ્યું હતું એમ મને પાછળથી જણાએલી વાતો ને પ્રસંગોથી સમજાયું. તેમની ઓરડી પીપળવાડીમાં મારી ઓરડીને ઉપલે જ માળે હતી; જોકે સ્વામી તેનો લાભ થોડો જ લેતા. ભાઈ જુગતરામ દવે પણ મને સ્વામી સાથે પહેલા ત્યાં જ મળ્યા. કાચી વયના એક અલડ કાઠિયાવાડી છોકરામાંથી આજના ભદ્ર, વિચારશીલ અને ચુસ્ત રાષ્ટ્રભક્ત ઘટવાને તે વખતે સ્વામી પોતાના બધા સંસ્કાર જુગતરામભાઈમાં રોપી રહ્યા હતા. તેનું સંપૂર્ણ સર્જન થતાં તે ગુજરાતની સેવામાં સમર્પાયું છે તે આજે સૌને વિદિત છે. એનો બધો યશ સ્વામીને જ ઘટે છે.

સ્વામી પોતાના મજલા ઉપર જતાં કે ઊતરતાં મારી ઓરડીમાં ડોકિયું કરતા જ, અને ઘણી વાર મારા ટેબલ પર અઢેલી પ્રેરક વાર્તાલાપ ચલાવતા. અત્યાર સુધી રાષ્ટ્રીય ભાવનાઓ પર મેં ધ્યાન જ આપ્યું નહોતું. સ્વામીને મોંએ વિવેકાનંદ, નિવેદિતા ને કુમારસ્વામીના આદર્શો એટલી બધી વાર હું સાંભળતો કે મને તે માટે રુચિ પ્રકટી. સ્વામીએ તે જાતનું સાહિત્ય પૂરુ પાડવા માંડયું અને મેં તે વાંચવા માંડયું. બંગાળી સાહિત્ય અને કવિતાઓ પણ સ્વામી વારંવાર સંભળાવતા. તે વેળા સ્વામી પ્રો. ટી. કે. ગજ્જરના સેક્રેટરી હતા, એટલે કોઈ કોઈ વાર તે મહાન વ્યક્તિની મહાન વિચિત્રતાઓ પણ કહીને હસાવતા. સ્વામીને નિર્દોષ તોફાનભરી હસવાની વાતો બહુ જ ગમતી.

પીપળવાડીમાંથી મારો અને સ્વામીનો ઉચ્ચતર સંબંધ થયો એમ હું માનું છું, કેમકે તે વખતે તેમણે મારા મન પર પાડેલી છાપથી હું મારા જીવનની ઘણી રેખાઓ નક્કી કરી શક્યો. National Artist (રાષ્ટ્રીય કલાકાર) થવાની ઉમેદ તેમણે જ મારામાં રોપી. થોડા વખત પછી સ્વામીએ પ્રો. ગજ્જરને છોડયા અને કોઈ શેઠિયાને ત્યાં શિક્ષક થયા. પછી કોઈ મરાઠી પત્રના રિપોર્ટર બન્યા. એ વાતોની વિગતો હું આપી શકીશ નહિ, કારણ કે અમને બધાને એમ લાગતું હતું કે સ્વામી તેમના આદર્શોથી દૂર જાય છે. હવે તો તે અમારા જેવી જિંદગી માંડે ને ગૃહસ્થ થઈ જાય એમ પણ કેટલાક મિત્રોએ સલાહ આપેલી! પાછળથી એ ભ્રમ તૂટી ગયો. પણ સ્વામીને હું આપ્તજન તરીકે ચાહતો. મને તે પ્રીતિથી 'રવુભાઈ' કહેતા. એ સમયે તેમને રાષ્ટ્રીય વ્યક્તિ તરીકે ઓળખવા કઠણ હતા. હું તેમની પ્રવૃત્તિઓથી પૂરો વાકેફગાર નહોતો. તેમના મોટા મિત્રમંડળમાંથી બહુ થોડાને ઓળખતો.

ત્યાર પછી વળી પાછા ઘણા લાંબા વખત સુધી અમે એકબીજાથી છૂટા પડી ગયા. એક વાર હું બિચાર દિવસ માટે વડોદરા ગએલો, ત્યાં તેમને મારા ખબર મળતાં જ તે કાકાસાહેબને લઈને મારા મુકામે (શ્રી ગજાનન પાઠકને ઘેર) મળવા આવ્યા. કાકાસાહેબની સાથે પહેલું ઓળખાણ મને એ વેળા થયું. કાકાસાહેબે મારા પ્રતિ જે પ્રેમ દાખવ્યો તે પરથી મને લાગ્યું કે સ્વામીએ એમને મારે વિષે બહુબહુ વાતો કરી હશે.

વળી પાછો થોડો સમય વીતી ગયો ને તે પછી અમે મળ્યા ત્યારે સ્વામી સત્યાગ્રહાશ્રમમાં આવીને વસ્યા હતા. કાકાસાહેબ પણ ત્યાં આવી ગયા હતા અને અધ્યાપનનું મૂગું અને સંગીન કામ કરતા હતા. નવજીવન પ્રેસનો કારભાર સ્વામીએ હાથમાં લીધો ત્યારથી જ એ પ્રેસનાં મંગળ મંડાયાં હતાં. પત્રકારત્વનો તેજોમય આદર્શ સ્વામીએ બંગાળ-મહારાષ્ટ્રમાંથી અને દેશપરદેશના સુપ્રસિદ્ધ ગ્રંથોમાંથી ખૂબ પીધો હતો. તે ગુજરાતમાં એમણે નવજીવન દ્વારા પહેલવહેલો ઝળકાવ્યો.

આપણે માનીએ છીએ કે એક મહાન અવતારની સાથે તેનાં કામો ઉપાડવાને બીજી વિભૂતિઓ પણ ખાસ જન્મ લે છે. તે જ પ્રમાણે યુગમૂર્તિ ગાંધીજીનો દિગ્વિજય સાધવાને સ્વામી જેવા અનેક આત્માઓ કોણ જાણે ક્યાંથી કેન્દ્રમાં આવી પહોંચ્યા. છાપખાનાના આદર્શો, જનસમૂહના માનસનો પાકો પરિચય, અપાર વ્યવસ્થાશક્તિ ને અવિશ્રાંત બેઠકે કામ કરવાની તૈયારીથી 'નવજીવન' અને 'યંગ ઇંડિયા'ને સ્વામીએ પત્રકારત્વમાં સર્વોચ્ચ કોટિએ પહોંચાડયાં. નિયમિતપણે ને યોગ્ય સ્વરૂપમાં એ બહાર પડતાં ત્યારે એ વેળા કોને તેની પાછળ

રહેલી પ્રચંડ શક્તિનો ખયાલ આવી શક્યો હશે? છ-સાત હજારના નાના છાપખાનામાંથી નવજીવન મુદ્રણાલયને અમદાવાદનું એક આગેવાન છાપખાનું બનાવી સ્વામીએ નવજીવન પ્રેસ છોડયું ત્યારે તેની મિલકત લગભગ બે લાખ રૂપિયાની અંકાઈ હતી. છતાં સૌ જાણે છે કે સ્વામીએ પોતાના પગારની પાઈ સરખી યે તેમાંથી લીધી નહોતી.

સ્વામી તો સેવાને જ વરેલા. અમદાવાદ છોડી મુંબાઈ જઈ તેમણે ગોસેવાસંઘ ને અસ્પૃશ્યતાનિવારણનું કામ હાથ લીધું. રાજકીય બાબતોથી દૂર રહેતા છતાં બારડોલીની લડતના સમાધાન વખતે તે વલ્લભભાઈને જમણે પડખે જ હતા. અંત્યજોને માટે મંદિરપ્રવેશની ઝુંબેશ ચાલી ત્યારે પણ સ્વામીએ મુંબાઈ અને પૂના વચ્ચે દોડાદોડી કરી મૂકી હતી ને પંડિતો, વિદ્વાનો તથા શેઠિયાઓ પાસેથી પ્રવેશમતની સહીઓ લેવા માંડી હતી. સ્વામીનું નામ રાષ્ટ્રીય દળમાં એક ચમત્કાર દેખાતું. તેમની શક્તિ અને કાર્યદક્ષતા માટે સૌને અટલ શ્રદ્ધા અને માન હતાં.

મુંબાઈ ઉપનગર સત્યાગ્રહ શરૂ થયો એટલે સ્વામી તેમાં એક મહારથી બની ઘૂમવા લાગ્યા અને ઘણા વખત સુધી કોઈએ નહિ જાણેલી એવી પ્રભાવશાળી વાણીમાં સળગતાં ભાષણો વડે પ્રજાને ઉત્તેજી મૂકી. સરકાર એને કેમ છૂટા રાખી શકે? મીઠાના કાયદાભંગ તથા લોકોને ઉશ્કેરવાના, આ ગુના માટે સરકારે એમને એક વરસનો જેલવાસ આપ્યો.

(એ કાળે 'કુમાર'ના ૭૮મા અંકમાં લખેલાં સંસ્મરણો)

શ્રી જુગતરામ દવેને પોતાની તરુણ વયે સ્વામીનો જે પ્રથમ પરિચય થયો તે એમણે પોતાની 'આત્મકથા'માં આ પ્રમાણે વર્ણવ્યો છે:

૨ જુગતરામ દવેનાં સ્મરણો

'આ દિવસોમાં એક મારાથી સહેજ મોટી ઉંમરનો, ઝીણી ઝીણી દાઢીવાળો, પારદર્શક આંખોવાળો, હસમુખો, ગૌરવર્ણો અને ભગવાંધારી જુવાનિયો અમારી ચાલીમાં તેના મોટા ભાઈને ઘેર આવ્યો. અમે ચાલીના જુવાનિયાઓ તેના તરફ ખૂબ આકર્ષાયા, અને વખતોવખત તેને વીંટળાઈ તેની સ્ફૂર્તિદાયક વાતો સાંભળવા લાગ્યા. આ મોહક સાધુ, જે ચાલીમાં રહેતાં સંસારીઓમાં ખૂબ જ છૂટથી ભળતા હતા, તે હતા સ્વામી આનંદ. અમે ધીમે ધીમે જાણ્યું કે અમારી ચાલીના બીજા માળ પર શિયાણીના બ્રાહ્મણ ગૃહસ્થો હરિલાલ તથા જયાશંકર દ્વિવેદી રહેતા હતા તેમના એ નાના ભાઈ હતા. થોડાં વર્ષ પર તે આવી પડેલી લગ્નની તિથિ ચૂકવવા ઘેરથી નાસી છૂટયા હતા. સાધુસંતોનાં મંડળોમાં ફરતાં ફરતાં તે હિમાલયનાં પહાડી તીર્થસ્થાનોમાં ફરી વળ્યા હતા. તે દરમ્યાન જ્ઞાની અને યોગી સાધુઓના તેમ જ આધુનિક ભણેલા ગણેલા સાધુઓ અને યાત્રીઓના પણ સંસર્ગમાં આવ્યા હતા. અનુભવ થતો ગયો તેમ અમે જોયું કે તે દેશની અનેક ભાષાઓ બોલી શકતા હતા. જેવું શુદ્ધ ગુજરાતી તેવું જ મરાઠી પણ તે શુદ્ધ દક્ષિણી બ્રાહ્મણો જેવું જ અસ્ખલિત રીતે બોલી શકતા હતા. હિંદી પણ તેવું જ. બંગાળીની પણ તેમને તેટલી જ છૂટ હતી એમ અમે સાંભળ્યું. અમે ઓળખતા ગયા તેમ તેમ જાણ્યું કે તેમના પરિભ્રમણ દરમ્યાન તે દેશના જુદાજુદા ભાગોમાં નેતાઓ, સાધુઓ, ગૃહસ્થીઓ, સંસ્થાઓ, મઠો વગેરેમાં છૂટથી ભળ્યા હતા અને એકરસ થઈ ને રહ્યા હતા. ભાષાઓ એ તો એ ભળવાનું ઉપરનું ફળ જ હતું. ઊંડા પરિચયો, દિલોજાન મૈત્રીઓ, બાળકોનાં કિલ્લોલ, વૃદ્ધોના પ્રેમાશિષ એ બધાંનો તેમણે એ નાની ઉંમરમાં ભરપેટ લહાવો મેળવ્યો હતો. અમે જોયું કે તેમનો વાસ પોતાના ભાઈને ઘેર તો લટકસલામી પૂરતો જ હતો, પણ ખરો તો અમારી ચાલીનાં એક સુરતી બહેન—શ્રીમુખબહેન—ને ઘેર હતો. એ બે ધર્મનાં ભાઈબહેન થઈ ગયાં હતાં: ઘરનાં બાળકો સ્વામીને મામા કહેતાં, અને બહેન સ્વામીને તુંકારે બોલાવતાં. કયારેક અમે [illegible] ('કુમાર' અંક ૬૨૬)

સ્વામી સાથે ગિરગામ બૅક રોડ પરના તેમના એક મુકામે પણ જતા. એ દક્ષિણી પરિવારમાં જોયું તો સ્વામી એક ઘરના જ સભ્ય હતા. ઘરનાં ડોસાડોસી એમને તું-તાં કહેતાં, જુવાનિયાઓ હોંશેહોંશે એમનું કામ કરતા અને નાનાં બાળકો આવીઆવીને એમની ગોદમાં ભરાતાં. આવાં ઘરો ઉપરનો સ્વામીનો હમચો જેવોતેવો નહોતો. અમારા જેવા નવશિષ્યો અને નવપરિચિતો આખો દિવસ તેમની પાસે વીંટળાએલા રહેતા. ઘરની દીકરીઓ અને વહુઓ સ્વામીના એ મહેમાનોને હોંશથી નાસ્તાપાણી કરાવતી.

અમને એ જાણવા મળ્યું કે સ્વામી જેમ સાધુસંન્યાસીમાં ફર્યા છે તેમ સ્વરાજના તીખા તમતમા જહાલ નેતાઓ અને પત્રકારોમાં પણ એટલું જ ભળ્યા છે. તેમને ખુદ લોકમાન્ય તિલકની સાથે અને બીજા કેટલા યે મહારાષ્ટ્રી નેતાઓ સાથે પણ ઓળખાણ હતી. તિલક મહારાજ માંડલેની જેલમાંથી 'ગીતારહસ્ય અથવા કર્મયોગ' નામનો મોટો મરાઠી ગ્રંથ લખી લાવ્યા હતા. સ્વામીને તે એટલો ગમી ગયો હતો કે તેમણે તેનું ગુજરાતીમાં ભાષાંતર કરી નાખ્યું હતું, અને પોતાના તે હસ્તલિખિત લખાણમાંથી તે કોઈ કોઈ વાર અમને વાંચી સંભળાવતા.'

આ પ્રથમ પરિચય પછી શ્રી જુગતરામભાઈ સ્વામીના નિકટ પરિચયમાં આવ્યા અને થોડાં વર્ષો ગાંધીજીના આશ્રમમાં શિક્ષક થઈને રહ્યા. તે પછી સ્વામી ત્યાં કઈ રીતે આવ્યા અને શી કામગીરી બજાવી એનું બયાન હવે જોઈએ:

'આશ્રમમાં હવે ગાંધીજીનું કામ જામવા લાગ્યું હતું. તેમણે એક સાપ્તાહિક 'નવજીવન' કાઢવાનું ઠરાવ્યું. તેનો પહેલો અંક તા. ૭-૯-'૧૯ને દિવસે નીકળ્યો. તે માટે અમદાવાદમાં એક નાનું સરખું પ્રેસ રાખી લીધું અને આણંદલાલ ગાંધીને તેનો કારભાર સોંપ્યો. પણ આ કામ દિવસે દિવસે વધી રહ્યું હતું. પ્રેસના ચાલુ માણસો તેને પહોંચી વળતા નહોતા. ગાંધીજીને આ ભીડને વખતે સ્વામી આનંદ યાદ આવ્યા. તેમને ખબર હતી કે સ્વામીને છાપવા-છપાવવાના કામનો અનુભવ હતો. અને આ નવું કામ તે ખીલવી શકશે એવો તેમને વિશ્વાસ હતો. કાકાસાહેબ તથા દેશપાંડે સાહેબની બેવડી ભલામણ લગાવી ગાંધીજીએ એમને બોલાવી લીધા અને નવજીવન સાથે જોતરી દીધા. તે ૧૯૧૯ના અંતભાગમાં નવજીવનમાં આવ્યા હશે......

આ દિવસો ઈ. ૧૯૧૯-૨૦ના હતા, એટલે ગાંધીજી તરફથી સવિનયભંગની અને જાહેર હડતાળની અને ઉપવાસની હાકલો પડી રહી હતી. આથી નવજીવન પ્રેસમાં તેમના તરફથી રોજ હસ્તલિખિત લેખોનો ધોધ આવી રહ્યો હતો. 'નવજીવન'નાં ૮ પૃષ્ઠોને ઠેકાણે દરેક અંકમાં ૧૨ ને ૧૬ પૃષ્ઠો થવા લાગ્યાં હતાં. ચૂડી ઓળની સાંકડી ગલીમાં આવેલા, તેનાથી પણ સાંકડા નવજીવન પ્રેસમાં રાતદિવસ ધમાલ ચાલતી હતી. છાપેલાં પાનાંના ટાઈપ ધોવાઈને ઉકેલાય તે પહેલાં નવાં પૃષ્ઠો છાપવાની તાકીદ ઊભી થતી રહેતી. તેમાં ગાંધીજીનાં ઘણી વાર પેન્સિલથી લખેલાં પાનાં ઉકેલવાનો રસિક વ્યાયામ સ્વામી અને તેમના મદદનીશોને માટે સારો રસ પૂરો પાડતો હતો. મશીન ચલાવનારાઓ, કંપોઝીટરો, પ્રૂફવાળાઓ સૌને દિવસના ચોવીસ કલાક ટૂંકા પડતા હતા. ઉજાગરા ઉપર ઉજાગરા કરવામાં તેઓ એકબીજા સાથે હરીફાઈ કરતા હતા, પણ તે શક્તિમાં સ્વામી સૌને ચડી જતા હતા. ત્રણ રાત્રિઓ અખંડ જાગરણ કર્યા પછી ચોથી સવારે પણ પ્રૂફ વાંચી છાપવાનો ઑર્ડર આપવા તે તૈયાર હતા.'

તા. ૧૮મી માર્ચ ૧૯૨૨ના રોજ 'યંગ ઇન્ડિયા'માં ત્રણ ઉગ્ર લેખો લખવા માટે ગાંધીજીને છ વરસની જેલ થઈ તે સાથે પ્રકાશક તરીકે શ્રી શંકરલાલ બૅંકરને ને મુદ્રક તરીકે સ્વામી આનંદને દરેકને દોઢ દોઢ વરસ-

ની જેલ થએલી. એ સમયે કાકાસાહેબ કાલેલકરે 'નવજીવન'માં પોતાના એ 'વહાલા' મિત્ર વિષે પુષ્કળ માહિતી આપતો વિસ્તૃત લેખ લખ્યો :

૩ કાકાસાહેબ કાલેલકરનાં સ્મરણો

૧૯૦૯માં હું મુંબાઈમાં 'રાષ્ટ્રમત'ના તંત્રીમંડળમાં કામ કરતો હતો. 'રાષ્ટ્રમત' એ મુંબાઈમાં નીકળતું રાષ્ટ્રીય પક્ષનું એક દૈનિક પત્ર હતું. સુરતની કૉંગ્રેસ પછી રાષ્ટ્રીય વિચારોનો પ્રચાર કરવા 'રાષ્ટ્રમત' શરૂ થએલું. 'રાષ્ટ્રમત' પ્રેસ ગોઠવવાની તૈયારી ચાલતી હતી તે જ વખતે સરકારે લો૦ તિલક પર બંગાળની અરાજક હીલચાલ સાથે સહાનુભૂતિ બતાવવાના આરોપસર છ વરસની સજા કરી તેમને બ્રહ્મદેશમાં મોકલી દીધા. મહારાષ્ટ્રમાં રાષ્ટ્રીય હીલચાલ આ કારણથી અસ્તવ્યસ્ત થઈ ગઈ ને 'રાષ્ટ્રમતે' બગડેલું વાતાવરણ ઠેકાણે લાવવાનો પ્રયાસ શરૂ કર્યો.

'રાષ્ટ્રમત' લોકપ્રિય નીવડયું પણ ફતેહમંદ નીવડયું નહિ. તેના પર કરજનો ભારે બોજો આવી પડયો. બેલગામના શ્રી ગંગાધરરાવ દેશપાંડેએ છાપું પોતાના હાથમાં લીધું અને પગારદાર નોકરોને બદલે સ્વયંસેવકોની મારફત પત્ર ચલાવવાનું શરૂ કરી દીધું. વરાડ-નાગપુરથી માંડી કર્ણાટક સુધીના સ્વયંસેવકો કામ કરવા ભેગા થઈ ગયા હતા. બે વખત ખાય અને આખો દિવસ કામ કરે. બધા સરખી રીતે રહે એવી ત્યાંની વ્યવસ્થા હતી. ઘણા લોકો પાસે ખાનગી કપડાં પણ ન હતાં. જે ધોતિયું જેના હાથમાં આવે તે તે પહેરી લે અને બધાં ધોતિયાં એકસામટાં ધોઈ નાખવામાં આવે એવી ગોઠવણ હતી. જેને જે સૂઝે તે કામ તે કરે.

સૂરત કૉંગ્રેસના કજિયાને લીધે ગુજરાતમાં રાષ્ટ્રીય પક્ષ વિષે ગેરસમજ ખૂબ થઈ હતી. તે દૂર કરવા અમારી સંસ્થાએ ગુજરાતીમાં દૈનિક 'રાષ્ટ્રમત' શરૂ કર્યું. તે વખતે અમારી સંસ્થામાં એક પાણીદાર દૃષ્ટિવાળો જુવાન-અથવા બાળક કહું તો ચાલે-આવી ચડયો. આવ્યો કે તરત જ એણે બધા સાથે દોસ્તી બાંધી. સાંજે અગાસીમાં બેસી અમે તંત્રીપદને છાજે એ રીતે દુનિયાના એકેએક વિષય પર ચર્ચા કરતા, તેમાં આ છોકરો પણ છૂટથી ભાગ લેતો. એની આ ધૃષ્ટતા જોઈ મને મારા સ્વભાવ પ્રમાણે રીસ ચડતી જોઈતી હતી. પણ તે છોકરો એટલી નિર્વ્યાજ વૃત્તિથી બોલતો કે રીસને બદલે મને એને વિષે કૌતુક લાગ્યું. એ પોતાને સ્વામી આનંદાનંદને નામે ઓળખાવતો હતો. આ સ્વામીજી કયાંના છે, કયાંથી આવ્યા છે, એમની યોગ્યતા શી છે, એમાંનું હું કશું જાણતો નહોતો. એક દિવસ મેં આ બાળ સ્વામીજીને પૂછયું: 'સ્વામીજી, આપે ધાર્મિક ગ્રંથો તો ખૂબ વાંચ્યા હશે ?' સ્વામીજી ઉદ્દામ બેદરકારીથી બોલ્યા: 'હું એક સ્વદેશને ઓળખું છું. રાજકારણ એ જ મારો ધર્મ છે.' મેં કહ્યું: 'ત્યારે તમે સંન્યાસી શાના?' સ્વામીજી કહે: 'અમે તો એવા સંન્યાસી.' મેં કહ્યું: 'ધર્મથી આપ આટલા ભડકો છો શા માટે ? ધર્મ કંઈ રાજકારણની આડે નથી આવતો. ઊલટું રાજકારણમાં જે બળ જોઇએ છે તે ધર્મમાં જ મળી શકે છે.'

'એમ હોય તો ધર્મ સામે અમારો વાંધો નથી. પણ અત્યાર સુધી મેં ધર્મમાં એવું કશું જોયું નથી.'

'તમે ધર્મના જૂના ગ્રંથ જોયા હશે. તમે વિવેકાનંદ વાંચ્યો છે? વિવેકાનંદ વાંચો એટલે ધર્મ દ્વારા દેશભક્તિ કેવી સરસ કેળવાય છે એનો તમને ખયાલ આવશે.' આ બધું સંભાષણ શુદ્ધ મરાઠીમાં ચાલતું હતું; વચમાં કેટલાક અંગ્રેજી શબ્દો આવતા એટલું જ. આ બાલ સ્વામી મહારાષ્ટ્રી નથી એવી મને શંકા સરખી ન આવી. બીજે દિવસે ગંગાધરરાવે વિવેકાનંદના બધા ગ્રંથો મંગાવ્યા ને સ્વામી આનંદાનંદ ગુજરાતી દૈનિક રાષ્ટ્રમત ચલાવવા લાગ્યા. મહારાષ્ટ્રમાં નિરાશા તો છવાઈ હતી જ. રાષ્ટ્રના આગેવાન જેલમાં છે એ મહારાષ્ટ્રને સાલતું હતું. જુવાનિયાઓ બેફામ બન્યા હતા. ગંગાધરરાવ જેવા મોટેરા તેમની સાથે વાત કરવા જાય તો તેઓ વિવેક જાળવવા છતાં કહેતા: 'તમારી જોડે વાત જ શાને કરીએ? અમારા હૈયામાં શું છે તે તમે કેમ સમજી શકો ?' તે અરસામાં અમારા 'રાષ્ટ્રમતે'



ગંગાધરરાવ દેશપાંડે (સ્કેચ: ર. મ. રા.)

રાષ્ટ્રીય હીલચાલનું ધાર્મિક અને કાયદેસર સ્વરૂપ જાળવવાનો ખૂબ પ્રયત્ન કર્યો હતો, છતાં વાતાવરણ એવું ને એવું જ રહ્યું. નાશિકમાં જૅકસન કલેક્ટરનું ખૂન થયું. વેરની દમનનીતિ ચોમેર અખત્યાર કરવામાં આવી અને 'રાષ્ટ્રમત' બંધ પડયું. મેં મુંબાઈ છોડયું અને થોડીક યાત્રા કરી મારું પ્રિય અધ્યાપનનું કામ કરવા લાગ્યો. સ્વામીને તો હું ભૂલી જ ગયો. પણ સ્વામી મને ભૂલ્યા ન હતા. એક દિવસ અકસ્માત મારે ત્યાં આવ્યા અને અમે થોડા દિવસ આનંદમાં રહ્યા. એ અરસામાં સ્વામીએ ધાર્મિક સાહિત્ય ખૂબ વાંચ્યું. એક સંસ્કૃત વ્યાકરણનું ગુજરાતી બનાવ્યું, સ્વામી રામતીર્થના કેટલાક લેખોનું ભાષાંતર કર્યું.

'રાષ્ટ્રમત'માં આવ્યા તે પહેલાં સ્વામીજી શું કરતા તેની હવે કેટલાક મિત્રો પાસેથી વિગત મળી ગઈ. તે ઉપરથી મેં જાણ્યું કે સ્વામી આનંદાનંદ એ મૂળ કાઠિયાવાડના. બાળપણમાં મુંબાઈમાં જ રહેલા. નિશાળની અને તેમની ઓળખાણ બહુ જૂજ હતી. પછી બે વચ્ચે સ્નેહ તો શાનો હોય? નાનપણમાં માબાપે દીકરાને પરણાવવાનો વિચાર કર્યો. દીકરાના મનમાં વસી ગયું હતું કે પરણવામાં શ્રેય નથી. ત્યાર પછી ઝાઝા દિવસ સુધી ઘેર રહેવું અશકય હતું. તેઓ યાત્રાએ નીકળ્યા. સંન્યાસની દીક્ષા લીધી અને લો૦ તિલકના દોરામાં ભળી વરાડમાં ગયા. ત્યાં ત્યાંના અવિશ્રાંત કાર્યકર્તા વીર વામનરાવના કુટુંબમાં ભળી ગયા. મોટીમોટી સભાઓમાં દસદસ વીસવીસ હજાર લોકોની સભાઓમાં વ્યાખ્યાનો દેવા લાગ્યા. 'તરુણ હિંદ' નામનું એક મરાઠી છાપું તેમણે શરૂ કર્યું. તેને અંગે યા બીજા કાંઈ કારણસર પોલીસે તેમને પકડયા અને પૂર્વાશ્રમનું નામ ન કહેવા માટે જેલમાં બેસાડી મૂકયા. વરાડ પ્રાંતમાં એવું એક પણ ગામડું નહિ હોય કે જ્યાં સ્વામીની વીર હાકલ ન પહોંચી હોય. થોડા જ દિવસમાં 'સો સભાનો વીર' એવું નામ તેમને મળ્યું. 'તરુણ હિંદ'માં બહુ સારા લેખો આવતા. તેનો અંદર દાવપેચવાળું રાજકારણ નહોતું; રાષ્ટ્રીય પક્ષનાં સીધાં અને તેજસ્વી તત્ત્વો જ. લેખનશૈલીમાં અપરિપકવતા જરૂર જણાતી, છતાં કલકત્તાના 'વંદેમાતરમ્'ની છાપ તેમાં સહેજે દેખાઈ આવતી.

લઘુકથા

દ્વિધા

અશ્વિન મ. વસાવડા

આજે એક નાની વાતમાં પડોશના ભૂલાભાઈ ગુસ્સામાં ને ગુસ્સામાં ન બોલવાનું કેટલું ય બોલી ગયા. પોતાનો વાંક નો'તો જ છતાં આકાશે માફી માગી : 'તમને ખોટું લાગી ગયું, પણ એમાં મારો ઈરાદો એવો નો' તો !' છતાં ભૂલાભાઈએ તો બોલ્યા જ કર્યું. વધુ કંઈ બોલ્યા વિના આકાશ ઘરમાં ચાલ્યો આવ્યો.

ઘરમાં આવતાં જ અવનીએ ગુસ્સો ઠાલવ્યો : 'મારે રોજની તમારી સામે આ જ ફરિયાદ છે. જેનુંતેનું આમ મૂગા રહીને સાંભળી શું લ્યો છો ? ગઈ કાલે રાવળસાહેબ પાસે આપણે આપણા રૂપિયા માગ્યા તો જાણે આપણે તેની પાસેથી ઉધાર લીધા હોય તેમ બોલવા લાગ્યા. હું વચ્ચે બોલી તો તેની હાજરીમાં તમે મને ટોકી. આજે આ ભૂલોભાઈ ગમેતેમ બોલી ગયો, તો પણ તમે જાણે છોકરું હો તેમ સાંભળી લીધું. આવો સ્વભાવ મને ન ગમે.'

'ઠીક; ચાલ હવે, જમવાનું થઈ ગયું છે કે નહિ તે વાત કર.'

'ના, એમ વાતને ઉડાવો નહિ. હું સાચું કહું છું, કે જેવા સાથે તેવા થવાનો આ જમાનો છે. એવા માણસો સાથે વળી નમ્રતા શી રાખવી ?'

'જેમ બીજા ગુસ્સે થાય છે ત્યારે સાંભળી લઉં છું તેમ મેં તને સાંભળી. હવે તું મને સાંભળ. એમાં વાત એમ છે, કે આવા સમયે હું દ્વિધામાં પડી જાઉં છું. પહેલાં થાય છે કે જેવા સાથે તેવો થઈ જાઉં;—પણ પછી એ વિચાર જોર કરી જાય છે કે ના, આપણે આપણાપણાનો લોપ શા માટે થવા દેવો ?'

આકાશના હસતા ચહેરામાં અવનીનો ગુસ્સો ખોવાઈ ગયો. થોડી ક્ષણો પછી હસીને બોલી : 'હું પણ તમારા કહેવાથી દ્વિધામાં પડી ગઈ છું.'

મેં ઉપર કહ્યું તેમ 'રાષ્ટ્રમત' બંધ પડયા પછી સ્વામીએ થોડો વખત રાષ્ટ્રીય અને ધાર્મિક સાહિત્ય વાંચવામાં ગાળ્યો. ગુજરાતી સાહિત્ય તો તેમણે નાનપણમાં જ પૂરું કર્યું હતું. સરસ્વતીચંદ્ર અને કલાપી એ તો તે જમાનાના ગુજરાતના નવયુવકોમાં મહાભારત ને ભગવદ્‌ગીતા સમાન હતાં. સ્વામી મને કલાપીનાં કેટલાં યે સરસ સરસ કાવ્યો વાંચી સંભળાવતા. મૂળદાસની વાર્તા અને વ્હાલી બાબાંનું કરેલું સાંત્વન, ઘાયલ પંખીને ઉદ્દેશીને લખેલી કવિતા અને વૃદ્ધ ટેલિયાનું શબ્દચિત્ર એમની પાસે હું સાંભળતો. ગુજરાતી ભાષા મને આવડે નહિ, પણ કલાપીના કરુણરસપૂર્ણ વિચારોથી હું વાકેફ થયો. અશ્રુ, મૃત્યુ ને રુદનથી ભરપૂર એ સાહિત્ય તરફ આ જુવાન અને હિંમતવાન સ્વામીનું મન કેમ આકર્ષાયું એનું મને આશ્ચર્ય થતું. સરસ્વતીચંદ્ર અને કલાપીની અભિરુચિ વિદગ્ધ અને સંસ્કારી છે એમાં શક નથી, પણ બંનેમાં હૃદયદૌર્બલ્ય પૂરેપૂરું છે; અને યુવાવસ્થામાં એવા સાહિત્યના પાનથી એક જાતની ક્ષીણવીર્ય ઉન્મત્તતા આવી જાય છે એમ હું માનતો. પણ સ્વામી ઉપર તેવી અસર મેં જોઈ નહિ. મને લાગે છે કે એનું કારણ એ જ હશે કે જેટલા રસથી તેમણે કલાપી ને સરસ્વતીચંદ્રનું અધ્યયન કર્યું હતું તેટલા જ રસપૂર્વક કાઠિયાવાડનું પ્રાણવાન લોકસાહિત્ય તેમણે સાંભળ્યું હતું. એવી ભૂમિકા ઉપર રાષ્ટ્રીય પક્ષના વિચારોનું વાવેતર સરસ થવું જ જોઇએ.

મહારાષ્ટ્રમાં આવ્યા પછી સ્વામીએ મરાઠી સાહિત્ય પર હુમલો શરૂ કર્યો. 'કેસરી'નાં લખાણો ને પરાંજપેનાં વાગ્બાણ, સાવરકરના તેજાબ જેવા લેખ ને પાંગારકરનાં ભક્તિરસપૂર્ણ પ્રવચનો, આપટેની નવલકથાઓ અને તિલકની કવિતા દરેક વસ્તુ સાથે એમનો સારો પરિચય થયો.

નાનપણથી જ સેવાવૃત્તિની મોહિની એમની પાસે હોવાથી તેઓ આત્મોન્નતિના અનેક પ્રસંગો સહેજે મેળવતા, ને દરેક પ્રસંગનો પૂરેપૂરો લાભ મેળવવાની આવડત તેમનામાં હતી. બીજાનું દુઃખ જોઈ જેનું હૃદય સહેજે પીગળી જાય છે તેના જીવનમાં બહુ જલદીથી ક્રાંતિ થઈ જાય છે. રાજકારણનું રૂપાંતર ધાર્મિકતામાં થયું અને મિત્રપ્રેમનો વિકાસ થઈ તેનું રૂપાંતર ગરીબોની દાઝમાં થઈ ગયું.

સ્વામીને લાગ્યું કે આપણે કંઈ પણ ધાર્મિક સાધના કરવી જોઈએ. તેઓ હિમાલયમાં ગયા અને ત્યાં ગાયત્રીનું પુરશ્ચરણ શરૂ કર્યું. સ્વામી વિવેકાનંદના માયાવતી મઠનું દર્શન કરી તેઓ સ્ફૂર્તિ નામના એક ગામડામાં કેટલાક દિવસ રહ્યા. પણ પછી ત્યાંથી ઊઠીને આલ્મોડામાં આવ્યા. પુરશ્ચરણ દરમિયાન માનસ સરોવર ને કૈલાસનાં દર્શન કરવાનો સંકલ્પ તેમણે મનમાં બાંધ્યો. આમ નિવૃત્તિમાર્ગ તો સ્વીકાર્યો, પણ પ્રવૃત્તિની કંબલ બાબાકો છોડે તેવી નહોતી. આલ્મોડામાં 'હિલ બૉયઝ સ્કૂલ' કરીને એક નિશાળ હતી, તેમાં ભણાવવાનું કામ કરવાનું સ્વામીને સૂઝયું અને ઘણા પહાડી વિદ્યાર્થીઓ તેમની આસપાસ વીંટળાઈ વળ્યા. હિમાલયમાં બેઠાંબેઠાં તેમણે ધાર્મિક સાહિત્યનું અધ્યયન સારી રીતે ચલાવ્યું હતું. ગીતા અને ઉપનિષદ્‌નો થોડો થોડો આસ્વાદ લેતાં બંકિમચંદ્રના 'ધર્મતત્ત્વ'માં અવગાહન કરતાં, એમર્સન અને વૉલ્ટ વ્હિટમન સાથે પરિચય કરતાં તેમનો વખત જતો. બિપિનચંદ્ર પાલ ને અરવિંદ ઘોષ, લાજપતરાય ને હરદયાળ વગેરેના સિદ્ધાંતોનું તેમણે ધ્યાનપૂર્વક અધ્યયન કર્યું, કુમારસ્વામી અને ભગિની નિવેદિતાના ઉચ્ચ સંસ્કારવાળા સાહિત્યનું મનન કર્યું, વિવેકાનંદ ને રામતીર્થનું અનેક વાર પારાયણ કર્યું, મૅક્સ મૂલર ને ડૉયસન શું કહે છે તે જાણી લીધું, બંગાળી અને હિંદી સાહિત્ય સાથે થોડોથોડો પરિચય કર્યો અને પુરશ્ચરણ પૂરું કરી યાત્રા આરંભી.

હિમાલયની પોતાની યાત્રાનું વર્ણન તેમણે 'લોકશિક્ષણ' નામના મરાઠી માસિકમાં કંઈક અંશે આપેલું છે. મરાઠી ભાષા પરનું તેમનું પ્રભુત્વ જોઈ મોટા સાક્ષરો પણ વિસ્મિત થતા. ઉત્તરાખંડની યાત્રા પૂરી કરી તેઓ કૈલાસ માનસસરોવર તરફ ગયા. કૈલાસ તરફ જવાના બે ત્રણ રસ્તાઓ છે, પણ આપણા સ્વામીને સહેલો રસ્તો તો કોઈ કાળે સૂઝે જ નહિ. તેમણે જતી વખતે અઘરામાં અઘરો રસ્તો—ઊંટધુરાની ઘાટીનો—પસંદ કર્યો. આ મુસાફરીમાં તેમણે રોજના ૪૦–૪૪ માઈલ પ્રવાસ કર્યો. છેલ્લા બે દિવસ તો કશું ખાવાનું પણ ન મળે, છતાં તેમણે નિર્વિઘ્નપણે કૈલાસની પ્રદક્ષિણા કરી માનસસરોવરનું સ્નાન-પાન પણ કર્યું, નેપાળ તરફના ખોજરનાથનાં દર્શન કર્યાં અને લેપુ ઘાટીને રસ્તે પાછા આવ્યા. આવીને થોડો આરામ લીધો અને પછી નેપાળની યાત્રાએ નીકળ્યા.

નેપાળની યાત્રામાં અમારી સાથે બ્રહ્મચારી યોગાનંદ અને પ્રો૰ કૃપાલાની પણ હતા. નેપાળમાં ગુરખા લોકોનું જીવન અને નેપાળી સ્થાપત્ય અધ્યયન કરવા લાયક છે. નેપાળથી પાછા આવી એમણે કાશ્મીરની યાત્રા કરી. ફક્ત એક લંગોટી પહેરી અમરનાથ સુધી જઈ આવ્યા. કાશીમાં પણ ધર્મ અને ઇતિહાસનું થોડુંઘણું અધ્યયન કર્યું અને પાછા ગુજરાત–મહારાષ્ટ્રમાં કામ કરવા આવી ગયા.

હિમાલયમાંથી પાછા આવ્યા ત્યારે સ્વામી એક જુદા જ માણસ બન્યા. તેમણે જોઈ લીધું કે માણસમાં સાધુતા હોય, છતાં સાધુનો વેશ હોવો ન જોઇએ. માણસ અપરિગ્રહ વ્રતનું પાલન કરે, પણ ભિક્ષા માગતો–ઉપદેશ કરતો ન ફરે. દુનિયામાં રહે, છતાં નિઃસ્પૃહતા કેળવે. અમર્યાદ પ્રવૃત્તિમાં પડે, છતાં અનાસક્ત રહે. તો જ માણસ આજે દેશની કંઈક સેવા કરી શકે. લોકો આપણને સાધુ તરીકે ઓળખે એટલે આપણે મૂઆ પડયા. લોકો જોડે દુનિયાદારી માણસ જેવા જ રહીએ, તેમની જ ભાષા બોલીએ, તેમના જેવી જ પ્રવૃત્તિ આદરીએ, અને છતાં તેની અંદર મોહ-મમતા ન રાખીએ તો જ સંન્યાસીનું કર્તવ્ય પાર પાડયું ગણાય. સ્વામી-

એ પોતાની લાંબી જટા ને દાઢી ઉતરાવી નાખી, કફની ને દંડને રજા આપી ને મુંબાઈગરા જેવો સામાન્ય પોશાક ચડાવ્યો. જોકે આ બાબતમાં તે બહુ જ બેદરકાર હતા. મુંબાઈમાં રહી તેમણે સામાન્ય માણસ પૈસા કમાવાના જે સામાન્ય ઉદ્યોગો કરે છે તેવા ઉદ્યોગો કેટલાક દિવસ સુધી કર્યા. છાપાંઓના ખબરપત્રી, જુવાનિયાઓના ટ્યૂટર, હિંદી સાહિત્ય સંમેલનના ઉપ-મંત્રી વગેરે કામો તેઓ કરતા. સાધુસંન્યાસીમાં પણ દરેક જાતની વ્યવહારકુશળતા હોઈ શકે છે એનો તેમણે અનુભવ કરાવ્યો.

લોકમાન્ય તિલક એ તો સ્વામીની ધ્યાનમૂર્તિ. તેમનું ગીતા-રહસ્ય બહાર પડ્યું. હું એટલું કહી શકું કે હાલમાં જે ગીતારહસ્યનું ગુજરાતી ભાષાંતર બહાર પડ્યું છે તેના કરતાં સ્વામીનું ભાષાંતર અનેક દરજ્જે ચડિયાતું છે. ત્યારે ઉત્સાહથી અને નિષ્કામવૃત્તિથી સ્વામીએ તેનું આખું ભાષાંતર કરી રાખ્યું.

વચમાં થોડા દિવસ વડોદરામાં રહી સ્વામીએ ત્યાંની સેન્ટ્રલ લાયબ્રેરીનો સારો ઉપયોગ કર્યો અને નવરાશનો વખત જાતજાતની યોજનાઓ ઘડવામાં ગાળ્યો. રાષ્ટ્રમાં જે નવું જીવન આવવા લાગ્યું હતું તેના બધા સિદ્ધાંતોનું વિવેચન કરવા માટે 'સાધના' નામનું એક માસિક ચલાવવાનો સ્વામીનો વિચાર હતો. તેની કાંઈક કલ્પના તેમણે 'નવજીવન અને સત્ય' માસિકમાં अ એવી સહીથી આપી હતી. ગુજરાતી સાહિત્યમાં ભાષાની શુદ્ધિનો આદર્શ સચવાતો નથી, ઉચ્ચ અભિરુચિનું ઘણી વાર ખૂન થાય છે, તેને કંઈક દિશા બતાવવા ને અધમ સાહિત્ય ઉપર અંકુશ મૂકવા સારાસારા સાક્ષરો ને લેખકોને આમંત્રણ આપી એક સાહિત્યનો 'પહેરેગીર' મહિનામાં બે વાર સાહિત્યની ચોકી કરે એવી પણ તેમની એક યોજના હતી. સરસ સરસ પુસ્તકો સુંદર રૂપમાં ગુજરાતના હાથમાં હોય, ગ્રંથકારોને કંઈક સારું મહેનતાણું મળે અને પ્રકાશકોની નફાખોરી અટકે એટલા માટે એક પ્રકાશન મંદિર ખોલવાની પણ સ્વામીએ તૈયારી કરી હતી, જેની અંદર કશો નફો લીધા વગર ઉત્તમોત્તમ અને શોભીતાં પુસ્તકો બહાર પાડી તેનો બધો નફો ગ્રંથકારને મળે એવી ગોઠવણ હતી.

એટલામાં સ્વામી મહાત્માજીના પ્રસંગમાં આવ્યા. ધીમે ધીમે તેમની તરફ આકર્ષાતા ગયા, તેમની 'મોહિની'માં સપડાયા, અને બધી પ્રવૃત્તિઓ છોડી તેમણે 'નવજીવન' હાથમાં લીધું. નિંદા અને સ્તુતિને વશ થયા વગર, જાહેરમાં આવવાની કશી લાલસા રાખ્યા વગર, પોતાની સામ્યાવસ્થા જાળવી, ચોવીસે કલાક કામમાં પરોવાઈ જવાની પોતાની વૃત્તિને સાથે લઈ તેમણે નવજીવનમાં પ્રવેશ કર્યો.

પ્રથમ નવજીવનની વ્યવસ્થામાં, ત્યાર પછી નવજીવન મુદ્રણાલયમાં અને નવજીવનના તંત્રમાં તેમણે પોતાની પ્રવૃત્તિ વધારી. તેમની કારકિર્દીમાં 'નવજીવન' વધ્યું ને એની સાથે સ્વામીના માથા પરનો બોજો પણ વધ્યો. તે બોજો ઉતારી અઢી વરસની સખત મહેનત પછી હકની રજા મળવાની (સરકારની કૃપાથી જેલની) તક કેવી રીતે તેમને હાથ આવી છે એ તો સૌ વાચકો જાણે જ છે. જેમના ઉપર હું નાનપણથી જ વહાલ કરતો આવ્યો છું તે આખા ગુજરાતનો વહાલો થઈ પડેલો છે એ જોઈ મને મગરૂરી થાય છે અને વહાલના આ ભાગીદારોની ઈર્ષા પણ આવે છે. □

('નવજીવન' વર્ષ ૩ના તા. ૧૫ જૂન ૧૯૨૨ના અંકમાંથી)

નવું પારિતોષિક

'કુમાર'માં પ્રકટ થતા **પ્રાચીન ઇતિહાસ અને પુરાતત્ત્વ વિષયક લેખો** પૈકી વર્ષભરમાં શ્રેષ્ઠ નીવડનાર કૃતિને રૂ. ૧૦૧)નું **પારિતોષિક** વર્ષોવર્ષ આપવા માટે મુંબાઈના શ્રી છોટાલાલ માવજી કોઠારી તરફથી અમને પર્યાપ્ત રકમ મળી છે. તેમનો આભાર માનવા સાથે લેખકોને તેમાં ભાગ લેવા નિમંત્રણ આપીએ છીએ.

:સ્મૃતિશેષ થએલા સ્વામી આનંદનો હવે કેવળ અક્ષરદેહ રહ્યો છે. તેઓ ખરેખર શું હતા, કેવી જબરદસ્ત તેમની પ્રતિભા હતી, કેવું તેજસ્વી, સમૃદ્ધ અને પ્રજ્ઞાવન્ત એમનું વ્યક્તિત્વ હતું, ગુજરાતી, મરાઠી તથા અંગ્રેજી ભાષાની શક્તિ પ્રકટ કરવાનું કેવું અપ્રતિમ કૌશલ તેમણે દાખવી જાણ્યું હતું, તેઓ કેવા પ્રાણવાન અને પ્રવાહી ગદ્યના તેમ જ સંમોહક શૈલીના સ્વામી હતા, કેવા અસાધારણ વિદ્વાન હતા અને તે સાથે કેવા મહાજ્ઞાની હતા એની પ્રતીતિ આજની અને હવે પછીની પેઢીને તેમના સ્વકીય તેજથી લખલખતા અક્ષરદેહને અવલોકવાથી જ થઈ શકે એમ છે.

વિસ્મયતા એ છે કે સ્વામી આનંદે શાળા-કૉલેજમાં ગયા વગર આ મહત્ સિદ્ધિ મેળવી હતી! તેમણે જ જણાવ્યા પ્રમાણે તેઓ બચપણથી જ ઘેરથી ભાગી સારાનરસા સાધુબાવાઓની દુનિયામાં ખોવાઈ ગયા હતા. એ તો વળી એટલું એમનું સદ્‌ભાગ્ય કે દૈવયોગે ટૂંક વરસોમાં જ રામકૃષ્ણ-અનુયાયી સાધુઓના સંસર્ગમાં આવ્યા અને ભાગ્યનાં ફાટક ઊઘડ્યાં. તેમના જણાવવા પ્રમાણે 'આ જમાતના સાધુઓના ત્રણ ગુણ : નિર્વ્યસન, કેળવણી અને જનસેવા. અભણ અવળચંડો એક ન જડે. બસ ત્યારથી આતમખોજ, શ્રદ્ધા-આસ્થા, સંતોની ચરણસેવા, દુઃખી દરિદ્ર જનતાની સેવાભક્તિ તેમ જ સર્વધર્મ સમભાવના સંસ્કાર સિંચાયા, ને ન્યાલ થઈ ગયો.'

ભણવાની મથામણો સ્વામી આનંદે કંઈ ઓછી નહોતી કરી. વેદ, વેદાન્ત, ગીતા, ઉપનિષદો, દર્શનો, શાસ્ત્રો, રામાયણ, મહાભારત, ભાગવત આદિ સંસ્કૃતિગ્રન્થો, ધર્મગ્રન્થો અને અત્રત્ય તેમ જ પાશ્ચાત્ય ઉત્તમોત્તમ સાહિત્ય એમ ઘણું ઘણું ભણ્યા. ભણ્યા એટલું જ નહિ, એ સઘળું જીવનનાં મૂળિયાં સુધી પહોંચાડ્યું અર્થાત્ આત્મસાત્ કર્યું. સદ્‌ભાગી પણ કેવા? લોકમાન્ય તિલક, ગંગાધરરાવ દેશપાંડે, રામાયણ–મહાભારતના વિખ્યાત ધુરંધર રાવબહાદુર ચિંતામણરાવ વૈદ્ય, જનાર્દન વિનાયક ઓક, ગાંધીજી, નાનાભાઈ ભટ્ટ અને બીજા ડઝનબંધ અદના કે અજ્ઞાત ગુરુજનોએ સ્વામીના જીવનનું ઘડતર કર્યું. ગુરુજનોની આ યાદી પણ પૂરી નથી. તેઓ લખે છે : 'ગંગા સમી ઉપકારક અને આકાશગંગા સમી મનોહારી આ હારમાળામાં ઉદયકાળના તેજરશ્મિ સમા હતા વામનદાદા. મારા હાડમાં પાયાનું ખમીર જો કોઈએ સીંચ્યું હોય, સિંહણના દૂધ સમા ભારોભાર નરવા અદ્વૈત વેદાંત સાથે સંતોની આસ્થા, સેવાભક્તિના અસલી સંસ્કાર વહેલી વયે કોઈએ મારા હાડમાં ધરબ્યા હોય તો એ જ ગૃહસ્થાશ્રમીએ.'

જિન્દગીભર તેમની લેખનપ્રવૃત્તિ ચાલુ રહી હતી. તે પરત્વે તેમણે કોઈ અપેક્ષા રાખી ન હતી. તેની પાછળ તેમની સાચા સાધુની વિભાવના હતી. તેઓ માનતા કે 'સાધુ દો રોટી, એક લંગોટીનો હક્દાર. એથી વધુ જેટલું એ સમાજ પાસેથી લે તેટલું અણહકનું, હક બહારનું. લીધેલાની દસ ગણી ફેડ એ ગૃહસ્થનો ગજ. સાધુનો સહસ્રનો. સાધુ લે તેનાથી સહસ્રગણી સેવા કરે ત્યાં સુધી તો એણે નકરી અદાયગી કરી, દુનિયાની ધરેડે જ ચાલ્યો. અદકું કૈં ન કર્યું. એથી વધુ કરે તેની વશે કાંઈ.' આ વિભાવનાને પૂર્ણપણે ચરિતાર્થ કરનાર સ્વામી આનંદે પોતાના જીવનનું શિલ્પ ઘડનારાઓ પાસેથી જે કંઈ સંપ્રાપ્ત કર્યું તેના કરતાં અનેકગણું સક્રિય લોકસેવા રૂપે, રાષ્ટ્રસેવારૂપે ને સાહિત્ય તેમ જ ભાષાની સેવારૂપે આપી ઋણમુક્તિનો આનંદ અનુભવી આ લોકમાંથી વિદાય લીધી.

ગાંધીજીના સહવાસમાં સેવાધર્મના દીક્ષિત બનેલા સ્વામી જિન્દગીના આરંભકાળે અભણ અને અબુધ હતા. તપશ્ચર્યા કરીકરીને તેઓ અનાસક્ત, અપરિગ્રહી, જ્ઞાની અને પ્રબુદ્ધ થયા. પોતાનાં તપ, તેજ તથા સકલ સંસિદ્ધિઓનો સમાજને પૂરેપૂરો લાભ આપીને તેના ઉઋણ થઈને પરલોકે સંચર્યા. એમની પુનિત આત્મજ્યોતિનો ઝળહળાટ કદી લુપ્ત નહિ થાય.

(જન્મભૂમિ) —કૃષ્ણવીર દીક્ષિત

મૃત્યુની અતિનિકટથી મળેલું અમૃત

મૂળ લેખક · '**વનફૂલ**' · અનુ. સુકન્યા ઝવેરી

વહેલી સવારે જ્યારે હું ટ્રેઈનમાંથી ઊતર્યો ત્યારે મને આશા નહોતી કે ઊતરતાં જ બુબુને જોઈ શકીશ. ઘણા સમય પછી જોયો; છતાં તેના કપાળ પરના જખમનું નિશાન જોઈ તેને ઓળખતાં મુશ્કેલી નડી નહિ. વચ્ચે બનારસમાં મારા એક પુરાણા દોસ્તને ત્યાં થોડા દિવસ હતો, તેને જ મોંએ સાંભળ્યું હતું કે બુબુ અહીં ટિકિટ-કલેક્ટર થયો છે. હું અહીં બુબુને જોવા આવ્યો છું તે તો એને 'જોવા' નહિ, પરીક્ષા કરવા.

અને એ મને ઓળખી શકશે એવી તો શંકા જ નહોતી. મેં પહેર્યો હતો ગેરૂઆ રંગનો ઝભ્ભો, માથે એક જબરદસ્ત મોટી ભગવી પાઘડી, મોં પર મોટાં દાઢી-મૂછ અને આંખો પર ગૉગલ્સ હોય તો અનેક જણ મને પંજાબી જ માને. હું બંગાળી સિવાય બીજી પણ ઘણી બધી ભાષા જાણું છું—હિંદી, ઉર્દૂ, પંજાબી, મરાઠી, ગુજરાતી વગેરેમાં વાતચીત કરી શકું છું. એટલે બુબુ પાસે પકડાઈ જવાનો ડર તો હતો જ નહિ.

આજકાલ હું આત્મગોપન કરીને ફરતો હોઉં છું. મારો સાચો પરિચય દેતાં ય શરમ આવે: જાણું છું કે મારી એ ઓળખાણ લોકોને મશ્કરી કરવાનો ખોરાક બનશે. હું એક જમાનામાં વિપ્લવીઓ કન્હાઈલાલ અને ઉલ્લાસકરનો મિત્ર હતો. અશ્વિની દત્ત, પુલિન દાસ, 'વંદે માતરમ્'ના સંપાદક શ્રી અરવિંદ એક દિવસ મારા ગુરુ હતા. બંકિમચંદ્ર-વિવેકાનંદને મેં એક વેળા દેવ ગણી પૂજ્યા છે...મારા આ પરિચયનું શું આજે કોઈ મૂલ્ય છે ખરું? હું જાણું છું-નથી. તેથી જ તો મારી જાતને છુપાવીને ફરું છું. જે દિવસે આપણી દેશમાતાના ટુકડા કરી હિંદુસ્તાન-પાકિસ્તાનના ટુકડા થયા તે દિવસે જ મેં ગ્લાનિથી, દુઃખથી, લજ્જાથી, ઘૃણાથી ગૃહત્યાગ કર્યો. પત્ની તો બહુ સમય પહેલાં જ મરી ગઈ હતી. હતો માત્ર એક પુત્ર. એ મામાને ત્યાં મોટો થતો હતો. મારા સસરા હતા રાયબહાદુર. મારો સાળો મોટો પોલિસઑફિસર. તેમની ઇચ્છા નહોતી કે મારો દીકરો મારી પાસે ઊછરે. એક દિવસ એ જૂઠું બોલ્યો હતો તેથી મેં એને ચાબુકથી ફટકાર્યો હતો. તે જ દિવસે મારો સાળો આવીને એને લઈ ગયો. તે પછી એ પાછો ન આવ્યો.

સંન્યાસીઓને આ દેશમાં હજુ પણ ખાવા મળી જ રહે છે. હું સંન્યાસી વેશે જ સારા યે દેશમાં ઘૂમ્યો છું, ને ફરતાં ફરતાં દેશનું દ્રુત અધઃપતન જોયું છે. અનુભવ્યું છે કે હજુ આપણો દેશ ગણતંત્રને યોગ્ય થયો નથી. મારા અંતરનો હાહાકાર, મારા લાંછિત આત્મસન્માનની મર્માન્તક વેદના હું કોઈને જણાવતો નથી. કોઈની કરુણા કે અનુકંપા હું ચાહતો નથી. સત્યના ખાંડાની ધાર જેવા પથ પર મેં એકલાએ જે યાત્રા શરૂ કરી હતી તે, લાગે છે, આ વખતે પૂરી થશે.

શ્રી અરવિંદે બ્રહ્મસાક્ષાત્કાર કર્યો હતો. તેઓ મહાપુરુષ હતા. તેઓ દિવ્યદૃષ્ટિ મેળવી પાર્થિવ દુઃખ-કષ્ટની પાર જઈ કલ્પના કરી શક્યા હતા કે સ્વર્ગનું રાજ્ય એક દિવસ આ પૃથ્વી પર ઊતરી આવશે, ત્યારે કોઈ દુઃખ રહેશે નહિ. પણ હું બહુ પ્રયાસ કરવા છતાં મનને બ્રહ્મમાં નિબદ્ધ રાખી શક્યો નથી. આપણાં દુઃખ-દુર્દશા, આપણાં છલકપટ, આપણા નેતાઓનાં બનાવટ-જુઠાણાં, સાહિત્યિકોનું અધઃપતન મારા મનને વારે વારે વિચલિત કરતું. ઘણી વાર મેં વિચાર્યું છે કે હું દંડ-દાતા બનીશ. મા કાલી સામે છાતીના લોહીથી લખી એક દી ગુરુ પાસે શપથ લીધા હતા કે દેશનો ઉદ્ધાર કરીશું; દુષ્ટોનું દમન કરવા માટે પ્રાણ પણ દેવા પડશે તો દઈશું. પરાધીનતાના પંકમાંથી દેશને બહાર કાઢવો જ રહ્યો. એ આદર્શને સામે રાખીને ભીષણ અંધકારમાં એક દિવસ યાત્રા શરૂ કરી હતી. એ લક્ષ્યસ્થાને પહોંચ્યા છીએ શું? એ વિચાર મને વચ્ચેવચ્ચે પ્રાયઃ પાગલ કરી મૂકે છે. વિચારતો હતો કે હું દંડ-દાતા બનીશ. પરંતુ જે વિચારીએ છીએ તે કરી શકીએ છીએ ખરા? એ જ તો છે આપણા જીવનની ટ્રૅજડી. આપણે જીભે જ શૂરા. વખતે વિચારમાં વીર, પણ કર્મે વીર નથી. કર્મક્ષેત્રે આપણે કારકુન સિવાય બીજું કંઈ નહિ. મારા પ્રથમ યૌવનમાં લૉર્ડ કર્ઝનની એ સન્બ્રટ (બ્રટસહ) લાતે અમારા મનમાં જે ઉન્માદતા સર્જી હતી તે લુપ્ત થઈ છે. જે પરિવેશમાં મરજીવાઓનું દળ એકદા પ્રાણ તુચ્છ કરી દેશને પરાધીનતાના પંકમાંથી...ના, એ બધી વાતો હવે નહિ લખું. ખૂબ દુઃખ થાય છે. જે લખવું છે તે—અહીં, આ અજાણ્યા ગામને છેડે, અપરિચિત પરિવેશમાં આવી શા માટે ઉપસ્થિત થયો છું એ જ વાત લખી નાખું.

એક બળેલા મકાનની ઓસરીમાં બેઠો છું. જરાક દૂર રંગીન છાપેલો સાડલો પહેરેલી એક સ્ત્રી જલેબી તળતી દેખાય છે. અને તેની પીઠે વળગીને ઊભો છે એનો શિશુ. એ સ્ત્રીનો જ બાળક હશે. બાળક વારેવારે પાછળથી એ સ્ત્રીની બગલ નીચે મુખ ઘુસાડવા માગે છે—સ્તનપાન કરવા ચહાય છે. સ્ત્રીએ ખિજાઈને એને ધકેલી દીધો. બાળક પડી ગયો અને ચીસો પાડવા માંડયો. પાસેના એક સરગવાના ઝાડ પર બે કાગડા બેઠા હતા. તેઓ પણ સાથે સાથે ચીસો પાડવા માંડયા. કંદોઈની દુકાનની નીચે જે કેટલીક ચકલી અને સમડીઓ હતી તે પણ જરા ચંચળ બની ઊડી. સ્ત્રીએ અચાનક જલેબીની કડાઈ ઉતારી નાખી, અને પછી છોકરાને ખોળામાં લીધો. સ્ત્રીની ઉમર કંઈ બહુ ન લાગી. આ એનું પહેલું જ સંતાન હશે એવું લાગ્યું. જોયું કે છોકરાને ખોળામાં લઈ સ્ત્રી એને ધવડાવતી હતી. પોતાની સાડીમાં છોકરાને આપાદમસ્તક ઢાંકી દીધો. કેવળ નાનાનાના બે પગ બહાર દેખાતા હતા. એ નાનાનાના બે પગની નાનીનાની આંગળીઓ જોઈને જ સમજ્યો કે એ કેટલા આનંદથી દૂધ પીતો હતો... ના, સમય નષ્ટ થાય છે. લખવાનું જલદીથી પૂરું કરી નાખું. કોઈ પણ સમયે પોલીસ આવી ચડશે. હું એક વાર માટે પણ દંડ દાતા જે બની શક્યો છું, કમ સે કમ એક વાર પણ મેં મારા વિવેકનો આદેશ માન્ય કર્યો છે, એ વાત હું લખી જવા માગું છું.

બનારસમાં હું રાજીવને મળ્યો હતો. એ એક જમાનામાં એક નિષ્ઠાવાન ટૅરરિસ્ટ હતો. આ વખતે જોયું તો એ મસ્ત મોટી કીમતી મોટરમાં બેઠો હતો. મોં જરા ભારે લાગતું હતું. વાળ પણ પાકવા માંડયા હતા. પણ શરીર એવું ને એવું જ હતું. દાઢીમૂછની સાફ હજામત કરેલી હોવાથી તેના યૌવનની મુખ-છબી જ જાણે હું જોતો ન હોઉં! ઓળખતાં મુશ્કેલી ન નડી. મેં આગળ વધી એને મારી ઓળખાણ આપી, એટલે એ ય મને ઓળખી ગયો; એટલું જ નહિ પણ આદરથી એની ગાડીમાં બેસાડયો. મેં જોયું કે એ ખાસ્સો મોટો માણસ બની ગયો હતો. કેવળ કાશીમાં જ નહિ, કલકત્તા અને મુંબાઈમાં પણ એનો બહોળો વેપાર ચાલતો હતો. મને પોતાને ઘેર લઈ ગયો. એક મોટો વિશાળ બંગલો, બંગલા ફરતી ખૂબ જમીન. એમાં સુંદર બગીચો, મોટાંમોટાં ગુલાબ, મોટાંમોટાં ડાહલિયાં પુષ્પ, મોટાંમોટાં ચંદ્રમલ્લિકાનાં ફૂલ. રાજીવને ત્યાં હું એક અઠવાડિયું હતો. આસ્તે આસ્તે સમજાયું કે એ હતો એક કાળાબજારિયો. એણે પોતે જ એક દિવસ મને ખુલ્લમખુલ્લાં બધું જ કહ્યું. અને પછી એ હસતે મોંએ મારી સામે જરા વાર જોઈ રહ્યો.

'તું ય મારી સાથે આવી જા—રસ્તે રસ્તે આમ અમથો અમથો બેકાર ભટક્યા કરે છે તો! જો માની જા તો મારી બૉંબેની દુકાનનો બધો ભાર તને સોંપી દઉં.'

હું નિર્વાક બેસી રહ્યો. જ્યારે શબ્દો નીકળી શક્યા ત્યારે બોલ્યો: 'રાજીવ, તું કાળાબજારિયો બન્યો છે એ જો તારા મોંએ ન સાંભળ્યું હોત તો હું ક્યારે ય એ વાત માની ન શકત.' રાજીવ હસતા મોંએ મારા ભણી થોડીક પળ જોઈ રહ્યો. પછી બોલ્યો: 'આપણા દેશમાં આજ બધે જ તો છે કાળાં બજાર. જે જમાનો આવ્યો છે તે જોતાં આ દેશમાં સત્પથે ચલાય એમ જ નથી. આ દેશમાં પ્રત્યેકને અસાધુ થવું જ પડે છે. આપણા એ જમાનાનો ઇતિહાસ આજે સ્મૃતિમાત્ર. એ સ્મૃતિ પણ પેલાઓ ભૂંસી નાખવા માગે છે.' એ પછી હસીને બોલ્યો: 'મેં હજુ એ સ્મૃતિ સાચવી રાખી છે, બતાવું?'

ટેબલનું ખાનું ખોલી એક ભરેલી પિસ્તોલ બહાર કાઢી: 'બારીનદાએ આ મારા હાથમાં દીધી હતી. રોજ હું એને એક વાર પ્રણામ કરું છું. આને હવે આ જમાનામાં બીજું શું કરાય? જે કરાય તે કરું છું. તું ચાલ્યો આવ મારી પાસે. એ જમાનાના વિવેક વિચાર આજે નકામા છે. એને છોડી દે. હવે નવેસરથી ગીતા વાંચ. જો, એમાં લખ્યું છે કે કોઈ પણ કામ ખરાબ નથી—જો નિર્વિકારભાવે કરી શકે તો, પૈસા પાસે ન હોય તો આજે કંઈ જ કરી ન શકાય. અરે પૈસા કમાઓ અને પછી દેશને માટે જ આપી દેજો ને! પણ પૈસા કમાવા તો જોઈએ. આપણે ય એક જમાનામાં ધાડ પાડી હતી, યાદ છે?'

તે દિવસે જ એણે વાતમાંથી વાત નીકળતાં બુબુ વિષે કહ્યું હતું. અને બુબુનું સરનામું દીધું હતું. બુબુ લાંચખોર, બુબુ દારૂડિયો, બુબુ ચારિત્ર્યહીન......વાત સાંભળીને જ મારું લોહી ઊકળી ગયું હતું. વખતે એ મારો અહંકાર, વખતે દુર્બુદ્ધિ.

તે દિવસે રાતે જ પેલી રિવૉલ્વરની ચોરી કરીને મેં બનારસ છોડયું.

ટ્રેઈનમાંથી ઊતરીને જ બુબુને જોયો. તેની પાસે જઈને ઊભા રહેતાં જ ખબર પડી કે એણે દારૂ પીધો હતો. મને જોઈને કહે: 'બાબાજી, ટિકિટ છે કે?'

'ટિકિટ તો નથી. અમે સંન્યાસી લોકો. ટિકિટ ખરીદવાના પૈસા અમારે ક્યાંથી હોય?' મારી પાસે ટિકિટ તો હતી, પણ હું બુબુની પરીક્ષા લેતો હતો.

'ટિકિટ નથી? તો પછી જાઓ પેલી બૅંચ પર જઈને બેસો. પોલીસ તમારી વ્યવસ્થા કરશે.' હું એના મોં ભણી તાકી રહ્યો. હા, વાગ્યાનું નિશાન બરાબર હતું. મારા જ ચાબુકના મારથી કપાળ પર જખમ થયો હતો.

મેં કહ્યું: 'થોડાક પૈસા લઇને મને જવા દો સા'બ.'

'કેટલા પૈસા દેશો?'

એક પાવલી બહાર કાઢી કહ્યું: 'આનાથી વધારે તો નથી.' બુબુએ હાથ લંબાવી પાવલી લઈ લીધી: 'અચ્છા, જાઓ—'

બીજી પળે જ રિવૉલ્વર ગર્જી ઊઠી. મારા વંશનો શેષ પ્રદીપ સબળ ફુત્કારે મેં પોતે જ ઓલવી નાખ્યો અને ભાગવા માંડયું.

લખાણ પૂરું કરી આંખો બંધ કરી બેઠો હતો. બુબુનો લોહીથી ખરડાએલો ચહેરો માનસપટ પર તરવરતો હતો. પ્રતિ મુહૂર્તે પોલીસના આગમનની પ્રતીક્ષા કરતો હતો. લાગે છે જરાક ઝોકું આવી ગયું હશે. ખટ દઇને અવાજ થયો. આંખો ખોલી જોયું પોલીસ નહોતો. પેલી યુવતી તેના શિશુ પુત્રને તેડીને ઊભી હતી. હાથમાં એક ખાખરાના પાનના પડિયામાં કેટલીક જલેબી હતી. પડિયો મારા પગ પાસે મૂકી પ્રણામ કરી બોલી: 'મારા દીકરાને આશીર્વાદ દો, મહારાજ; ખૂબ તોફાની—'

મનમાં થયું સ્વયં દેશમાતૃકા જાણે મારી સામે આવી ઊભાં છે. હું મુગ્ધ નેત્રે નિહાળી રહ્યો.

મૃત્યુની અતિનિકટે આવી અમૃતની જાણે ભાળ મળી મને. □

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૬૧

નસકોરી ફૂટવી

નાકમાંની રક્તાવહન કરનારી પ્રણાલી ફાટી જતાં નાકમાંથી ટીપે ટીપે અથવા ધારદાર લોહી વહેવા લાગે છે તેને ના'કોરી ફૂટવી કહે છે. આયુર્વેદની પરિભાષામાં એને નાસાગત રક્તપ્રવૃત્તિ કહે છે. ઉનાળાના દિવસોમાં ભર બપોરે, ધોમધખતા તડકામાં, ઉઘાડે માથે ફરવામાં આવે તોપણ ગરમીને લઈને ના'કોરી ફૂટે છે. ઘણા લોકોની નાક ખોતરવાની કુટેવ તથા ગરમ ખોરાકનું વધુપડતું સેવન પણ આ રોગમાં કારણભૂત બને છે.

ઉપચાર

(૧) માથા ઉપર ઠંડા પાણીની ધાર કરવી, (૨) બરફ યા બરફવાળું પાણી માથે રેડવું, કે બરફ ભરેલી રબરની કોથળી માથે મૂકવી. (૩) દૂધીનું છીણ કે પલાળેલી કાળી માટીને પાતળા કાપડમાં લઈને માથે મૂકવી. (૪) આમળાંના ચૂર્ણને કે મેંદીનાં પાનને પાણીમાં લસોટી કપાળે તથા નાસિકાપ્રદેશમાં લેપ કરવો. (૫) આટલા શીતોપચાર છતાં લોહી પડવું બંધ ન થાય તો અરડૂસી કે ધરોના રસનાં, ફટકડી કે સાકરના પાણીનાં અથવા દાડમનાં ફૂલના રસમાં ફટકડી મેળવીને તેનાં ટીપાં નાકમાં પાડવાં.

આ ઉપચારો તાત્કાલિક લોહી બંધ કરવા માટેના છે. તેની સાથે નીચેના ઉપાયો લોહી બંધ થયા પછી પણ થોડા દિવસ ચાલુ રાખવા, જેથી ફરીથી ના'કોરી ફૂટવાનો સંભવ ન રહે.

(૧) પ્રવાલ યુક્ત ગુલકંદનું સેવન કરવું. (૨) શતાવરી ચૂર્ણ, ગળો સત્વ ચૂર્ણ, રસાયન ચૂર્ણ, ચંદ્રકલા રસ, અષ્ટિમધુ ચૂર્ણ, નાગકેસર ચૂર્ણ, વગેરેમાંથી શક્ય તેટલાં મેળવી તેનું બકરીના દૂધ સાથે સેવન કરવું. (૩) અરડૂસીના કે આમળાંના રસનું સેવન કરવું. આમળાંનો મુરબ્બો પણ લાભકારી છે. (૪) ઉંબરાનાં ફળમાં સાકર અને એલચી મેળવી સેવન કરવું. (૫) તકમરિયાં સાકર મેળવીને રાતભર પાણીમાં પલાળી સવારે ખાવાં. (૬) ખસનું કે ગુલાબનું શરબત પીવું. (૭) શોણિતાર્ગલ રસ કે બોલબદ્ધ રસ આપવા. (૮) ખોરાકમાંથી ગરમ પદાર્થો બંધ કરી બકરીનું દૂધ, ખીર, દૂધપાક કે માલપૂવા જેવા શીતળ અને મીઠા પદાર્થો વધુ ખાવા. સાકર, દ્રાક્ષ, દાડમ, આમળાં વિશેષ લાભ કરે છે. (૯) નાક ખોતરવાની કે નાકમાં આંગળી નાખવાની કુટેવ છોડી દેવી. (૧૦) બપોરે તડકામાં ટોપી અથવા છત્રી વડે માથું ઢાંકીને નીકળવું. તાપ કે લૂથી બચવા માથા ઉપર લીમડાનાં કે એરંડાનાં પાન રાખી એની ઉપર ટોપી પહેરવી અને (૧૧) પિત્તની ગરમી ઓછી કરવા હળવો રેચ લેવો.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

☆ ખરતા તારા અથવા ઉલ્કા

લેખક · યશવંત ગુ. નાયક

રાતે ખુલ્લા આકાશમાં તારાઓનું દર્શન કરતા હોઇએ ત્યારે ઘણી વાર એકાએક કોઈ પ્રકાશિત તેજરેખા ઝબૂકીને અદૃશ્ય થઈ જતી જોવા મળે છે. જાણે કે આભમાંથી એકાદ તેજસ્વી તારો ખરી પડ્યો છે. અનાદિ કાળથી અને અસંખ્ય વાર આવું બનતું રહ્યું છે, છતાં આકાશમા દેખાતા તારાઓની સખ્યામાં ઘટાડો થતો નથી. એ ઉલ્કા અથવા ખરતા તારાની આવી તેજરેખા પૃથ્વીના વાતાવરણમાં જ પેદા થય છે.

પૃથ્વીના ગુરૂત્વાકર્ષણના બળથી ઘણી વાર આકાશી પિંડના અવશેષો અવકાશમાંથી આપણા વાતાવરણમાં ખેંચાઈ આવે છે. એને ઉલ્કા કહે છે. એના અતિવેગે પડવાથી વાતાવરણ સાથેના ઘર્ષણથી એ પ્રજ્જ્વલી ઊઠતાં તેજલિસોટા પ્રકટે છે. એમાંની મોટા ભાગની ઉલ્કા રેતીના કણ જેવડી હોય છે. તેમનું સરેરાશ કદ ૩ મિલિમીટરથી ૧ સેન્ટિમીટર અને વજન ૧ થી ૧૦ ગ્રામ જેટલું હોય છે. પરંતુ ક્વચિત્ એ મોટી અને ભારે પણ હોય છે. નાના કદની ઉલ્કા તો પૃથ્વીના વાતાવરણમાં જ ભસ્મીભૂત થઈ જાય છે, પરંતુ કોઈક વાર મોટી ઉલ્કા વાતાવરણના સ્તર વીંધીને છેક પૃથ્વીની સપાટી સુધી પણ આવી પડે છે. સામાન્યતઃ આપણે એને ખરતો તારો જ કહીએ છીએ.


અવકાશમાંથી ખેંચાઈ આવતી આ ઉલ્કા વાતાવરણમાં આશરે ૧૨૦ કિલોમીટરની ઊંચાઈએ પહોંચે ત્યારે તેનો વેગ દર સેકન્ડે આશરે ૬૦ થી ૭૦ કિલોમીટર જેટલો, એટલે કે કલાકના આશરે ૧૫૦૦૦ મા. (૨૪,૧૫૦ કિ. મી.) જેટલો હોય છે. આટલી પ્રચંડ ઝડપે વાતાવરણમાં દાખલ થતા આ ઉલ્કા કણોને ૧૨૦ કિલોમીટર (આશરે ૭૫ માઈલ)ની ઊંચાઈથી વાતાવરણનું ભીષણ ઘર્ષણ લાગવા માંડે છે અને તેને પરિણામે તે બહુ ઝડપથી ગરમ થવા લાગે છે. આને કારણે તેના વેગ પણ ઓછો થવા લાગે છે. પણ તે દરમિયાન તે એટલી ગરમ થઈ જાય છે કે ૮૦ કિલોમીટર (આશરે ૫૦ માઈલ) ઊંચાઈ સુધીમાં તો તે બળીને વરાળરૂપ બની અદૃશ્ય થઈ જાય છે. ૧૨૦ કિલોમીટરથી ૮૦ કિલોમીટર ઊંચાઈ સુધીના તેના માર્ગમાં તે હવાના કણોને વીજભારી બનાવે છે અને આ વીજભારી હવાના કણો તેજસ્વી પ્રકાશ કરે છે. આ રીતે ઉલ્કા કણનો આખો પથ તેજરેખા પેદા કરે છે, ને 'ખરતા તારા' રૂપે આપણને તેનુ દર્શન થાય છે. આકાશમાં એકાએક જ દેખાતી આવી તેજરેખા અને તેને અંતે કોઈક વાર નજરે પડતા ધૂમ્રગોટ એક અપૂર્વ દર્શન પ્રકટ કરી જોનારને અજાયબીમાં ગરકાવ કરે છે.




આવા ઉલ્કા કણોમાં કોઈક વાર ઘણા મોટા કણો પણ હોય છે અને તે સંપૂર્ણતઃ બાષ્પીભૂત થાય તે પહેલાં છેક ધરતી ઉપર આવી પડે છે. આવા ઉલ્કા કણોનો નીચે પડતાં પહેલાં સ્ફોટ થાય છે અને તે મોટા ધડાકા સાથે ખંડિત થઈ, અસંખ્ય નાના ટુકડાઓમાં વિભક્ત થઈ નીચે પડે છે. આવો એક ઉલ્કાનો પ્રપાત હમણાં તા. ૨૮ જાન્યુઆરી બુધવારના રોજ સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર) જિલ્લાના ધજાળા, ટીકવાળા વગેરે ગામોની આસપાસમાં થયો હતો. ત્યાં એ રાતે નવ વાગ્યાના સુમારે આકાશમાં ખરતા તારાની પ્રચંડ તેજરેખા દેખાઈ હતી ને ત્યાર પછી મોટા ધડાકા સાથે વિશાળ વિસ્તારમાં એ ઉલ્કાના અસંખ્ય ટુકડાઓનો વરસાદ પડયો હતો. ધજાળાના શ્રી ફૂલાભાઈ રાવજીભાઈના ઘરનું છાપરું તોડી દાખલ થએલા એક ટુકડાએ તો નીચે રહેલાં માટલાંને પણ તોડી નાખ્યાં હતાં. અમદાવાદની ફિઝિકલ રીસર્ચ લૅબોરેટરીના શ્રી ભંડારી અને તેમના સાથી વૈજ્ઞાનિકો આ ઉલ્કાના ઘણા ટુકડા એકઠા કરી સંશોધન માટે લઈ આવ્યા છે. જે સ્થળ ઉપર ઉલ્કા પડે તે ઉપરથી તેનું નામ આપવામાં આવતું હોવાના કારણે આને 'ધજાળા-ઉલ્કા' નામ આપવામાં આવ્યું છે.

અન્ય ઉલ્કાઓ

એ 'ધજાળા-ઉલ્કા'ના કરતાં પણ ઘણી મોટી ઉલ્કાઓ પૃથ્વી ઉપર અનેક સ્થળે પડેલી મળતી રહી છે એમાંની કેટલીક નોંધપાત્ર છે. ભારત, ચીન, કોરિયા, રશિયા અને ગ્રીસમાં આ અંગેની છેક સદીઓજૂની નોંધો અને એ ઉલ્કાપાત વિષેનાં વર્ણનો મળે છે, પણ અઢારમી સદીના અંતથી ઉલ્કાનો અભ્યાસ વ્યવસ્થિત રીતે શરૂ થયો છે. આવા અભ્યાસ અને સંશોધનમાંથી પૃથ્વી ઉપર પડેલી કેટલીક મોટી ઉલ્કાની વિગતો જાણવા જેવી છે.




◁ પૃથ્વી અને ઉલ્કાજૂથની ભ્રમણકક્ષા એકમેકને બે સ્થળે છેદે છે. આવા તો અનેક ઉલ્કાજૂથ છે.



◁ પૃથ્વી અને કોઈ ઉલ્કાજૂથ એકબીજાની બહુ નજીક આવી જાય ત્યારે પૃથ્વીના ગુરુત્વાકર્ષણથી ખેંચાઈને પણ અનેક ઉલ્કાઓ પૃથ્વી પર આવી પડે છે.

સૂર્યની આસપાસ અનેક ઉલ્કાજૂથો ફરે છે. પણ એમાં ચાર ઉલ્કાજૂથ મુખ્ય છે. જે તારામંડળના વિસ્તારમાં એ સવિશેષ દેખાય છે તે મંડળના નામે આ ઉલ્કાજૂથો ઓળખાય છે. ▽



એવું જણાયું છે કે પૃથ્વીની સમગ્ર સપાટી ઉપર દરરોજ ૨૯ લાખ ઉલ્કાપાત થાય છે! રાતે પડતી ઉલ્કાઓમાંથી કેટલીક તો તેનાથી પ્રકટતા તેજલિસોટાને કારણે નરી આંખે પણ દેખાય છે, પરંતુ નાની ઉલ્કાઓ નજરે પડતી નથી. વળી દિવસે સૂર્યના તેજમાં તો એ ન જ દેખાય તે સ્વાભાવિક છે. પણ રોજેરોજ થતા રહેતા ઉલ્કાપાતથી પૃથ્વી ઉપર દરરોજ ૩૦૦૦ ટનથી માંડી કોઈક વાર (જેમકે ૧૯૫૮માં) ૨૦,૦૦૦ ટન (સરેરાશ ૧૫૦૦ થી ૬૦૦૦ ટન) દ્રવ્ય તો દરરોજ પૃથ્વી ઉપર આવે છે.

કેટલીક રાતે ઉલ્કાપાતની સંખ્યામાં ખૂબ વધારો થએલો જોવા મળે છે. ખાસ કરીને ૧૩મી નવેમ્બર અગર તેની આસપાસના ગાળામાં ખરતા તારાનો વરસાદ જોવા મળે છે. આવો એક અભૂતપૂર્વ વરસાદ ઈ. ૧૮૩૩માં ૧૩મી નવેમ્બરે જોવા મળ્યો હતો. ત્યાર પછી ઈ. ૧૮૬૬માં પણ આવો જ ઉલ્કાપાત થયો હતો. ફ્રેંચ ખગોળશાસ્ત્રી એરેગોએ દુનિયાભરમાં નોંધાએલી હકીકતો ઉપરથી તારવણી કરી છે કે છેલ્લાં ૩૫૦૦ વર્ષથી દર ૩૩ વર્ષે નવેમ્બરના મધ્યમાં ઉલ્કાપાતનો આવો વરસાદ થતો આવ્યો છે. આ ગણતરીના આધારે ૧૮૯૯માં આવો બનાવ બનવાની આશા હતી, પરંતુ તેવું કંઈ બન્યું નહિ. હવે એવું મનાય છે કે કદાચ એ ઉલ્કાઓએ અવકાશમાં તેમનો માર્ગ બદલ્યો હશે.

આજે દુનિયાભરનાં મ્યૂઝિયમો અને પ્રયોગશાળાઓમાં પૃથ્વી ઉપર આવી પડેલી ઉલ્કાના પથ્થરોનો સંગ્રહ કરવામાં આવે છે. ઇંગ્લૅન્ડના સાઉથ કેન્સિંગ્ટનના સાયન્સ મ્યૂઝિયમમાં ઉલ્કાઓનો મોટો સંગ્રહ છે. કોઈ પણ બે ઉલ્કાઓનું બંધારણ એકસરખું જણાયું નથી, અને લગભગ પચાસ જેટલા જુદાજુદા પ્રકારની ઉલ્કાઓ માલુમ પડી છે. આવા ઉલ્કા-પાષાણોમાં ક્વચિત્ હીરાના સૂક્ષ્મ કણો પણ જોવા મળ્યા છે. ઑસ્ટ્રેલિયામાં તથા લીબિયાના રણમાં મળતાં ઝવેરાતના કેટલાક પથ્થરો પણ ઉલ્કાના પ્રપાતમાંથી આવ્યા હોવાનું મનાય છે.

ઇંગ્લૅન્ડમાં શ્રૉપસાયર નજીક વિલિંગ્ટનમાં ઈ. ૧૮૭૬માં પડેલો એક ઉલ્કા-પાષાણ લગભગ ૮ રતલનો છે અને તે 'રાકટન સિડરાઈટ' નામે જાણીતો છે. જમીનમાં એ દોઢ ફૂટ ઊંડે ખૂંપી ગયો હતો. એના બંધારણમાં મુખ્યત્વે લોખંડ જણાયું છે. આફ્રિકાના નૈર્ઋત્ય કિનારે ગ્રુટફોન્ટેઈન શહેર નજીક પડેલો આવો એક પાષાણ ૧૦ ફૂટ લાંબો, ૧૦ ફૂટ પહોળો અને ૪ ફૂટ ઊંચો છે અને તેનું વજન ૭૦ ટન છે! ઉત્તર સાઈબિરિયામાં ઈ. ૧૯૦૮માં પડેલી ઉલ્કાના પથ્થરો ૮ થી ૧૦ માઈલના વિસ્તારમાં પથરાઈ ગયા હતા ને કેટલેક ઠેકાણે ૧૫૦ ફૂટ લાંબાપહોળા અને ૧૨ ફૂટ ઊંડા ગોળ ખાડા પડી ગયા હતા. એ ઉલ્કાનો સ્ફોટ ૪૦૦ માઈલ દૂર સુધી સંભળાયો હતો.

અમેરિકાના ઍરિઝોનાના રણવિસ્તારમાં પડેલી વિશાળ ઉલ્કાએ ૪૪૦ ફૂટ ઊંડો ને શુમારે ૮૦૦ ફૂટ વ્યાસનો અર્ધગોળાકાર ખાડો પાડયો હતો. આ ઉલ્કાનું વજન ૧ કરોડ ટન જેટલું ધારવામાં આવે છે. એના સ્ફોટમાંથી અનેક નાનામોટા પથ્થરો ચોમેર ફેલાએલા અને તેના નાભિ-



બહુ ઊંચે સ્ફોટ પામીને ચોપાસ વેરાએલા ઉલ્કાના કણો વાતાવરણ સાથેના ઘર્ષણથી અત્યંત ઉષ્ણતા પામી ઘસાઈને નાના ગોળ દાણા જેવા બની જાય છે. આ ચિત્રમાં કેન્દ્રમાં ગોઠવેલા નાના ગોળ કણો ઉલ્કાના છે જ્યારે એની આસપાસ ગોઠવેલા પથ્થર જેવા દેખાય છે તે રેતીના કણો છે. આ ચિત્ર સૂક્ષ્મદર્શક દ્વારા લેવાએલું છે.


નો મુખ્ય ખડક જમીનમાં લગભગ ૧૨૦૦ થી ૧૩૦૦ ફૂટ ઊંડે ત્રાંસો ઊતરી ગએલો. એ ઉલ્કાપ્રપાત ૭૦૦ વર્ષ ઉપર થયો હશે તેમ મનાય છે.

રશિયામાં ખ્મેલપોવ્કા ખાતે ઈ. ૧૯૨૯ના માર્ચની પહેલી તારીખે પડેલી એક ઉલ્કા પ્રચંડ આગના ગોળાની પેઠે જમીન ઉપર આવી પડીને સ્ફોટ પામી હતી. તેનો ધડાકો ૮૦ થી ૧૫૦ માઈલના વિસ્તારમાં સંભળાયો હતો. ઈ. ૧૯૨૭માં અને ૧૯૪૭માં પણ આવી પ્રચંડ ઉલ્કાઓ રશિયામાં નોંધાઈ છે. એ ઉલ્કાઓનો પ્રકાશ સૂર્યથી પણ વધુ તેજસ્વી હતો. અને તેના સ્ફોટનો અવાજ ૨૫૦ માઇલ સંભળાયો હતો.


ઉલ્કાનું બંધારણ

ઉલ્કાના પાષાણોનો અનેક રીતે અભ્યાસ થયો છે. આ પાષાણોનું બંધારણ જમીનમાંથી મળતા ખનિજ પાષાણોને મળતું આવે છે. એમાં


સૈકડો વર્ષ પહેલાં ઍરિઝોનાના વેરાન રણપ્રદેશમાં એક પ્રચંડ ઉલ્કાપાત થએલો. સંભવ છે કે કંઈ કેટલાય સમયથી અવકાશમાં એ ક્યાંકથી લાખો કરોડો કિલોમીટરનું અંતર કાપતો કાપતો છેવટ પૃથ્વી પર આવી પડેલો કોઈ તારા-અવશેષ હોય. એ કલ્પનાતીત વેગે પડવાથી અને તેની અતિ પ્રચંડ ઉષ્ણતાને કારણે પૃથ્વીની સપાટી પર ૧૨૭૦ મીટર જેટલો પહોળો ને લગભગ ૧૭૫ મીટર ઊંડો ખાડો પડી ગયો છે. એના પડવાથી ચોપાસ ઊડેલી માટીની જમીનની સપાટીથી ૧૬૦ ફૂટ ઊંચી કિનાર રચાઈ ગઈ છે.



ધજાળા-ઉલ્કા



▷ ધજાળામાં પડેલી ઉલ્કાના પાષાણો



તાજેતરમાં સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લામાં ધજાળા ગામે પડેલી ઉલ્કાએ સારું એવું કુતૂહલ પ્રકટાવ્યું. અમદાવાદની ફિઝિકલ રીસર્ચ લૅબોરેટરીના સૌજન્યથી ઉપર એ ઉલ્કાના કેટલાક પાષાણો અને બાજુમાં જે વિસ્તારોમાં એ ઉલ્કાપાષાણો વેરાયા હતા તે દર્શાવતો નકશો આપ્યો છે. એમાં લંબગોળાકાર કરી બતાવેલા ભાગમાં આ પાષાણો પડ્યા હશે એમ અંદાજ છે. આની વચ્ચે લંબચોરસ બતાવેલો ભાગ તે ધજાળાની ગ્રામવિદ્યાલયની લોકશાળાના શિક્ષકો ને ૪૦ વિદ્યાર્થીઓએ બહુ ચીવટ ને પદ્ધતિસર શોધ કરીને ચારેક કિલો જેટલા ઉલ્કાપાષાણો જ્યાંથી ખોળી કાઢેલા તે વિસ્તાર છે. જ્યારે ઘણા લોકોએ ઉલ્કાપાષાણો હાથ કરીને ઘરભેગા કરી દીધા છે ત્યારે આ શાળાનું કાર્ય જરૂર પ્રશંસા ને અભિનંદન યોગ્ય છે. આ ઉલ્કા પાષાણવર્ગની હોઈ એની અંદર કોઈ કિંમતી ધાતુ કે અન્ય એવો કોઈ પદાર્થ નથી જેનું કંઈ પણ આર્થિક મૂલ્ય હોય, એટલે એને સંઘરનારને પોતાની પાસે ઉલ્કાપાષાણ છે એનો સંતોષ થવાથી વિશેષ કોઈ લાભ નથી. બીજી બાજુ કાયદેસર રીતે આ પાષાણો ભારત સરકારની મિલ્કત છે. વળી, આ ઉલ્કાના વૈજ્ઞાનિક અભ્યાસ માટે પણ એના શક્ય એટલા વધુમાં વધુ અવશેષો મેળવવા જરૂરી છે. અત્યાર સુધી હાથ લાગેલા ટુકડા મોટેભાગે ઉલ્કાની અંદરના ભાગના છે. પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ્યા પહેલાં એની સપાટી પર તાજેતરમાં કે હજારો વર્ષ પહેલાં થએલી કૉસ્મિક કિરણોની અસર વગેરેનો અભ્યાસ એના પર આધારિત છે. ઉપર ચિત્રમાં દર્શાવેલા ટુકડા પરનો કાળો ભાગ તે પૃથ્વીના વાતાવરણ સાથે ઘર્ષણથી બળીને કાળો પડી ગએલો તે છે, જ્યારે અંદરનો ભાગ સિમેન્ટના ગચિયા જેવો દેખાય છે.

ઑક્સિજન (૩૬ ટકા), લોખંડ (૨૬ ટકા), સિલિકોન (૧૮ ટકા), મૅગ્નેસિયમ (૧૪ ટકા), નિકલ (૧૨ ટકા), તથા અન્ય તત્ત્વો વત્તાઓછા પ્રમાણમાં માલૂમ પડે છે. આમ પૃથ્વીના અને ઉલ્કાના બંધારણમાં ઘણી સમાનતા છે. રેડિયો ઍક્ટિવિટી (કિરણોત્સાર)ની પ્રક્રિયાથી આ ખડકોનું વય પણ નક્કી કરવામાં આવ્યું છે. આ આવરદાનો કાળ ૬૦ થી ૪૦૦ કરોડ જેટલો મળે છે, અને તે ભૂમિના ખડકોની આવરદાની સાથે સરખાવી શકાય તેમ છે.

ઉલ્કાનું ઉદ્‌ગમ-સ્થાન

સૂર્યમંડળમાં મોટા ગ્રહો અને ઉપગ્રહો ઉપરાંત મંગળ અને ગુરુના ગ્રહોની વચ્ચે અસંખ્ય નાનામોટા મધ્યગ્રહો એક વર્તુલકાર કક્ષામાં ભ્રમણ કરે છે. તે ઉપરાંત બીજા સાત મધ્યગ્રહો (એરોસ, આમોર, એપોલો, એડોનિસ, હર્મિસ, ઈકારસ અને ટોરો) લંબવર્તુલ કક્ષામાં ફરે છે. એમાંનો સૌથી નાનો ૧ માઈલ વ્યાસનો અને સૌથી મોટો (એરોસ) ૧૫ માઈલ વ્યાસનો છે. આ સૌ સૂર્યના અંદરના ગ્રહો બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ અને ગુરુની કક્ષાને ભેદીને લંબવર્તુલ માર્ગે ફરે છે. આ ઉપરાંત, ઉલ્કા પેદા કરતા બીજા નાનામોટા પાષાણોના ત્રણથી ચાર જૂથોની પણ માહિતી મળી છે. આ પાષાણો કદાચ ધૂમકેતુના છૂટા પડી જતા દ્રવ્યમાંથી કાળક્રમે પેદા થઈ સ્વતંત્ર રીતે સૂર્યમંડળમાં ફરતા થયા હશે એમ ધારવામાં આવે છે. આવા અનેક નાના મોટા પથ્થરોનાં જૂથની લંબવર્તુલ કક્ષાઓ અને પૃથ્વીની ભ્રમણ કક્ષા એકમેકને દરરોજ છેદતી હોય છે. આથી જ્યારે જ્યારે એમાંનો કોઈ પાષાણ પૃથ્વીની અત્યંત નજીકથી પસાર થાય ત્યારે તે પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળે પોતાની કક્ષામાંથી ચલિત થઈ પૃથ્વી ઉપર આકર્ષાઈ આવે છે. અવકાશમાં આવા પાષાણો લંબવર્તુલમાં અસંખ્ય સંખ્યામાં ઘૂમે છે. આવા કેટલાક પાષાણ-જૂથનો ભ્રમણમાર્ગ સાથેની આકૃતિમાં દર્શાવ્યો છે. એ ઉપરથી જોઈ શકાય છે કે પૃથ્વીની ભ્રમણકક્ષાને આ દરેક જૂથ અનેક વાર છેદે છે. આવાં ભ્રમણજૂથો તે ઉલ્કાનું ઉદ્‌ગમ-સ્થાન છે. ગણતરી ઉપરથી માલૂમ પડ્યું છે કે પૃથ્વીની આસપાસના ભ્રમણ પ્રદેશમાં દર ૧૦૦૦ કિલોમીટરનો ઘન પ્રદેશ લઈએ તો તેમાં ઓછામાં ઓછો એકાદ ઉલ્કાપાષાણ તો હોય જ છે, ને તેથી દર કલાકે આશરે ૧ લાખ કિલોમીટર મુસાફરી કરતી પૃથ્વી અસંખ્ય ઉલ્કાઓને આકર્ષે છે

ઉલ્કાની અગત્ય

ઉલ્કા-પાષાણો વૈજ્ઞાનિક દૃષ્ટિએ ઘણી અગત્યની માહિતી આપે છે. સૂર્યમંડળની ઉત્પત્તિ, સૂર્યમાંથી આવતાં કિરણો અને શક્તિશાળી કણોની એના ઉપર થએલી અસરો વગેરેના અભ્યાસથી અનેક માહિતી પ્રાપ્ત થાય છે. એમના દ્રવ્યના વર્ણપટો મેળવીને તેમાં રહેલાં દ્રવ્યોની માહિતી મેળવી શકાય છે. રાસાયણિક રીતે તે દ્રવ્યોનાં પ્રમાણ નક્કી થાય છે. તેમાં સૂર્યનાં કિરણોથી પેદા થએલી કૃત્રિમ રેડિયો-ઍક્ટિવિટીના અભ્યાસથી સૂર્યના કિરણોત્સારની માહિતી મળે છે. પૃથ્વીના ૮૦ માઈલ (૧૨૭ કિલોમીટર) ઊંચેના વાતાવરણની તેના ઉપર થએલી અસરથી એ પ્રદેશના વાયુના બંધારણની માહિતી મળે છે. આમ, આ ઉલ્કાપાષાણો ગુપ્ત ભાષામાં લખાએલાં વિશ્વસર્જનની તવારીખનાં પ્રકરણો સમા છે, જે ઉકેલીને વૈજ્ઞાનિકો અવકાશના, વાતાવરણના તેમજ સૂર્યમંડળની રચના અને ઉત્ક્રાંતિ અંગેનાં અનેક રહસ્યોની ખોજ કરી શકે છે. □

૩૦ ('કુમાર' અંક ૬૨૬)

ડૉકટર શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકર વગા - ઉમરેઠ) ની સલાહ

પ્ર. દૂધ ફાટી જાય, અને દૂધનું દહીં બનાવીએ, એ બે વચ્ચે શો ફેર પડે છે? અને ફાટેલું દૂધ વાપરી ન શકાય?

• દૂધ ફાટી જાય અને દૂધનું દહીં જમાવીએ એ બંનેની પાછળ એક જ ક્રિયા કામ કરે છે. ફેર એટલો જ કે દૂધમાં મેળવણ નાખીને જમાવેલું દહીં મિષ્ટ અને સુરુચિકર છે, જ્યારે આપમેળે બગડીને જામેલું દૂધ બેસ્વાદ અને કડવું લાગે છે. દૂધનાં પ્રોટીન બગાડતા જીવાણુઓથી કડવાશ આવે છે. આવું બગડીને જામેલું દહીં આરોગ્ય માટે સારું નથી. જ્યારે દહીં આંતરડામાં કહોવાટ પેદા કરતા જીવાણુઓ અટકાવતું હોઈ હોજરી અને આંતરડાના રોગોમાં લાભ કરે છે.

પ્ર. બીઅર નામના દારૂમાં વૈદકીય ગુણો ખરા?

- વૈદકીય દૃષ્ટિએ બીઅરમાં પોષણીય ગુણો છે. બાર ઔંસ બીઅરમાંથી ૧૫૬ ઉષ્માંક પ્રાપ્ત થાય છે, એમાં વજન પ્રમાણે ચાર થી સાડા છ ટકા દારૂનું પ્રમાણ હોય છે. શરીરને ઉપયોગી ખનિજ દ્રવ્યો ને વિટામિન બી કૉમ્પલેક્સ પણ મળે છે. કન્જેસ્ટિવ કાર્ડિયાક ફેલ્યોર, હાઈ બ્લડ પ્રેશર, કિડની અને લિવરના રોગોમાં જ્યારે મીઠું ખાવા માટેની મનાઈ હોય ત્યારે બીઅર લઈ શકાય છે. જ્ઞાનતંતુની ખેંચ હઠાવવાનો પણ તેમાં ગુણ છે. તે પીવાથી ખોરાકમાંથી કાર્બોહાઈડ્રેટના પ્રમાણ ઉપર કાબૂ આવે છે, જેથી ડાયાબિટિસના રોગી માટે પણ તે ઉપયોગી છે.

પ્ર. સોયબીન શું છે અને આહારમાં એ કેટલું ઉપયોગી છે?

• સોયબીન મંચુરિયાનું જાણીતું કઠોળ છે. હવે તો ભારતમાં પણ એની ખેતી થાય છે. વનસ્પતિજ પ્રોટીનનું એ સમૃદ્ધ સાધન છે. અન્ય ખાદ્યોના પ્રોટીનના પ્રમાણમાં એક કિલો સોયબીન એ ૨ કિલો. માંસ કે મચ્છી, ૩ કિલો. ઈંડાં, ૧૩ કિલો. મગફળી, ૪ કિલો. ઘઉં, ૬ કિલો. ચોખા અને ૧૨ કિલો. દૂધ બરાબર છે.

તેલ કાઢી લીધા પછીનો સોયબીનનો ખોળ સ્વાદ કે સોડમ વિનાનો, કાર્બોહાઈડ્રેટ અને નૉન-ઍસિડ પ્રોટીનથી સમૃદ્ધ હોઈ ડાયાબિટિસ, હૃદયરોગ, યકૃત અને કિડનીના રોગીઓ માટે પથ્ય આહાર છે. સોયબીનનું દૂધ પણ પોષક પ્રવાહી આહાર છે. ચમચાભર મધ સાથે લેવાથી જ્ઞાનતંત્ર માટે ટૉનિક જેવું હોઈ માનસિક અસ્વસ્થતા ને હિસ્ટીરીઆ વગેરેમાં ગુણ કરે છે. પૂરક પોષક ખાદ્ય તરીકે આપણા આહારમાં અપનાવવા યોગ્ય છે.

પ્ર. ચહેરા પર કરચલીઓ પડવાનું કારણ શું?


• વયના વધવા સાથે ચામડી ઢીલી પડવાથી, ચામડી નીચેની ચરબી શોષાવાથી, કે શરીરમાં હૉર્મોન્સની ઘટ પડવાથી ચામડી પર કરચલીઓ દેખાવા લાગે છે. ઉમર પ્રમાણે થોડીઘણી કરચલીઓ પડે જ છે. વ્યક્તિની જીવન જીવવાની રીત અને એના વ્યક્તિત્વના ઘડતરનો પણ પ્રભાવ રહે છે. બાળકોના ચહેરા ઉપર ક્યાં કરચલીઓ હોય છે? મોટી વયે પણ વ્યથા, ક્ષોભ, માંદગી વગેરેની સંવેદનાઓ પણ ચહેરા પર અસર પાડે છે. પુખ્ત વયે ચહેરા પર કરચલી વિનાનો માણસ બિનઅનુભવી, કલ્પનાશીલતા વિનાનો અને વિનોદ માણવાને અશક્ત હોઈ શકે. જો કે સુખી ન હોય તો યે આવી વ્યક્તિ જિંદગી નિરાંતે પસાર કરે છે. સંવેદનારહિત માણસ સ્વાર્થી પણ હોઈ શકે. વિચારવંતતા, તામસી સ્વભાવ, અસ્વસ્થ તબિયત, ઈર્ષાળુપણું, સતત ચિંતા વગેરેથી તંગ રહેતો ચહેરો પણ અછતો નથી રહેતો. ચહેરા પર પડી ગએલી કરચલી પણ એ મનોભાવો ઓળખાવી દે છે.

કલાવાર્તા

સોળમું ગુજરાત રાજ્ય કલાપ્રદર્શન

ગુજરાત રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ તરફથી, ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના ઉપક્રમે પ્રતિવર્ષે એક રાજ્યવ્યાપી કલાપ્રદર્શન યોજાય છે. તાજેતરમાં ૧૮ થી ૨૮મી જાન્યુઆરી દરમિયાન અમદાવાદમાં આવું સોળમું પ્રદર્શન યોજાયું હતું. 'ગુજરાતી જનસમાજમાં કલાવિષયક જાગ્રતિ લાવવાની તથા વિવિધ કક્ષાના નીવડેલા અને નવોદિત કલાકારોને પ્રોત્સાહન આપવાની તેમજ તેમની કલાકૃતિઓને પ્રજાવર્ગ સમક્ષ મૂકવાની નેમથી યોજાતા આ પ્રદર્શન'માં ચિત્રકલા અને શિલ્પ (વસ્તુલક્ષી તથા મૉડર્ન), મુદ્રણક્ષમ કલા (ગ્રાફિક્સ), વ્યાવહારિક કલા (ઍપ્લાઈડ આર્ટ), સ્થાપત્ય અને ફોટોગ્રાફીના વિભાગો રહે છે. આ ઉપરાંત કલાકારો, કલાશાળાના વિદ્યાર્થીઓ અને ધોરણ ૧ થી ૭ તથા ધોરણ ૮ થી ૧૧ના વિદ્યાર્થીઓના પણ વિભાગો એમાં હોય છે, અને આ બધા વિભાગોમાં રોકડ ઈનામો પણ અપાય છે. એ અનુસાર આ વર્ષે કુલ વીસ હજાર રૂપિયાનાં ઈનામો અપાયાં. આ ઈનામોના નિર્ણય માટે દેશવ્યાપી ધોરણે નિષ્ણાતોની એક નિર્ણાયક સમિતિ નિયુક્ત થાય છે. આ જ પ્રસંગે દર વર્ષે રાજ્યના એક પીઢ કલાકારનું બહુમાન કરી એમને ખાસ પુરસ્કારથી નવાજવામાં આવે છે. આ રીતે આ વર્ષે જાણીતા કલાકાર શ્રી યજ્ઞે-





△ શ્રી રવિશંકર રાવળ | શિલ્પી : ડી. એસ. કેળકર

સાયુજ્ય ▷ શિલ્પી : એમ. વેલ્લાયુધમ. ઈનામ ૨૦૦ રૂ.




◁ બંસીવાદક • શિલ્પ : એમ. વેલાયુધમ.



નીચે : મૃત્યુ સમયે ચક્ષુદાન કરો (ડૉનેટ યોર આઈ વ્હેન યુ ડાઈ) પોસ્ટર : સુરેશ મોરે (ઈનામ : ૧૦૦૦ રૂપિયા)

વ્યાવહારિક કલાના વિભાગમાં પોસ્ટરો સિવાય ખાસ કંઈ જોવા મળ્યું નહિ.



નીચે : ગ્રાફિક્સ વિભાગમાં વિનોદ શાહની આ કૃતિનું નામ છે 'રોડ રોલર'. કલાકારને ખરેખર શું કહેવું છે એ તો ખબર નથી, પણ અમને લાગે છે કે 'સર્જન અને વિનાશ' જેવો કંઈ ભાવ છે. નવા માર્ગનું સર્જન અને એ થકી 'રોડ રોલર'થી કચડાતું ફૂલ અને દૂષિત થતી હવાના સૂચન વડે વિનાશ સૂચવ્યો લાગે છે.

આ ચિત્રને ૫૦૦ રૂ.નું ઈનામ મળ્યું છે.



△ 'ઊર્મિ' સુથાર મહેન્દ્રનું એક છબિચિત્ર. પ્રદર્શનમાં માત્ર ગણ્યાંગાંઠયાં જ છબિચિત્રો રજૂ થએલાં. નીચે ડાબી ડાજુ: પારેવાંનો માળો. ગ્રાફિક્સ વિભાગમાં હંસા ચિ. પટેલની આ કૃતિને ૨૦૦ રૂ.નું ઈનામ મળ્યુ હતું. નીચે જમણી બાજુ: ચતુર વાંદરો અને બે બિલાડીની જાણીતી વાર્તાનું પરમાર મહેન્દ્ર રઘુનાથ (ધો. ૮ થી ૧૧ની શ્રેણીમાં)નું ૫૦ રૂ.નું ઈનામ પામેલું ચિત્ર.



જમણી બાજુ: 'પાઘડી વાળો' ડ્રૉઈંગ: ઈશ્વર સાગર

શ્વર શુક્લનુ સન્માન કરવામાં આવ્યું. પ્રદર્શનમાં આ સન્માનિત કલાકાર તથા રાજ્યના અન્ય નામી કલાકારોની આમંત્રિત કૃતિઓ પણ રજૂ થાય છે.

રાજ્યવ્યાપી આ પ્રદર્શન દ્વારા ગુજરાતની કલાપ્રવૃત્તિનો વિકાસ અને વલણ જોવાની એક સારી તક મળે છે. તદનુસાર છેલ્લાં વર્ષોનાં પ્રદર્શનો જોતાં સ્પષ્ટ થાય છે કે ગુજરાતની કળા પણ આધુનિક—મૉડર્ન—ના પંથે હવે ઠીકઠીક ઢળી ગઈ છે. અલબત્ત, યુગાનુકૂલ નાવીન્ય જરૂર આવકાર્ય ગણાવું જોઈએ, પણ 'અગોચર' તત્ત્વોથી ભરપૂર બનીને કલા જનસામાન્યને ન સ્પર્શે એટલી લોકવિમુખ થઈ અમુક મર્યાદિત વર્તુળનો જ વિષય બની રહે એ યોગ્ય નથી. આ વર્ષના જ આંકડા જોઈએ તો પ્રદર્શન માટે કુલ ૨૪૬૯ કૃતિઓ આવી હતી એમાંથી ૫૮૩ રજૂ થઈ. મતલબ કે પોણા ભાગની કૃતિઓ હજી પ્રદર્શનને યોગ્ય કક્ષાએ પહોંચી શકી નહોતી. 'વસ્તુલક્ષી' અને 'મૉડર્ન' એવા ચિત્રકલાના બે વિભાગોમાં પડેલા વિભાગ માટે મળેલી ૧૪૯ કૃતિઓમાંથી ૨૩ અને બીજા માટે આવેલી ૨૦૦ કૃતિઓમાંથી ૧૩૭ પ્રદર્શિત થઈ. આ જ રીતે ૧૯ વસ્તુલક્ષી શિલ્પોમાંથી ૩ અને ૪૪ મૉડર્નમાંથી ૧૧ રજૂ થયાં. આમ, કલાકારો ને એમને અનુસરતા કલાના વિદ્યાર્થીઓનું વલણ 'મૉડર્ન' તરફ સવિશેષ ઢળી રહ્યાનું સ્પષ્ટ થાય છે. પરિણામે એનો ચાહક અમુક મર્યાદિત વર્ગ જ એનો લાભ માણી શકે છે અને અન્ય જનો માટે આ બધું એમની પહોંચની બહારનું થઈ રહે છે. નજીકનાં ગામની શાળાઓના વિદ્યાર્થીઓ અમદાવાદના પ્રવાસે આવે છે તેઓ પણ તક મળ્યે આ પ્રદર્શનની મુલાકાત લે છે, પણ એ મુલાકાતમાંથી તેઓ શું પામી જતા હશે એ એક પ્રશ્ન છે. તેઓ પોતે તો આ આધુનિક કલાપ્રવાહને સમજતા જ નથી, કે નથી એમની સાથે આવેલા શિક્ષકોની એ હેસિયત કે એમને સમજાવી શકે. નવા પ્રવાહને અપનાવવામાં કલાકારોએ કદાચ પોતાનો વિકાસ (?) સાધ્યો હશે, પણ પ્રજાની અને કલાની વચ્ચે આજે જાણે ઘણું મોટું અંતર પડી ગયું છે. માત્ર અંગ્રેજી નામાભિધાન કે ક્રમસંખ્યા યા તદ્દન અભિધાનરહિત આ ચિત્રોના ભડકામણા રંગ-આકારોને જનસામાન્ય ન માણી શકે તો એમાં એનો બિલકુલ દોષ નથી. રાજ્ય કક્ષાએ આ પ્રદર્શનનો હેતુ પ્રજાને કલા સમજતી અને એનો રસ માણતી કરવાનો છે. પણ જે કલાકૃતિઓ સમજવી જ મુશ્કેલ છે એને પ્રજા કઈ રીતે માણી શકશે? અને આ પરદેશી ચાલે ચડયા પહેલાંનાં સર્જનો શું કલાની વ્યાખ્યા બહારનાં હતાં?

આ જ પ્રદર્શનની વાત કરીએ તો એમાં ગુજરાતના અનેક નામી કલાકારોની એક પણ કૃતિ જોવા ન મળી. રાજ્યસન્માનિત કલાકાર





શ્રી યજ્ઞેશ્વરની વૈવિધ્યયુક્ત કલારાફ્તિ સુખ્યાત છે. એમનાં બેચાર ગ્રાફિક્સથી વધુ એમનું કોઈ કામ પણ અહીં રજૂ ન થઈ શક્યું. આમંત્રિત કૃતિઓમાં માત્ર ગણીગાંઠી કૃતિઓ જ જોવા મળી. સ્થાપત્ય વિભાગમાં માત્ર બે જ રચનાઓ અને વ્યાવહારિક કલાના વિભાગમાં લગભગ પોસ્ટરો જ હતાં. ફોટોગ્રાફીના વિભાગમાં ચિત્ર કે ટેકનિકની દૃષ્ટિએ ખાસ કંઈ જ નવું ન મળ્યું. શિલ્પો પણ ચિત્રોની વચ્ચે નજર બહાર રહી જાય એટલાં જ હતાં. પ્રદર્શન જોયા પછી શાળાના વિદ્યાર્થીઓની કૃતિઓ અને કેટલાંક ચિત્રોની મન પર અસર ન હોત તો ભડકામણા રંગ-આકારોનો પ્રભાવ કોઈ દુઃસ્વપ્ન જોયા સમો બની રહે એમ કહેવામાં જરા યે અતિશયોક્તિ નથી. ગ્રાફિક્સમાં માધ્યમ પરનો કાબૂ વધેલો સ્પષ્ટ દેખાયો, પણ વિષય અને રજૂઆતમાં તો આ કલાકૌશલને પણ મૉડર્નનો ઓછાયો આભડી ગયો છે.

અને છતાં યે હજી આશા છે. લોકો મૉડર્ન કૃતિઓને સમજવા હજી મથે છે. એકબીજાને અનુસરીને ઢગલાબંધ ચીતરાતાં મૉડર્ન ચિત્રોની પાછળ પણ કંઈક કલારહસ્ય હશે એમ માની ઘણા એમાંથી કંઈ અર્થ તારવવા મથામણ કરતા જોવા મળે છે. એમનું એ દુર્ભાગ્ય છે કે એમને આ નવી કળાનું રહસ્ય ખુદ કલાકાર પણ સમજાવી શકતો નથી, યા એ સમજાવવાની એને ખેવના નથી. અને છતાં એ પ્રજા પાસેથી પોતાની કલાની કદરની આશા તો રાખે જ છે! વિચારતાં ગ્લાનિ ઊપજે છે કે કલાના નવા પ્રવાહને નામે ચાલતો આ છંદ કેવળ કુછંદ તો નહિ બની રહે! જેમને માટે રાજ્ય આટલા મોટા ખર્ચે આ સમગ્ર પ્રવૃત્તિ ચલાવી રહ્યું છે એ પ્રજાને એનો ખરો લાભ મળે છે ખરો? આ પ્રશ્નનો ઉત્તર જો નકારમાં હોય તો એના સમગ્ર આયોજનને નવેસરથી વિચારવું ઘટે. પ્રજાના કલારસને જો આપણે ઉપર ઊંચકવો હશે તો એની સામે હાથ લંબાવવા થોડું આગળ આવવું પડશે; અક્કડ ઊભા રહે નહિ ચાલે. આ માટે કેવળ ચાતુરીભરેલો વાગ્વિલાસ જ પૂરતો નથી. એથી સામો પક્ષ કદાચ ચૂપ થઈ રહેશે, પણ એ ચૂપકીદીની પાછળ સ્વીકાર નથી. રાજ્યની આટલી મોટી સહાય પછી યે જો પ્રજામાં કલાભિરુચિ ન કેળવાય તો એનો દોષ કલાકારો પર જ રહેશે.

શતરંજના કોયડા . . . . , ... સુરેશ મોદી

શતરંજના કોયડાના ત્રણ મુખ્ય પ્રકાર છે.

૧) Direct mate problems: જેમાં સફેદે જણાવેલી (ખાસ કરીને બે કે ત્રણ) ચાલમાં કાળાને ગમે તે બચાવ સામે મહાત કરવાનો હોય છે.

૨) End-game studies: જેમાં રમતના અંતની મહોરાંની સ્થિતિ આપી હોય છે ને તેમાં કાળાના શ્રેષ્ઠ બચાવ સામે સફેદ કેવી રીતે જીતે કે ડ્રૉ મેળવે તે બતાવવાનું હોય છે.


૩) Fairy Chess problems: જેમાં શતરંજની રમતમાં હોય છે તે કરતાં જુદું બોર્ડ, જુદાં મહોરાં કે જુદી શરતો સાથે રમવાનું હોય છે.

આમાંથી પહેલા બે પ્રકારના કોયડા વર્તમાનપત્રોમાં તેમજ સામયિકોમાં જોવા મળે છે. ત્રીજા પ્રકારના કોયડા માત્ર શતરંજ વિષેનાં જ કોઈ સામયિકોમાં આવે છે. ઘણા શતરંજપ્રેમીઓને એની ખબર પણ હોતી નથી એટલે આ પ્રકારના કોયડાની અનેરી મોજથી તેઓ અપરિચિત રહે છે. આપણે હવે થોડા એવા કોયડાઓનો પરિચય કરી શતરંજની રમતનો એક અલગ પ્રકારનો આનંદ લઈશું.

કોયડાને શતરંજનું પદ્ય કહે છે. શતરંજનો એ કલાવિભાગ કહીએ તો યે ખોટું નથી. Fairy Chess Problem આ કલાનું અદ્યતન રૂપ છે. કોયડા રચનાર એક કલાકાર છે. તેની કલ્પનાશક્તિ જ્યારે શતરંજના સામાન્ય નિયમોથી રૂંધાતી લાગે અને તેની બહાર ઊડવાનું મન થાય ત્યારે તે Fairy ક્ષેત્રે બુદ્ધિ દોડાવે છે. જુદાં મહોરાં કે બોર્ડનાં ખાનાંની જુદી રચના, અનોખી શરતને લીધે સાધારણ કોયડામાં ન બતાવી શકાય તેવું કંઈક Fairy Chessમાં બતાવી શકાય છે. જેમકે સામાન્યતઃ શતરંજમાં ફક્ત બેવડી શેહ શક્ય છે. જ્યારે Fairy Chessમાં ત્રેવડી શેહ પણ શક્ય બની શકે.

અહીં આપણે એક ટચૂકડા બોર્ડ પરનો કોયડો જોઈએ. એમાં બોર્ડનો આકાર રીવોલ્વર જેવો હોવાથી આ કોયડાને 'રીવોલ્વર પ્રૅક્ટિસ' એવું નામ આપ્યું છે.

T. R. Dawson (1911)



આ કોયડામાં સફેદે રમવાનું અને ૨૧ ચાલમાં મ્હાત (mate) કરવાનું છે.

અહીં સફેદ મહોરાં માટે એક જ ખાનું ખાલી છે. એક મહોરું ત્યાં જતાં, બીજું ખાનું ખાલી થાય. આમ ચલકચલાણું કરતાં ૨૧ ચાલમાં સફેદ કાળાને મહાત કરે છે. દરમિયાન કાળા રાજાને બે ખાનાં વચ્ચે જ આવજા કર્યા સિવાય અન્ય કોઈ રસ્તો નથી? આ રમૂજી કોયડાનો હલ તમે મેળવી શકશો?

(ઉકેલ નીચે અવળો આપ્યો છે)

ઉકેલ: કાળો રાજા a3 અને b3 એ બે જ ખાનાં પર આવજા કરી શકતો હોઈ ફક્ત સફેદની ચાલ અહીં આપી છે (ઘોડા–knight માટે જર્મન શબ્દ Springenના ટૂંકા રૂપ 'S'નો ઉપયોગ અહીં કર્યો છે.)

1 S(=N)g3, 2 Rh1, 3 Sg1, 4 Rf3, 5 Bf2, 6 Re3, 7 Sf3, 8 Rg1, 9 Sh1, 10 Bg3, 11 Sf2, 12 Rh1, 13 Sg1, 14 Rf3, 15 Ke3, 16 Sd3, 17 Kf2, 18 Re3, 19 Kf3, 20 Sf2, 21 R×c3.

જયા — પશ્ચિમી ક્ષત્રપોના સિક્કા ○○○ પ્રાચીન સિક્કા ૧૪

લેખક · ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

જ્યારે ઉત્તર ભારતમાં કુષાણ રાજાઓ રાજ્ય કરતા હતા ત્યારે પશ્ચિમ ભારતમાં શક જાતિના રાજાઓની સત્તા પ્રવર્તી. તેઓ શરૂઆતમાં ઉત્તર ભારતમાં ક્ષત્રપ અર્થાત્ રાજ્યપાલ હતા, પરંતુ સમય જતાં પશ્ચિમ ભારતમાં રાજા બની ગયા હતા. છતાં તેઓ 'રાજા' ઉપરાંત 'ક્ષત્રપ' કે 'મહાક્ષત્રપ' બિરુદ ધારણ કરતા. મહાક્ષત્રપ મુખ્ય રાજા હતો ને ક્ષત્રપ મદદનીશ રાજા હતો. બંને પોતાના નામે સિક્કા પડાવવાનો અધિકાર ધરાવતા.

પશ્ચિમ ભારતમાં પહેલાં ક્ષહરાત કુલના ક્ષત્રપોની સત્તા પ્રવર્તી. એ કુલનો પહેલો જ્ઞાત રાજા છે ભૂમક. એના સિક્કા તાંબાના છે. એની એક બાજુ પર બાણ, નાનું ચક્ર અને વજ્રનાં ચિહ્ન અને ખરોષ્ઠી લિપિમાં પ્રાકૃત લખાણ હોય છે; ને બીજી બાજુ પર સિંહવાળું સ્તંભ-શીર્ષ અને ચક્રનાં ચિહ્ન તથા બ્રાહ્મી લિપિમાં સંસ્કૃત લખાણ હોય છે. લખાણમાં 'ક્ષહરાત ક્ષત્રપ ભૂમક'નું નામ હોય છે.


બીજો ક્ષહરાત રાજા છે નહપાન. એના સિક્કા ચાંદીના છે. એના અગ્ર ભાગ પર વચ્ચે રાજાનું મુખ ને એની આસપાસ ગ્રીક-રોમન લખાણ હોય છે; પૃષ્ઠ ભાગ પર બાણ, નાનું ચક્ર અને વજ્રનાં ચિહ્ન તથા બ્રાહ્મી-ખરોષ્ઠી લિપિમાં 'રાજા ક્ષહરાત નહપાન'નું નામ પ્રાકૃતમાં હોય છે.

નહપાનના સમયના લેખો પશ્ચિમ ઘાટની ગુફાઓમાં મળ્યા છે. એ વર્ષ ૪૧ થી ૪૬ના છે. ઘણા આ વર્ષોને શક સંવતના માની એ વર્ષ ઈ. સ. ૧૧૯–૧૨૪નાં ગણે છે, પરંતુ અંધૌના વર્ષ ૧૧ના લેખની શોધ પછી આ વર્ષો શક વર્ષ ૧૧ (ઈ. સ. ૮૯–૯૦)ની પહેલાંનાં વર્ષો લાગે છે. નહપાનનું રાજ્ય પછીથી દખ્ખણના સાતવાહન રાજા ગૌતમીપુત્ર શાતકર્ણિએ પડાવી લઈ એના સિક્કાઓ પર પોતાના નામની છાપ પડાવી.

થોડા વખતમાં કાર્દમક કુલના ક્ષત્રપોએ એમાંના ઘણા પ્રદેશ પાછા મેળવ્યા, જેમાં માળવા, ગુજરાત અને દક્ષિણ રાજસ્થાનનો સમાવેશ થતો. આ રાજવંશનો સ્થાપક ચાષ્ટન ઉજ્જનથી રાજ્ય કરતો. એના સિક્કાના અગ્ર ભાગ પર વચ્ચે રાજાનું મુખ અને એની આસપાસ ગ્રીક-રોમન લિપિમાં રાજા ક્ષત્રપ ચાષ્ટનનું નામ હોય છે. પૃષ્ઠ ભાગ પર શરૂઆતમાં ચંદ્ર અને સૂર્યનાં ચિહ્ન અપાતાં; આગળ જતાં એ બે ચિહ્નોની વચ્ચે ત્રિકૂટ પર્વતનું ચિહ્ન ઉમેરાયું. પર્વતની ટોચ પર ચંદ્રનું અને પર્વતની નીચે નદીનું ચિહ્ન અપાતું. પહેલાં વચલા ચિહ્નને ચૈત્ય માનવામાં આવતું, પરંતુ હવે એ ત્રણ શિખરવાળો પર્વત મનાય છે. પૃષ્ઠ ભાગ પર બ્રાહ્મી-ખરોષ્ઠી લિપિમાં 'રાજા ક્ષત્રપ (કે મહાક્ષત્રપ) ઝ્સામોતિક-પુત્ર ચાષ્ટન'નું નામ પ્રાકૃત ભાષામાં દેખા દે છે. આ સિક્કા કદમાં હાલના ૨૫ પૈસાના સિક્કા જેવડા હોય છે. એ મોટે ભાગે ચાંદીના હોય છે. થોડા સિક્કા તાંબાના, પૉટનના કે સીસાના હોય છે. ઘણાખરા સિક્કા ગોળ છે, થોડાક ચોરસ. આગળ જતાં ગ્રીક-રોમન અક્ષરો અર્થહીન શોભાચિહ્ન બની ગયા ને ખરોષ્ઠી અક્ષર સમૂળા લુપ્ત થઈ ગયા. આ સિક્કા અર્ધ-દ્રમ તોલના હોવા છતાં 'કાર્ષાપણ' તરીકે ઓળખાતા.


ચાષ્ટનનો પૌત્ર રાજા મહાક્ષત્રપ રુદ્રદામા ૧લો ગિરનારના શૈલલેખ (ઈ. સ. ૧૫૦) દ્વારા સુપ્રસિદ્ધ છે. એના પુત્ર રુદ્રસિંહ ૧લાના સમયથી ક્ષત્રપ સિક્કાના અગ્ર ભાગ પર રાજાના મુખની પાછળ સિક્કા પાડવાના વર્ષની સંખ્યા આપવાની પ્રથા પ્રચલિત થઈ. વળી બ્રાહ્મી લખાણમાં સિક્કા પડાવનાર રાજાનાં તેમજ એના પિતા કે પુરોગામીનાં નામ અને બિરુદ આપવામાં આવતાં. આથી આ સર્વ વિગતો પરથી ક્ષત્રપ રાજાઓની સાલવારી તથા વંશાવળી બંધ બેસાડી શકાય છે. ઇતિહાસના સાધન તરીકે સિક્કાઓના મહત્ત્વનું ઉત્તમ ઉદાહરણ ક્ષત્રપ સિક્કાઓ પૂરું પાડે છે. સમય જતાં આ રાજાઓ સૌરાષ્ટ્રમાં રહી રાજ્ય કરતા.

ચાષ્ટન પછી ૨૭ ક્ષત્રપ રાજા થયા. આ રાજાઓએ લગભગ ઈ. ૮૯ થી ૩૯૮ સુધી રાજ્ય કર્યું. શક સંવતનો આરંભ ચાષ્ટનના રાજ્યકાલથી થયો હોય એ હવે વધુ સંભવિત લાગે છે. ગુજરાતમાં પશ્ચિમી ક્ષત્રપ રાજાઓના સેંકડો સિક્કાઓના નિધિ મળ્યા છે ને છૂટાછવાયા સિક્કા પણ ઘણા મળ્યા કરે છે. ગુજરાતના લગભગ દરેક પ્રાચીન નગરનાં ખંડેરોના ખોદકામમાં ક્ષત્રપ સિક્કા નીકળે છે. રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રમાં પણ ક્ષત્રપ સિક્કાઓના નિધિ મળ્યા છે. આ સિક્કાઓની અસર એ પછીનાં અનેક રાજ્યોના સિક્કાઓ પર પ્રવર્તી.



ક્ષત્રપ સિક્કા

ઈ. સ. પૂર્વે ૭૦ થી ઈ. ૩૯૫ સુધીમાં ગુજરાત કાઠિયાવાડ અને પશ્ચિમી હિંદના મોટા ભાગ ઉપર મધ્ય એશિયામાંથી આવેલા ક્ષત્રપ–સત્રપોનું રાજ હતું. તેઓ અન્ય આક્રમણકારિ જેવા જંગલી નહિ, પણ ઈરાનના સંસર્ગથી સંસ્કારી થએલા હતા. એમના અમલમાં પશ્ચિમ ભારત આબાદ અને ઉન્નત બન્યું. તેમના એક કુળનો નહપાન નામનો બૌદ્ધધર્મી રાજા પ્રતાપી થઈ ગયો. દક્ષિણમાં છેક મહારાષ્ટ્ર સુધી એની આણ પ્રવર્તતી. ઈ. ૧૯૦૭માં નાસિકમાંથી એના એકસાથે તેર હજાર સિક્કા મળેલા. ડાબી બાજુ બતાવેલા તેના રૂપાના સિક્કામાં એક બાજુ રાજાનો ચહેરો અને અપભ્રષ્ટ ગ્રીક લિપિમાં લખાણ છે. તથા બીજી બાજુ, વચ્ચે બાણ અને વજ્રનાં ચિત્રો સાથે તેને ફરતું બ્રાહ્મીલિપિમાં 'રાણો છહરાતસ' તથા ખરોષ્ઠી લિપિમાં 'નહપાનસ' એવું લખાણ—એટલે કે ક્ષહરાત રાજા નહપાણ (નો સિક્કો) એવું લખેલું છે. ¶ ક્ષત્રપોનું બીજું રાજકુળ ચાષ્ટન નામના રાજાએ ઉત્તરમાં માળવા સુધી વિસ્તાર્યું અને દક્ષિણનાં આંધ્રો પર વિજય મેળવી પશ્ચિમ કંઠારનાં બંદરો અને ત્યાંના સમૃદ્ધ સાગરી વેપાર પર સ્વામીત્વ મેળવ્યું. જમણી બાજુ એના સમયનો એક સિક્કો આપ્યો છે, જેમાં એક તરફ ગ્રીક લિપિ સાથે રાજાનું મહોરું અને બીજી બાજુ વચ્ચે ચૈત્ય તથા તેને બે પડખે સૂર્ય-ચંદ્ર, નીચે નદી અને ચોમેર બ્રાહ્મી લિપિમાં 'રાજા મહાક્ષત્રપ સદ્દસિંહના પુત્ર રાજા મહાક્ષત્રપ દામસેનનો (સિક્કો), એ અર્થનું લખાણ છે. ચાષ્ટનના સમય પછી સિક્કાઓ પરથી ખરોષ્ઠી લિપિ અદૃશ્ય થાય છે. પાંચમા ક્ષત્રપ જીવદામનના સિક્કાઓમાં શક સંવત લખાવા માંડી જે એ સમયના ઇતિહાસનો કાળનિર્ણય કરવામાં બહુ અગત્યની થઈ પડી છે.




પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર



ફેબ્રુઆરી ૧૯૫૧ - સળંગ અંક ૩૨૬

સ્થાપત્ય વિષયક લોકભોગ્ય લેખો આપવાની શરૂઆત 'કુમારે' કરી. એવો એક 'વાવનું સ્થાપત્ય' નામક લેખ ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસના લેખક રત્નમણિરાવ ભીમરાવે આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આપેલો. તે તેનાં ચિત્રો સાથે આસ્વાદ્ય થશે:



દાદા હરીની વાવ પાસેના રોજા ઉપરના પ્રત્યેક કાંગરામાં આવી વિવિધ કોતરણી છે.


આપણે પગથિયાંવાળા કૂવાને 'વાવ' કહીએ છીએ. હિંદની કોઈક પ્રાંતભાષામાં સામાન્ય કૂવાને પણ 'વાવ' કહે છે. વાવની રચનામાં એક ખાસ કારણ રહેલું છે. પ્રચંડ સૂર્યના તાપમાં એમાં જે શીતળતા અનુભવાય છે તે સામાન્ય કૂવા તળાવમાં મળે નહિ. વળી રસ્તે જનાર મુસાફર પાણી ખેંચવાના દોરડા વિના જ સીધો પાણી પાસે જઈને તે મેળવી શકે છે. વાવ કે કૂવો કરાવવો કે તળાવ ખોદાવવું એ આપણામાં ભારે પુણ્યનું કાર્ય ગણાયું છે. એટલે જ દલપતરામે ગાએલું કે:

> નિર્જળ ગામ નવાણ ગળાવો, વાવ-કૂવા નદીતીર તળાવો;
> શોધી જૂનાં ફરી સઘ સુધારો, એ ધનના ધણી ધર્મ તમારો.

કૂવાઓની વિવિધ જાતોમાં વાવ એ આપણા ગુજરાતની એક ખાસ વિશિષ્ટતા છે. દક્ષિણમાં દ્રાવિડ દેશમાં પગથિયાંવાળા કૂવા હોય છે ખરા, પણ એ આપણી વાવ કરતાં તદ્દન જુદા પ્રકારના હોય છે. એને 'કલ્યાણ-વાપી' કહે છે. હેતુ બંનેનો સરખો છે. પણ કલ્યાણ-વાપી એ કુંડ જેવો પહોળો મોટો કૂવો હોય છે. અને એમાં એક બાજુ, કે ઘણી વાર ચારે બાજુ પગથિયાં હોય છે. ઉપરથી પહોળો ને અંદર જતાં કુંડની પેઠે એ કૂવો સાંકડો થતો જાય છે. પણ ઉપરથી તે ખુલ્લો હોવાથી તડકામાં તાપથી રક્ષણ મળતું નથી, અને શીતળતા તો હોતી જ નથી. કોઇકોઈ કલ્યાણ-વાપીમાં ઉપર કિનારે એકાદ છત્રી જેવું આરામસ્થાન બાંધેલું હોય છે. પણ આપણી વાવમાં તો ઉપરથી નીચે સુધી–છેક પાણીની સપાટી સુધી છાયા અને શીતળતા મળે છે અને આરામસ્થાન પણ મળે છે એ ખાસ વિશિષ્ટતા છે. એની સાથેસાથે એના સ્થાપત્યમાં જે કલા વાપરેલી હોય છે અને તેથી મનને જે આનંદ મળે છે તેની તો વાત જ જુદી છે. આજે રેલવે ને મોટરના જમાનામાં આ બધી વસ્તુઓનો ખયાલ આપણને ભાગ્યે જ આવે; પણ જૂના જમાનામાં પગરસ્તે જનારને રસ્તામાં તાપમાં છાયા મળે ને ઠંડું પાણી ને આરામસ્થાન મળે ત્યારે એ વાવના બાંધનારને અનેક આશીર્વાદ મળે એ સ્વાભાવિક છે.

કૂવા જેવી આવી સામાન્ય વસ્તુમાં પણ ગુજરાતી કારીગરે જે કલા ભરી છે તે જોઈ પરદેશીઓ તો મુગ્ધ જ થઈ જાય છે. તળાવોની ગરણીઓમાં, ભમરિયા કૂવાઓમાં અને વાવોમાં આપણા સ્થાપત્યકલાના ઉસ્તાદોએ કરેલા શણગાર, આવી સામાન્ય વપરાશની ચીજોમાં અન્ય દેશોમાં જોવામાં આવતા નથી. અને એ ત્રણેમાં પણ વાવમાં જે કોતરકામ મળે છે તે તો બધાથી ચડે તેવું છે. એનો એકએક ગોખ જુઓ. એના ઝરૂખા જુઓ, એના થાંભલા અને એના કંદોરા જુઓ, એના પાટડા જુઓ,-બધે કલા સભર ભરી છે. વાવની આખી રચના જ જાણે કોઈ સુંદર સાત માળનો મહેલ ભૂગર્ભમાં ઊતરતો હોય તેવી જણાય છે!

વિખ્યાત કલાવિવેચક સ્થપતિ ફર્ગ્યુસન પોતાના સ્થાપત્યના ગ્રંથમાં અમદાવાદની વાવ માટે લખે છે: Now here did the inhabit-



દાદા હરીની વાવના દેખાવ ઉપર, છેક પાણી સુધી, ઊતરતાં પગથિયાં વાટે પહોંચતા માર્ગ માટે કરેલા, શિલ્પમંડિત ગોખવાળા છ માળ.

ants of Ahmedabad show how essentially they were an architectural people as in these utilitarian work. It was a necessity of their nature that every object should be made ornamental and their success was as great in these as in mosques or palaces.'

આ વચનો કેટલાં સાચાં છે તેની પ્રતીતિ આપણી વાવો જોવાથી થશે. ગુજરાતભરમાં ઠેરઠેર વાવો હતી. ઘણી સાદી પણ હતી; ઘણી સુંદર કારીગરીથી ભરેલી હતી. પાટણની વિખ્યાત રાણીવાવનો આજે માત્ર એક નાનકડો ખાડો જ રહ્યો છે, પણ કૂવાનો એટલો થોડો ભાગ પણ એની ઉમદા કારીગરી બતાવી રહ્યો છે. ગુજરાતની આવી પ્રાચીન સુંદર વાવોના ઉત્કૃષ્ટ નમૂના હજી યે અખંડ રૂપમાં અમદાવાદમાં જોવા મળે છે. એ શહેરમાં આવેલી દાદા હરીની વાવ અને થોડે દૂર અડાલજની વાવ એ આપણી વાવની સ્થાપત્ય-કારીગરીના પ્રતિનિધિ રૂપ છે.


'રાજવલ્લભ' નામે સ્થાપત્યના પ્રાચીન ગ્રંથમાં વાવના જે પ્રકાર ગણાવ્યા છે તેમાં કરેલા વર્ણન પ્રમાણે અમદાવાદની દાદા હરીની વાવ 'ભદ્રા' જાતની વાવ કહેવાય છે, કારણ તેને બે મુખ છે: એક સામાન્ય રીતે તેને પડથેથી પગથિયાં દ્વારા ઊતરીને પાણીએ પહોંચવાનું, અને બીજું, કૂવાને મથાળે બાંધેલી અગાસીમાંથી કૂવાના ગોળાકારે ચોમેર ઊતરતાં પગથિયાં દ્વારા પાણી ઉપર પહોંચવાનું. જ્યારે સામાન્ય એક મુખ વાળી (અમદાવાદની માતર ભવાનીની વાવ જેવી) વાવોને 'નંદા' કહે છે.

વાવના આવા કલાત્મક સ્થાપત્યનો આસ્વાદ લેવા માટે આપણે અમદાવાદની દાદા હરીની વાવનું ઉદાહરણ લઈએ. એ ત્યાં અસારવા નામે પરામાં આવેલી છે. ગુજરાતના સર્વથી મોટા સુલતાન મહંમૂદ બેગડાના અંતઃપુરની કોઈ ભારે લાગવગ ધરાવતી બાઈએ એ બંધાવી છે. એ બાઈ મહંમૂદની પોતાની કે એના કુંવરની ધાવ હોવાનો સંભવ છે. દદ્દા (એટલે દાઈ અગર ધાવ) ઉપરથી દાદા શબ્દ એના નામ આગળ લાગેલો છે. વાવની અંદરના શિલાલેખમાં 'અંતઃપુરદ્વારે સર્વાધિકારિણી બાઈશ્રી હરીર' એવા શબ્દો છે; અને વિ. સં. ૧૫૫૬ના પોષ સુદ ૧૩ને સોમવારે (૧૫ ડિસેમ્બર ૧૪૯૯ના રોજ) તે બંધાયાનું ત્યાં લખેલું છે. એમાં ૩,૨૯,૦૦૦ મહમૂદી રૂપિયાનો ખર્ચ થયો છે. લેખ ઉપરથી સમજાય છે કે મુસલમાન અધિકારીની દેખરેખ નીચે હિંદુ સ્થપતિએ એ વાવ બાંધી છે. મલિક બિહામિદ (મહમૂદ?) નામના અધિકારીની દેખરેખ નીચે ગજધર વૈશ્ય સુવીરા દેવા, ગિરણા, માંડ-સાવાગ્યા તથા માંડ વીરા એટલાં હિંદુ નામો તેમાં લખેલાં દેખાય છે. વાવમાં સંસ્કૃત અને અરેબિક એમ બે જુદાજુદા લેખો છે, પણ બંનેની તારીખોમાં ફેર પડે છે. તે કદાચ ખાતમુહૂર્ત ને પ્રવેશમુહૂર્તની જુદીજુદી તારીખોને લીધે હશે.


આ વાવની લંબાઈ ૨૪૧ા ફીટ છે. અંદરના મંડપો ૧૬ ફીટના છે. અષ્ટકોણ કૂવાનો ચોરસ ભાગ ૨૪ ફીટનો છે. થાંભલા સાદા છે, પણ ગોખની કોતરણી સારી છે. અષ્ટકોણ કૂવાની બાજુઓમાં પણ સારું કોતરકામ છે, અને એની આસપાસ, અગાસીએથી ઊતરતી આવતી ગોળ સીડીઓનાં પગથિયાં પાણીની એક સપાટી સુધી અંદર ઊતરે છે. આ વાવની મરામત પાછળ ગઈ સદીમાં સરકારે એક હજાર રૂપિયા ખર્ચેલા. તેના કૂવાનો ઉપયોગ મથાળેથી કોસ જોડીને પાણી ખેંચી જમીનને પાવામાં પણ થાય છે. નજીકમાં જ આવેલી આચારજીની વૈષ્ણવ બેઠકવાળાઓ ગઈ સદીમાં એ રીતે કરતા હતા.

વાવની પાછળ જ તેની બાંધનાર બાઈ હરીરની મસ્જિદ અને રોજો છે. આ વાવ તથા મસ્જિદ બાંધીને બાઈ હરીરે પોતાની શાંત આરામગાહ એ સ્થળે બનાવી છે. એ સ્થળનું નામ પહેલાં હરીરપુર અગર હરીપુર હતું. મસ્જિદની આસપાસ બગીચો હતો ને વાવમાંથી એ બગીચાને પાણી મળતું. એ ઉપરથી અંતઃપુરની સર્વાધિકારિણી હોવા છતાં બાઈ હરીર આ સ્થળે પોતાનું નિવાસસ્થાન પણ રાખીને શાંત જીવન ગાળી ઈશ્વરસ્તવન કરતી હશે. એ સમયે એ સ્થળ અમદાવાદનાં સ્થળોમાં સૌન્દર્યધામ પણ ગણાતું હતું. એ વાતની શાખ તો, વાવ જેટલી જ એની મસ્જિદ પણ આજે પૂરે છે.

દાદા હરીની વાવની પાસે થોડે દૂર, અસારવામાં જ માતર ભવાનીની એક બીજી વાવ છે. કોઈ તો એને અમદાવાદ શહેર વસતાં પહેલાંની કહે છે. જ્યારે કોઈ કૌરવ-પાંડવના કાળની કહે છે! આપણા કોઈ પણ પ્રાચીન મંદિરના ખંડિયેરના મંડપને જેમ ગામડાના લોકો આજે પણ 'સીતાજીના લગ્નની ચોરી' કહે છે, તેમ કોઈ પણ પ્રાચીન વસ્તુને રામ અગર પાંડવોની કહેવાની આપણામાં, સત્ય જ્ઞાનને અભાવે, રીત પડી ગએલી છે. માતર ભવાનીની આ વાવને અમદાવાદ વસ્યા પહેલાંની કહેવા માટે પણ ખાસ આધાર તો નથી. કદાચ એની બાંધણી ઉપરથી કોઈ એમ કહેતા હોય. આ વાવને લીધે જ આ અસારવાને અમદાવાદ વસ્યા પહેલાંનું 'આશાવલ' ગામ માનવાની ભૂલ સર ટી. સી. હોપ આદિએ કરેલી હોય એમ સમજાય છે. પરંતુ આશાવલનો સ્થળનિર્ણય તો કૅલિકો મિલની આસપાસના ભાગમાં થએલો છે. એટલે, કદાચ જો આ વાવને બહુ પ્રાચીન માનીએ તો પણ, આશાવલથી પાટણ જવાના મહામાર્ગ ઉપર તે આવેલી હોવાનું કહી શકાય. એ અમદાવાદ શહેર બંધાયા પહેલાંની છે એવી માન્યતા આશરે બસો વર્ષ પહેલાં પણ હતી





ઉપર: દાદા હરીની વાવની સ્થાપત્ય-રચના દર્શાવતું છેદાલેખન. તેમાં ડાબી બાજુએ માથે ઘૂમટદાર છત્રીવાળો પ્રવેશનો ચોતરો છે, અને ત્યાંથી પગથિયાં ત્રણ કટકે નીચે પાણી સુધી જતાં દર્શાવ્યાં છે. પાણીના કૂવાના ભાગ ઉપર, પાછળને પાને જોયું તે, બે માળનું સુંદર ઝરૂખાબંધ છત્રીવાળું બાંધકામ છે. નીચે: વાવના તળનું આલેખન.



એમ 'મીરાતે અહમદી'ના ઉલ્લેખ ઉપરથી જણાય છે. વાવમાં માતાજી-ના ગોખ છે તે ઉપરથી એનું નામ પડયું હોય એમ લાગે છે. મીરાતે અહમદી લખે છે કે ત્યાં કોઈ મંદિર હતું ને એ સ્થળે વાવ બાંધવાનું કોઈને સ્વપ્ન આવેલું એવી લોકવાયકા ચાલતી હતી. આર્કાયૉલોજિ-કલ સર્વેવાળા તો વાવમાં માતાજીનો ગોખ પાછળથી બેસાડયાનું લખે છે.

આ વાવમાં કેટલાંક હિંદુ ચિહ્નો છે તે પરથી જ એને હિંદુ કાળની કહેવાય એમ નથી. અમદાવાદથી થોડે દૂર આવેલી અડાલજની વાવ જે ગુજરાતભરની વાવોમાં સર્વોત્કૃષ્ટ ગણાય છે તે મુસ્લિમ કાળની છે, છતાં એમાં ઘણાં હિંદુ શિલ્પનાં ચિહ્નો છે. માતર ભવાનીની વાવના થાંભલા ને પગથિયાં હિંદુ રીતનાં છે. પગથિયાં કાપીને કરેલાં છે. તેમાં હિંદુ કુંડના જેવી બાંધણી લીધી છે. આ વાવમાં અલંકાર નથી. □





દાદા હરીરની વાવ પાસે, એ જ બાઈ હરીરે પોતાને માટે બંધાવેલી મસ્જિદ તથા રોજો પણ છે, જેનું શિલ્પ પણ એટલી જ ઊંચી કક્ષાનું છે. ઉપર જમણી બાજુના ચિત્રમાં, એ મસ્જિદના એક મિનારામાં કંડારેલા નાના ગોખોમાંની સમૃદ્ધ કોતરણી દર્શાવતા બે નમૂના આપ્યા છે. ડાબી બાજુની આકૃતિ, અડાલજની વાવમાંના ગોખલામાં જે વૈવિધ્યભરી કોતરણી કરેલી છે તેનો નમૂનો છે.

સાહિત્યસંપર્ક

‘મોમેન્ટ’

શ્રી ભાનુપ્રસાદ ત્રિવેદીના આ પ્રથમ નાટ્યસંગ્રહમાં ‘ઝમકુકાકી ઝિંદાબાદ’, ‘નરસિંહ મહેતાની હૂંડી’, ‘વનમાં ગહેક્યા મોર’, ‘અમારો વાંક!’ ‘બ-બકરાનું બેં યાને માણસનું નાટક’, ‘કદાચ હું કશું નથી’ અને ‘ભગવાનની હૂંડી’ એમ છ એકાંકીઓ સંગૃહીત થયાં છે. એમનાં આ નાટકો જોતાં બે વસ્તુ ખાસ આગળ તરી આવે છે: ભાવ પરિસ્થિતિને અનુરૂપ ભાષાશૈલી અને પાત્રનિરૂપણની શક્તિ. લેખકે આ નાટકોમાં શિષ્ટ ભાષા તેમજ બોલી (ઉત્તર ગુજરાતની)નો સમુચિત અને સફળ ઉપયોગ કરી બતાવ્યો છે. પ્રથમ નાટ્યકૃતિ ‘ઝમકુકાકી ઝિંદાબાદ’માં આ બોલી દ્વારા વાસ્તવિક વાતાવરણની સાથે સાથે વિનોદ ઊભો કરવામાં પણ એમને સારી કામયાબી મળી છે.

એમના કટાક્ષો સ્થૂળ-સૂક્ષ્મ બંને સ્તરે વિહરે છે. ‘માણસનું નાટક’માં આ કટાક્ષ સામાજિક-રાજકીય પરિસ્થિતિનો ભોગ બનેલા બલિના બકરા જેવા માણસને કેન્દ્રમાં રાખી વેધક બન્યો છે, તો ‘ભગવાનની હૂંડી’માં માનવજીવનની વ્યર્થતા અને વેદનાને એ કટાક્ષ દ્વારા ઊપસાવી આપી છે. આમ કરવા જતાં એમને હાસ્યનો સારો લાભ મળી ગયો છે. ગંભીર વાત એમણે આથી જ હળવી બનાવીને મૂકી છે.

ઉપરાંત ‘કદાચ હું કશું નથી’ જેવી કૃતિમાં માનવમનના તરંગોને કલામયતાથી ચિત્રિત કરી નાટકકારે માનવચિત્તનાં સ્પંદનોને પણ સ્પર્શવાનો પ્રયાસ કર્યો છે. આમ, માનસશાસ્ત્રીય નિરૂપણમાં પણ એમણે પોતાની કલમને રાચવા દીધી છે ને સુપરિણામો પ્રાપ્ત કર્યા છે. ‘માણસનું નાટક’ અને ‘ભગવાનની હૂંડી’ જેવાં એકાંકીઓમાં અતિબહુ પાત્રસૃષ્ટિ કદાચ રંગમંચની મર્યાદા બની રહે એમ લાગે છે.

આ સિવાય આ સંગ્રહનાં એકાંકીઓ રંગમંચ પર તેમજ આકાશવાણી પર ભજવાઈ ચૂક્યાં છે એટલે તેની અભિનેયતા તો પુરવાર થઈ જ ગઈ છે. લેખકે પ્રકાશાયોજન સહિત નાટ્યકલાની પુરાણીથી માંડી આધુનિક ટેકનિકનો લાભ લીધો છે તે તેમની નાટ્યસૂઝ દર્શાવી આપે છે. પાત્રોના સંવાદો, સંચલનો, માનસિકસંચારો, સૂક્ષ્મ સંવેદનો વગેરેનું સફળ નિરૂપણ આ કૃતિઓને કલાઘાટ આપવામાં મોટો ફાળો આપી જાય છે. અહીં પ્રકટ થએલી છ નાટ્યકૃતિઓ વાંચ્યા પછી લાગ્યા વગર નહિ રહે કે તેના લેખકમાં હળવી-ગંભીર ઉભય પ્રકારની કૃતિઓ સર્જવાનું સામર્થ્ય છે, જે એમની પાસેથી ઓર કલામય કૃતિઓ મળી રહેવાની આશા પ્રકટાવે છે. (પ્રકા૦ આદર્શ પ્રકાશન, ૨૪૯૮/૧, રાયખડ રોડ, અમદાવાદ-૧, પાકું પૂઠું, પૃ. ૨૦૦, રૂ. ૯) —ધી. પ.

શબ્દકથા: નઠારું, નખેદ

નઠારુંના મૂળ બાબત કશી મુશ્કેલી નથી. સં. नष्टतर, પ્રા. नट्ठअर અને તે પરથી નઠારું. ‘જે તદ્દન નષ્ટ, નકામું થઈ ગયું છે તે, ‘ખરાબ’. નષ્ટની આવી જ અર્થછાયા विनष्टમાં પણ વિકસેલી તે આપણે विनष्ट ઉપરથી થયેલા વંઠ્યુંમાં જોઈ શકીએ છીએ. ‘વંઠ્યું દૂધ ઊકરડે જાય’ એ કહેવતમાં વંઠ્યું એટલે ‘બગડેલું’ અને તે જ પ્રમાણે વંઠેલો એટલે ‘બગડેલો.’

પણ ‘નઠારું’ એવા અર્થવાળો નखेद શેમાંથી આવ્યો હશે તે બાબત કેટલીક અસ્પષ્ટતા રહે છે. વંઠેલા કે ભરાડી માણસ માટે ‘તે તો ભારે નખેદ છે’ એમ કહેવાય છે. પંજાબીમાં नखिद्ध, निखिद्द ‘નમાલું, હલકટ’; સિંધીમાં निखेदु ‘હલકટ’, ‘નીચ’ એવા સહજન્ય શબ્દો છે. ટર્નર સં. निक्षिप्त, પ્રા. निक्खित्त અને સં. क्षुब्ध, પ્રા. खुध એ બંનેની ભેળસેળથી આ શબ્દો નીપજ્યા હોવાનું માને છે પરંતુ મને છે કે સં. निषिद्ध ઉપરથી મધ્યકાળમાં થએલા निखिद्ध સાથે એ શબ્દોને જોડવા એ વધુ સ્વાભાવિક છે. विष–वख, मनुष्य–मनख વગેરેમાં મધ્યકાળમાં ષકારનો ‘ખ’કાર થએલો છે. અર્થદૃષ્ટિએ પણ निषिद्ध અને नखेद પાસેપાસે છે. અંત્ય ‘ધ’કારનો ‘દ’કાર કરવાનું વલણ खाघ ને બદલે खाद, वाघ ને બદલે वाद, श्राघ ને બદલે सराद વગેરે ઉચ્ચારણોમાં જોઈ શકીએ છીએ.

હરિવલ્લભ ભાયાણી

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૧૪

ગાંધીજીનો અક્ષરદેહ-૩૫: સપ્ટેમ્બર ૧૯૨૭થી જાન્યુઆરી ૧૯૨૮ દરમિયાનના સાડાચાર માસના ગાળાને આવરી લેતાં ગાંધીજીનાં લખાણોના આ ગ્રંથમાં ગાંધીજીનો દક્ષિણ ભારતનો પ્રવાસ અને તે દરમિયાન એમણે કરેલા ખાદીકાર્યના પ્રચારની વાતો-વિગતો વણી લેવાઈ છે. પ્રસંગોપાત્ત અસ્પૃશ્યતા વિષેના એમના દૃઢ વિચારો પણ અહીં રજૂઆત પામેલા જોઈ શકાશે. મદ્રાસ ખાતેના કૉંગ્રેસ અધિવેશનમાં ગાંધીજીએ હાજરી આપી અને તે સમયે હિંદુ-મુસ્લિમ એક્તા તેમજ ભારતના રાજકીય ધ્યેયની વ્યાખ્યા વિષે ગાંધીજી અને અન્ય નેતાઓ વચ્ચેના મતભેદો બહાર આવ્યા તેની શ્રદ્ધેય ઝાંખી પણ આ પુસ્તકમાં કરી શકાશે. અન્ય ભાગોની જેમ માહિતીની સાથે સાથે મહાત્માજીના વ્યક્તિત્વને પણ ઉઠાવ આપતી સામગ્રી અહીં સમ્યક્ રીતે સુલભ થાય છે. (પાકું પૂઠું, પૃ. ૫૨૨, રૂ. ૧૬-૫૦)

સ્વતંત્ર ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ: જાણીતા ગાંધીવાદી લેખક રામનારાયણ ના. પાઠક દ્વારા સરસ શૈલીમાં લખાએલું સરદાર વલ્લભભાઈ પટેલનું આ જીવનચરિત્ર સરદારશ્રીના જન્મશતાબ્દી વર્ષમાં એમને એક મૂલ્યવાન તર્પણ બની રહે તેવું છે. માહિતીની સભરતા પાછળ લેખકે લીધેલો શ્રમ અછતો રહેતો નથી અને એથી જ એ વધુ શ્રદ્ધેય સામગ્રી બની રહે છે. (પાકું પૂઠું, પૃ. ૫૫૮, રૂ. ૨૫)

સરદાર જન્મશતાબ્દી માળા: પ્રસ્તુત માળામાં મુકુલભાઈ કલાર્થીએ કિશોરોને રસ પડે એવી લખાવટમાં આ પ્રમાણે છ પુસ્તિકાઓ પ્રકટ કરી છે: ૧) સરદારશ્રીનું જીવન કાર્ય, ૨) સરદારશ્રીના પ્રેરક પ્રસંગો, ૩) ગાંધીજી અને સરદાર, ૪) સરદારશ્રીનું મુક્ત હાસ્ય, ૫) સત્યાગ્રહી સરદાર અને ૬) સરદારશ્રીની પ્રેરક વાણી (પ્રત્યેકનું કાચું પૂઠું, છના સેટના રૂ. ૧૫)

પરિચય ટ્રસ્ટ
મહાત્મા ગાંધી મૅમોરિયલ બિલ્ડિંગ,
નેતાજી સુભાષ રોડ, મુંબાઈ–૨

પશ્ચિમના દેશોમાં ચાલતી ‘ટ્રૅક’ની જાણીતી પદ્ધતિ પર જ્ઞાનનાં વિવિધ ક્ષેત્રો તથા પ્રચલિત પ્રશ્નો અને વ્યક્તિઓ વિષયક ૩૨ પાનાંની પુસ્તિકાઓ પ્રકટ કરનાર હવે તો અત્યંત લોકપ્રિય અને લબ્ધપ્રતિષ્ઠ પરિચય ટ્રસ્ટ સંસ્થાએ નીચેની પુસ્તિકાઓના ઉમેરા સાથે પોતાની આગેકૂચ જારી રાખી છે:

દરબાર ગોપાળદાસ (લે. ઉછરંગરાય

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી મનુભાઇ પંચોળી
'દર્શક'

સૌરાષ્ટ્રના જૂના વાંકાનેર રાજ્યના પંચાશિયા ગામમાં સં. ૧૯૭૦ના આસો વદ ૧૧ના જન્મ. પાંચ અંગ્રેજી (આજના નવમા ધોરણ) સુધી ભણી સત્યાગ્રહની લડતમાં જોડાઇ જેલ ભોગવી. ભાવનગરમાં શ્રી નાનભાઈ ભટ્ટે સ્થાપેલી 'દક્ષિણામૂર્તિ' સંસ્થામાં ઈ. ૧૯૩૪માં જોડાઈ એમણે નઈ તાલીમનું કામ આરંભ્યું ને પછી આંબલા ને સણોસરામાં એ કાર્ય આગળ લંબાવી 'ગ્રામ દક્ષિણામૂર્તિ' તથા 'લોકભારતી' સંસ્થા દ્વારા ગ્રામપુનર્રચનાનું કાર્ય કરે છે. થોડો સમય ગુજરાતના પ્રધાનમંડળમાં પણ રહ્યા. 'દર્શક' ઉપનામે એમણે રચેલા સાહિત્ય—નવલકથાઓ, નાટક, ઇતિહાસ, નિબંધો, વિવેચન વગેરેમાં એમનું વિચારક-સર્જક સ્વરૂપ પ્રકટ થાય છે. એમના 'સૉક્રેટીસ'ને સાહિત્ય અકાદમીનો ઍવૉર્ડ પણ મળ્યો છે. 'રણજિતરામ સુવર્ણચંદ્રક' અને 'પદ્મશ્રી'ના માનથી તેઓ નવાજિત છે.

૧ આપે 'દર્શક' ઉપનામ શા માટે રાખ્યું છે?

ઉ. સર્જકપણાનું અભિમાન ન ચડે તેટલા માટે. જોયું તેના પરથી જે સંવેદનાઓ જન્મી તેને આલેખી. તેમાં કર્તાપણું શું?

૨ 'સૉક્રેટીસ' નવલકથાનો આપનો આશય કહેશો?

ઉ. લલિત વાઙ્મયમાં આશય સ્પષ્ટ હોતો નથી, પણ કોઈ પ્રશ્ન ઉપર કે પ્રસંગ ઉપર બેચેની કે અનુકૂળ ભાવ-સંવેદનો અનુભવાય છે અને તેને શમાવવા કે વ્યક્ત કરવા માટે લખાતું હોય છે. 'સૉક્રેટીસ' આપણા દેશની લોકશાહીની દુર્દશા, હાંસી અને અતિચાર જોઈને લખાઈ છે.

૩ શુદ્ધ અને સાચું સાહિત્ય-સર્જન આપ કોને કહો છો?

ઉ. જેના વાચનને પરિણામે રસતૃપ્તિ અને રસશુદ્ધિ બંનેનો અનુભવ એકીસાથે થાય તેને.

૪ 'કોડિયું' કાઢવાનો આપનો પ્રધાન હેતુ દર્શાવશો?

ઉ. ગામડાના પ્રશ્નોને સમજવા-સમજાવવા, ખાસ કરીને ગામડાંની કેળવણીનું સ્વરૂપ અખતરો કરતાં કરતાં સૌની પાસે મૂકવું તે હેતુ રહેલો છે.

૫ આપનો પ્રિય લેખક ને પ્રિય કવિ કોણ? તથા પ્રિય પુસ્તક કયું?

ઉ. ટૉલ્સ્ટૉય અને કવિવર રવીન્દ્રનાથ. પુસ્તક 'શ્રી કાન્ત'

૬ અનેક મહાન વ્યક્તિઓના સંપર્કમાં આવ્યા પછી આપને કોનું વ્યક્તિત્વ સવિશેષ ગમ્યું? અને શાથી?

ઉ. નાનાભાઈ ભટ્ટ અને સ્વામી આનંદનું—એમના જીવનની શુચિતા અને અવિરત કર્મયોગીતાને કારણે.

૭ ગ્રામજીવનનો આપને બહોળો અનુભવ છે. એ સંબંધે ટૂંકમાં કહેશો?

ઉ. ગામડાંની ધૂળમાં ઘણું અછતું સોનું છે. ભારતીય સંસ્કૃતિનાં બે પ્રધાન લક્ષણો સહિષ્ણુતા અને સાદાઈ હજી પણ ત્યાં છે. જોડાજોડ રૂઢિજડતા અને કૂપમંડૂકતા પણ છે. પણ આ બંને ક્ષતિઓ દૂર થઈ શકે તેટલી સારમાણસાઈ પણ ગામડાંમાં ઠેરઠેર પડેલી છે. ગામડામાં પડેલા આ સદ્‌ગુણો સચવાઈ રહે અને ત્યાં સહકારવૃત્તિ તથા પ્રશ્નોને બુદ્ધિથી તપાસવાની ટેવ દાખલ થાય તે માટે તેમની વચ્ચે આ જરૂરિયાતને સમજનારા ભણેલા વર્ગે વસવું જોઈએ. અને આળસ, અહંમન્યતા અને ખર્ચાળ ટેવોને બહુધા ઉત્તેજન આપતી ચાલુ કેળવણીનું ધરમૂળથી પરિવર્તનકરી ઉત્પાદક શ્રમ અને બુદ્ધિ, વ્યક્તિ અને સમાજ, સ્વતંત્રતા અને શિસ્તનો મેળ સાધનારી કેળવણી ફેલાવવી જોઇએ. સમાજ ને રાજ્યનું વલણ નાની કે મોટી બાબતમાં ગ્રામાભિમુખ નથી અને મોટા ભાગની વસતિ ગામડાંમાં છે. તેમાં પરિવર્તન લાવ્યા સિવાય સમાજપરિવર્તન થવું મુશ્કેલ છે.

૮ આપને મન જિંદગી એટલે?

ઉ. વિચારશુદ્ધિ, પુરુષાર્થ અને સ્નેહ.

મનુભાઈ પંચોળી 'દર્શક'

વૃક્ષ-વેલ-પરિચય (૪૨) ખેર



ખેરનો કાથો તો બહુ જાણીતો છે. એ બીજું કંઈ નહિ પણ ખેરસાલને ઉકાળીને કાઢેલું એનું ઘન સત્ત્વ જ છે. ખેરના જાડા થડમાં તેના કઠણ ગરના રેસાઓની બહુ નક્કર એવી ઊભી સળીઓ તે ખેરસાલ. એ કફઘ્ન હોઈ દવાના કામમાં આવે છે. એને ઉકાળીને કાઢવામાં આવતું ઘનસત્ત્વ તે કાથો. ખેરની એક ઊજળી જાત પણ થાય છે અને એનો સફેદ કાથો કેવડિયા કાથા તરીકે ઓળખાય છે. ખેરની રાતી જાત ખદિર નામે ઓળખાય છે.

આ ખેર એ મધ્યમ કદનું વગડાઉ વૃક્ષ છે અને એકલદોકલ નહિ પણ બહુધા પચ્ચીસ-પચાસના ઝુંડમાં જોવા મળે છે. ખેરની ઘણી જાતો છે, જેમાંની એક નદીકિનારે રેતી મિશ્રિત જમીનમાં થતી, અને બીજી હિમાલયની તળેટીમાં ૧૦૦૦ મીટરની ઊંચાઈ સુધીના વધુ વરસાદવાળા ભાગોમાં થતી જાત મુખ્ય છે. દક્ષિણમાં સહ્યાદ્રિથી નીચેના પ્રદેશોમાં તો એ ખેરનાં વન છે.

ખેર બારીક ને કઠણ કાંટાવાળું પાનખરી વૃક્ષ છે. ખીજડાનાં પાન જેવાં એનાં ઝીણાં પાન પાનખરમાં તદ્દન ખરી પડી જૂનના અરસામાં ફરી ફૂટે છે. એ પછી તુરત નાનાંનાનાં પીળચટાં સફેદ ફૂલ, ને ત્યાર બાદ ચોમાસું ઊતર્યા પછી એનાં ફળની શિંગ પાકે છે. ખેરની ડાળ નીચે ઝૂકતી ને પાતળી પણ એના થડનું લાકડું બહુ મજબૂત હોય છે. વર્ષો સુધી માટીમાં રહે તો યે એ કોહવાતું નથી. એનો તાપ પણ બહુ આકરો હોઈ એના કોલસા ઉત્તમ ગણાય છે. ખેરની છાલ ને લાકડાં રંગાટી કામમાં પણ ઉપયોગી છે. ખેર પર ગુંદર થાય છે તે મધુર, બલકર ને ધાતુવર્ધક ગણાય છે. ખેરના પણ અનેક ઔષધીય ગુણો હોઈ એ કફ, કૃમિ, કોઢ, પાંડુ, રક્તદોષ, ખાંસી ને વ્રણ વગેરે માટેની અનેક દવાઓમાં પ્રયોજાય છે. ખેરનું ઘી બુદ્ધિવર્ધક ગણાય છે. સ્ત્રીઓ માટે પણ આ ઘી ગુણકારી છે.



ગઈ અમંગલ-વેશ શિશિર શિર કેશ વિનાની જર્જર કાય,
મંગલ મુખડે મધુર મલપતી વસંત શી સુંદર સોહાય!
રંગરંગનાં ફૂલે ભરચક લીલી સાડી સુહાવત અંગ,
મલયાનિલના શ્વાસોચ્છ્વાસે સુગંધસેરો વહત અભંગ.
આંબા ઉત્તમ સોનામો'રે વસંતનો કરતા સત્કાર,
લાલ ધજા કેસુડાંની લઈ ખાખર કરતા જયજયકાર.

—પૂજાલાલ

ખુશબોદાર ખેતીના પુરુષાર્થી કૃષિપંડિત

વલસાડ જિલ્લાના પીપલ ગભાણ ગામના એક પ્રયોગશીલ ખેડૂત દેવાભાઈ મોરારભાઈ પટેલની આ વાત છે. કૃષિના ક્ષેત્રમાં એમણે પોતાની પ્રયોગશીલતા ને જાતમહેનત વડે ગુજરાતને ખુશબોદાર ખેતીની એક નવી જ દિશા દેખાડી 'કૃષિપંડિત' ને 'પદ્મશ્રી'નું સર્વથા યોગ્ય માન મેળવ્યું છે.


પીપલ ગભાણમાં ઈ. ૧૯૩૧માં એમનો જન્મ. સાતમા ધોરણમાં હતા ત્યાં પિતાનું અકાળ અવસાન થતાં ઘરની ને બાપુકી ખેતીની જવાબદારી ઉપાડવા ભણતર છોડી દીધું. પણ ચીલાચાલુ ખેતીના બદલે કંઈક નવું જ કરી બતાવવાની એમને હોંશ હતી. ગામમાં એમણે સૌ પ્રથમ સૂરણના બી માટે ખેતી આદરી. ધીરેધીરે સમગ્ર સુરત જિલ્લામાં એમનું સૂરણનું બી વખણાવા લાગ્યું. એમની સફળતાએ બીજા ખેડૂતોને પણ આ નવો માર્ગ ચીંધ્યો. એ પછી એમને કોલ્હાપુર જેવો ઉત્તમ ગોળ તૈયાર કરવા ઈચ્છા થઈ. કોલ્હાપુર જઈને એમણે શેરડીના વાવેતરની ત્યાંની પદ્ધતિ, ગોળ બનાવવાની રીત ને એની માગ વગેરે બધાં પાસાંની સમજ મેળવી ને ઘેર આવીને શેરડીનો વાડ વાવી, કડિયાની મદદથી જાતે ભઠ્ઠી ઊભી કરીને ઉત્તમ ગોળ બનાવવા માંડયો.

વલસાડ જિલ્લો વધુ વરસાદવાળો, એટલે ત્યાં ડાંગર પણ સારી થવી જ જોઈએ. વ્યારામાં ઈન્ડો-જાપાનીઝ ફાર્મમાં એના પ્રયોગો ચાલે. દેવાભાઈએ એ ફાર્મની જરૂરી સમજ મેળવી જાતે અખતરા આદર્યા અને એ માટેની સ્પર્ધામાં ગ્રામકક્ષાથી આરંભી ઈ. ૧૯૬૭-૬૮માં એક હેક્ટરે ૬૬૧૨ કિલો. મસુરી ડાંગર પકવીને ભારતકક્ષાએ વિજય મેળવી 'કૃષિપંડિત'નું માન મેળવ્યું.

પણ આ ડાંગરની ખેતીમાં દરેક તબક્કે માણસો જોઈએ. કાપણી વખતે તો એમની ખેંચ પણ પડે. એટલે ઓછાં માણસે શાની ખેતીથી લાભ થાય એનો એમણે વિચાર આદર્યો. એવામાં દક્ષિણ ભારતની સફરમાં એમણે કર્ણાટક રાજ્યમાં સુગંધિત દ્રવ્યો માટેની ખેતી જોઈ. ત્યાંના એક ખેડૂતે ગુજરાતમાં પણ રોસા, યુકેલિપ્ટસ, સિટ્રોનેલા, મિન્ટ વગેરે સુગંધી તેલ આપતી વનસ્પતિના વાવેતરનું સૂચન કર્યું. દેવાભાઈ સિટ્રોનેલાનાં થોડાં યડિયાં સાથે લેતા આવ્યા અને મુંબાઈથી 'એસેન્શીઅલ ઑઈલ' ને 'ટ્રૉપિકલ એગ્રિકલ્ચરલ' જેવાં ખેતીનાં ગીતા-રામાયણ સમાં પુસ્તકો પણ.



ભારતમાં વર્ષોથી ઔદ્યોગિક ક્ષેત્રે સેંકડો ટન વિવિધ પ્રકારનાં સુગંધિત દ્રવ્યોની પરદેશથી આયાત કરવી પડે છે. કર્ણાટક રાજ્યમાં દેવાભાઈએ આવા પદાર્થો માટે ખેતી થતી જોઈ અને એમણે બધાથી પેલા સિટ્રોનેલાથી આરંભ કર્યો. અને પહેલે જ વર્ષે ઘેર જાતે જ ડિસ્ટિલેશન કરી એકસો ગ્રામ તેલ તૈયાર કર્યું. પણ આ તેલને વેચવું ક્યાં? નમૂનો લઈ તેઓ મુંબાઈ ગયા. દાણાબજાર, ગાંધી અને પરફ્યુમરીની દુકાનોમાં ફર્યા. એમનો નમૂનો જોઈ કોઈને એ હાણુચોરીનો માલ પણ લાગ્યો, કારણ ગુજરાતમાં આ તેલ બની શકે એવો એમને



શિવસાગર

ગામડાંની ભજનમંડળીઓમાં 'વાજાપેટી' ને 'નરઘાં' જેમાં 'રામસાગર' પણ જાણીતું વાદ્ય છે. એ 'રામસાગર'ના નામ પરથી આ 'શિવસાગર' નામ આપી પાંચ તારવાળું એક સરળ વાદ્ય બનાવ્યું છે. ગામઠી દિલરૂબા જેવું આ વાજિત્ર ગામડાનો સુતાર પણ બનાવી શકે. સાથેની આકૃતિ પરથી માર્ગદર્શન મળી શકશે. એમાં નીચેના તુંબડાના સ્થાને બતાવેલા પાટિયાના ખોખામાં આકૃતિમાં બતાવ્યા પ્રમાણે ટિનની તપેલી કે ડબાને સળંગ ચામડું પણ મઢી શકાય. સિતાર કે દિલરૂબામાં સૂર મેળવવા માટે પર્દા ઉપરનીચે ખસી શકે તે રીતે બાંધ્યા હોય છે. આમાં જાડા તારના પર્દા ખીલાથી જડી દીધા છે. પણ જરા મહેનત વધારીને એને પણ ખસી શકે તેમ બાંધી શકાય ખરા.

સુર-પર્દાનું સ્થાન નક્કી કરવા અહીં જે અંતર નક્કી કર્યા છે તે આ મુજબ છે: (૧) સૌથી ઉપરના મંદ્ર સપ્તકના 'મ' (મધ્યમ) અને તાર સપ્તકના 'સાં'ની મધ્યમાં મધ્ય સપ્તકનો 'સા' મળશે. (૨) મંદ્ર 'મ' અને 'સા'ના સરખા ત્રણ ભાગ પાડી [illegible] 'મંદ્ર' 'પ' અને 'ધ'નું સ્થાન મળશે. (૩) મંદ્ર 'ધ' અને 'સા'ના ત્રણ ભાગના છેડે મંદ્ર 'નિ'નો પર્દો મૂકો. (આની નીચે બે ભાગને છેડે 'સા' છે.) (૪) હવે મધ્ય સપ્તકમાં મંદ્ર 'નિ' અને 'સા' જેટલા અંતરે 'સા'થી નીચે 'રે'નો પર્દો; પછી 'સા' અને 'રે' થી અર્ધા અંતરે 'ગ'; 'રે' થી 'ગ'ના અંતરથી દોઢા અંતરે 'મ' અને એટલે જ અંતરે 'મ' થી 'પ'નો પર્દો આવશે. 'મ' થી 'પ' જેટલું અંતર 'પ' થી 'ધ' વચ્ચે રહેશે. (૫) 'ધ' અને 'સા'ની વચ્ચેના અંતરના ત્રણ ભાગ કરી પહેલા ભાગ પર 'ધ'ની નીચે 'નિ'નો પર્દો મૂકવો. ટૂંકમાં જોઈએ તો મંદ્ર સપ્તકમાં ક્રમ વાર બે સ્વરો વચ્ચે જે અંતર થાય તેથી અર્ધા અંતરે મધ્ય સપ્તકમાં અને એનાથી એ અર્ધું અંતર તાર સપ્તકમાં રહે. (જો કે આ અંતર બરાબર સુર મેળવીને નિશ્ચિત કરાય તો જ સ્વરનો ખરો સુર મળે.) અહીં મંદ્ર મ (મધ્યમ)થી તાર સપ્તકના 'પ' (પંચમ) સુધીના સોળ પર્દા આપ્યા છે જે શુદ્ધ સ્વરોના છે. કોમળ સ્વરો 'રે, ગ, ધ, નિ' બે શુદ્ધ સ્વરોની લગભગ વચ્ચે પકડાશે. જેમકે 'સા' અને 'રે'ની વચ્ચે કોમળ 'રે', 'રે' અને 'ગ'ની વચ્ચે કોમળ 'ગ' વગેરે.

—કરણસિંહ ગો. ચુડાસમા

(રસ ધરાવતા ઇચ્છુકોએ જવાબી પોસ્ટેજ સાથે 'શ્રી કરણસિંહ ગો. ચુડાસમા, ઘોઘેરા બંદર'ના સરનામે લખી પુછાવવું.)

ખયાલ જ ક્યાંથી હોય? અંતે કોઈના સૂચનથી તેઓ નાગછાપ સુગંધિત દ્રવ્યોવાળી કેલકર કંપની પર પહોંચ્યા. ત્યાં શ્રી કેલકરે એ નમૂનો જોયો, પોતાની પ્રયોગશાળામાં ચકાસ્યો અને પોતે દ. ભારતમાંથી મેળવતા એ તેલ કરતાં પણ દેવાભાઈના નમૂનાની ગુણવત્તા વધુ ઊંચી જોઈ તુરત જ સાઠ રૂપિયે કિલો.ના ભાવે જેટલું હોય એટલું તેલ ખરીદી લેવા તૈયાર થઈ ગયા. દેવાભાઈ માટે એક નવું જ ક્ષેત્ર ખૂલી ગયું. પછી તો પોતાની સૂઝ પ્રમાણે જાતે ડિસ્ટિલેશન પ્લાન્ટ ઊભો કર્યો. કેલકર સાથેનો સંબંધ પણ વધ્યો અને એમની સાથેની અવારનવારની ચર્ચાથી પ્રેરાઈ દેવાભાઈએ સિટ્રોનેલા ઉપરાંત, સીટ્રીઓડેરા, યુકૅલિપ્ટસ (ઈન્ડસ્ટ્રીઅલ), યુકૅલિપ્ટસ ગ્લૅાબ્યુલસ (મેડિસિનલ), જાપાનીઝ મિન્ટ, સ્પીઅર મિન્ટ, પિપરમિન્ટ (મેન્થા), પાલ્મા રોઝી (જિરેનિયમ તેલ માટે), સોફિયા મોરીઆ રોસા (રોસા તેલ માટે) ને પિચુલી (માખણને પીળો રંગ આપતી) વગેરે માટે ખેતી વિકસાવી. ઉટાકામંડના વનસ્પતિઉદ્યાન ને કાનપુર-લખનૌની મેડિકલ રીસર્ચ સંસ્થાઓની મુલાકાતો લઈ આ પ્રકારની વનસ્પતિનાં બી, રોપ વગેરે લાવીને વાવેતર કરવા માંડ્યું. સાથેસાથે તજ, કોકમ, કોકો ને મરી પણ ઉગાડયાં. ભાતભાતનાં સુગંધિત તેલ જાતે તૈયાર કરવા માંડયાં. અને કેલકરે એને સારામાં સારા ભાવે ખરીદી એમના ઉત્સાહને વધાર્યો.

આ બધી વનસ્પતિઓનો વધુમાં વધુ લાભ લઈ શકાય એ રીતે એમણે યોજનાપૂર્વક એનું વાવેતર ગોઠવ્યું. જરૂરી સાધનો જાતે બનાવી લેવા એમણે વાડીમાં જ એક નાની વર્કશૉપ ઊભી કરી. એ જ વર્કશૉપમાં એમણે મુંબાઈથી આણેલા ભંગારમાંથી જાપાનીઝ રોટરી કલ્ટીવેટર જાતે બનાવી સફળતાપૂર્વક દસ ફૂટ ઊંચો લીલો પકવાસ કરી બતાવ્યો. એમની ડિસ્ટિલરીની લોખંડી ટાંકીને એમણે છાણમાટી ને વાંસ વડે ઈન્સ્યુલેશન આપ્યું છે. એ જ રીતે પોતે બનાવેલા 'સોલર કુકર'માં સિટ્રોનેલાનું તેલ કાઢી લીધા પછીના કુચાનું ઈન્સ્યુલેટર બનાવ્યું છે.

મહાશિવરાત્રી

માઘ વદ ચૌદશ એટલે મહાશિવરાત્રીનું પર્વ. નારદસંહિતા પ્રમાણે જે કાળે માઘ મહિનાની વદ ચૌદશ અર્ધી રાત સુધી પહોંચતી હોય ત્યારે કરાએલું આ વ્રત ઉત્તમ ફળને આપનારું બને છે. ઈશાનસંહિતા પ્રમાણે ભગવાન શંકર મોડી રાત્રે શિવલિંગ રૂપે પ્રકટ થએલા તેથી અર્ધરાત્રિકાળ સુધી પહોંચતી ચૌદશે આ વ્રત પાળવું જોઈએ. બે ચૌદશ આવતી હોય ત્યારે બીજી ચૌદશ હિતાવહ છે એમ શાસ્ત્રકથન છે. શિવપૂજાનું આ વ્રત છે તે તો તે દિવસે કરવામાં આવતા ઉપવાસ પરથી જ સુચિત છે.

આ વ્રતની પૌરાણિક કથા એવી છે કે કોઈ વ્યાધ (શિકારી) પર્વતના સીમાંત પ્રદેશમાં રહેતો હતો અને પોતાના પરિવારનું ભરણપોષણ કરતો હતો. પરંતુ એક વાર તેને દેવું થઈ જવાથી તેના લહેણદારોએ તેને દેવમંદિરમાં આખો દિવસ પૂરી રાખ્યો. તે દિવસ હતો મહાશિવરાત્રીનો. ત્યાં ભાવિક ભક્તોને તેણે પ્રભુનાં દર્શન કરતા અને 'શિવ, શિવ' રટતા જોયા. આ સંસ્કારો તેના મન પર અંકાયા ત્યાં જ સાંજ પડી અને પેલા લહેણદારોએ બીજે દિવસે પોતાનું લહેણું ભરપાઈ કરી આપવાની શરતે તેને છૂટો કર્યો. હાથમાં ધનુષ લઈ શિકારની શોધમાં ઘર પ્રતિ જઈ રહેલા એ વ્યાધના માર્ગમાં અઘોર વન આવ્યું અને ધીમે ધીમે રાત્રિનાં અંધારાં ઊતરવા લાગ્યાં. શિકાર કરવાના ખયાલથી એ વ્યાધ બીલીના એક વૃક્ષ પર ચડી ગયો. ત્યાં એની નજર આડે આવતાં બીલીપત્રોને તોડી તોડીને એ નીચે ફેંકવા લાગ્યો. એણે ફેંકેલાં પર્ણો નીચે આવેલા સ્વયંભૂ શિવલિંગ પર પડતાં હતાં. આમ અનાયાસ જ એનાથી તે શિવરાત્રિએ શિવપૂજા થતી હતી! દરમિયાનમાં એણે અનુક્રમે એક સગર્ભા ને એક કામદગ્ધ મૃગીને જોઈ. ત્યાર બાદ જોયો એક પ્રમત્ત મૃગને. એ ત્રણેયને એણે મારવા લીધાં, પણ એમણે ઘેર જઈને પોતે પાછાં આવશે એવો વિશ્વાસ આપવાથી જતાં કર્યાં. આખરે એ પ્રાણીઓ વચન પાળવા આવે છે અને પોતાનો શિકાર કરવા પેલા વ્યાધને કહે છે. વ્યાધ આથી મુગ્ધ થાય છે અને પ્રાણીઓને જતાં કરે છે. એ સમયે દેવદુત પોતાનું વિમાન લઈને હાજર થાય છે અને શિવરાત્રિના અણધાર્યા વ્રતપાલનથી જેનાં પાપોનો નાશ થયો છે એવા તે વ્યાધને સ્વર્ગમાં લઈ જાય છે.

સૂચક એવી આ દૃષ્ટાંત-કથા કહી જાય છે કે વ્યાધની જેમ અનાયાસ, ફળની આશા રાખ્યા વગર જ જે પ્રભુનું પૂજન-અર્ચન કરે છે તે શુભને પામ્યા વગર રહેતો નથી. વળી, ઉપવાસ કરવાથી મનઃશુદ્ધિ થાય છે અને પવિત્ર વિચારો સ્ફુરે છે. પેલા ક્રૂર વ્યાધના મનમાં પણ દયાભાવ જાગ્રત કરનારા આ ઉપવાસ જ હશે ને? એ દૃષ્ટાંતકથા પાછળનો મર્મ—શિવની પૂજા એટલે જ શિવસંકલ્પો—જો ગ્રહણ કરવામાં આવે તો સ્વ અને પર સહુનું કલ્યાણ થાય છે. શિવ એટલે જ કલ્યાણકારી, શિવની પૂજા એટલે જ કલ્યાણકારી પ્રભુની પૂજા, કલ્યાણની ભાવનાનું સતત સેવન. દુન્યવી વહેવારજાળમાં જકડાએલો માનવી એકાદ દિવસ અને એકાદ રાત પણ જો આ કલ્યાણભાવનાને સેવે તો સ્વના અને તે દ્વારા સમાજજીવનના ઊર્ધ્વીકરણમાં સહાયભૂત થઈ શકે છે. અને આ વ્રતથી શુભસંકલ્પનું સતત સ્મરણ રહ્યા કરે છે તે જ તેનો ધ્વનિ છે, તે જ તેનો મહિમા છે. આમ શિવરાત્રિનું વ્રત એ સંયમનું અને શુચિતાનું, શુભનું અને શિવનું વ્રત હોઈ વ્યક્તિજીવન અને સમાજજીવનનો આદર કરનારું અને તેમની અગત્ય સ્થાપનારું વ્રત છે, તેનું સતત સ્મરણ રહે તે જ વ્યાધ અને હરિણની દૃષ્ટાંતકથાના શ્રવણનું માહાત્મ્ય છે. □

ખેતીની પોતાની આ સિદ્ધિ ગોપવવાને બદલે તે મોકળા મને સૌને સમજાવે છે. પરિણામે વાંસદાના મહારાજાએ પણ સિટ્રોનેલાની ખેતી આદરી છે. બારડોલી, ખુટવાડા, બાજીપુરા, ઉભેળ, પેટલાદ, રૂંઢવાડા, પાદરા, સેલવાસ, ભાવનગર, વ્યારા, સોનગઢ, સાબરકાંઠા વગેરે અનેક સ્થળે હવે એમનું અનુસરણ થવા લાગ્યું છે. પેટલાદમાં ચાળીસ ખેડૂતોએ તો 'એગ્રોકેમિકલ્સ સોસાએટી' પણ સ્થાપી છે. ગુજરાતની સેંકડો એકર પડતર જેવી જમીનોમાં આ ખેતી વિકસવા લાગી છે.

આ બધો યશ કૃષિપંડિત દેવાભાઈને ઘટે છે. મુંબાઈની દે. ના. બૅંકે એમને પોતાના એક ખેડૂત ડિરેક્ટર બનાવ્યા છે. 'એસેન્શીઅલ ઑઈલ્સ'નું પુસ્તક એ એમની ગીતા હોઈ હજી યે તેઓ એ વાંચીવાંચીને અવનવા તુક્કા લડાવતા રહે છે. પોતાના પુત્રને પણ કૃષિ મહાવિદ્યાલયમાં ભણવા મૂક્યો છે. એ ભણી રહે પછી પોતાની વાડીમાં 'એગ્રોકેમિકલ લૅબોરેટરી' સ્થાપવાની એમની આકાંક્ષા છે, જ્યાં તેઓ વિવિધ પ્રકારનાં વનસ્પતિજન્ય તેલ, ખાતર, પાણી, જમીન, ઘાસ, ખોળ, દાણ, ચારો વગેરેનાં પૃથક્કરણો કરવા ઇચ્છે છે.


શાળાના અપૂરતા શિક્ષણ છતાં આપસૂઝ, પ્રયોગશીલતા ને પુરુષાર્થ વડે એક સામાન્ય ખેડૂત પણ કેટલો આગળ વધી શકે એનું દેવાભાઈ એક પ્રેરક ને ગૌરવમય દૃષ્ટાંત છે. —રાજુભાઈ જંત્રાણિયા

ફણગાવેલાં અનાજ

શાક-ભાજીની તંગી હોય ત્યારે આપણે ત્યાં મગ, મઠ, ચણા, ચોળા જેવાં કઠોળ-ફણગાવીને રાંધવાનો રિવાજ છે. એવું ફણગાવેલું રાંધેલું કઠોળ વધારે સ્વાદિષ્ટ ઉપરાંત સુપાચ્ય અને પોષક થાય છે.

આપણાં ઘઉં, બાજરી, જુવાર જેવાં અન્નો અને મગ, મઠ જેવાં કઠોળોમાં કાર્બોહાઈડ્રેટ (દેહમાં ગરમી—શક્તિ પેદા કરનાર દ્રવ્ય) અને પ્રોટિન (દેહના કોષોને પોષનાર, તેનો ઘસારો પૂરો પાડનાર) છે.

આકાશદર્શન



આ માસ આસપાસના સમયમાં મધ્ય રાત્રે, એટલે કે બરાબર માથે દેખાતાં તારામંડળોમાં 'મૃગમંડળ' (Orion) પછી 'મિથુન' (Gemini) તારામંડળ જાણીતું છે. સત્યાવીસ નક્ષત્રોની ભારતીય ગણના અનુસાર અશ્વિની, ભરણી, કૃત્તિકા અને રોહિણી પછી 'મૃગશીર્ષ', 'આર્દ્રા' અને 'પુનર્વસુ' નક્ષત્રની ગણના છે. મિથુન તારામંડળની ગણના રાશિમાં પણ છે અને બાર રાશિમાં મેષ તથા વૃષભ પછી મિથુન એ ત્રીજી રાશિ છે. સવા બે નક્ષત્રની એક રાશિ લેખે મિથુનમાં અર્ધું મૃગશીર્ષ, પૂરું આર્દ્રા તથા પુનર્વસુનાં ત્રણ ચરણનો સમાવેશ છે. આ નક્ષત્રોમાં અનુક્રમે મૃગશીર્ષ (Meissa), આર્દ્રા (Betelgeuse) અને પુનર્વસુ નક્ષત્રમાં મિથુન તારામંડળના મુખ્ય બે તારા 'પુરુષ' (Pollux) તથા પ્રકૃતિ (Castor)માંનો પુરુષ એ એની યોગતારા, એટલે કે તે નક્ષત્રનો મુખ્ય તારો છે. તારામંડળોના મુખ્ય મુખ્ય તારાઓને જોડતી રેખાઓ વડે રચાતા આકારોમાં કેટલાંક પૌરાણિક પાત્રો અને વિવિધ કથામાં સંકળાએલાં પશુ-પ્રાણીઓની આકૃતિઓ કલ્પીને એમને આકાશમાં અમર કરેલાં છે. આ રીતે મિથુન મંડળમાં આપણે ત્યાં ગદાધારી પુરુષ અને વીણાધારિણી સ્ત્રીના યુગલ (મિથુન)ની તથા પશ્ચિમમાં બેલડા (જોડિયા) કુમારોની કલ્પના છે.

વસંત ઋતુમાં જોવા મળતા આ મિથુન તારામંડળમાં પુરુષ અને પ્રકૃતિ તારા વધુ ધ્યાન ખેંચે છે. એમાંનો પુરુષ પ્રથમ વર્ગનો પીળો તારો છે. આપણાથી એ ૩૫ પ્રકાશવર્ષ જેટલો દૂર છે. બીજો પ્રકૃતિ એ એક નહિ, પણ ત્રણ યુગ્મ તારા મળી કુલ છ તારા છે. મિથુન મંડળના પ્રકૃતિના પગ પાસે ક્રાન્તિવૃત્તની બાજુમાં જ 'એમ. (મેસીઅર)-૩૫', તથા તેની નજીક પશ્ચિમે 'એમ-૧'ની સંજ્ઞાથી ઓળખાતાં તારાગુચ્છો છે. ક્રાન્તિવૃત્તની ઉત્તરે, મિથુનની નજીકના 'બ્રહ્મમંડળ' (Auriga) તારામંડળમાં પણ 'એમ ૩૭' અને 'એમ-૩૮'ની સંજ્ઞાવાળાં બે બીજાં તારાગુચ્છો છે. નકશામાં એનાં સ્થાન દર્શાવ્યાં છે, પણ દૂરબીન વિના એનું દર્શન અશક્ય છે.

મિથુનની દક્ષિણે 'શુની' તારામંડળ (Canis Minor) છે તો નાનું, પણ એના મુખ્ય તારામાં એક 'પ્રભાસ' (Procyon) એની તેજસ્વિતાને કારણે ધ્યાન ખેંચે છે. આપણાથી ૧૧-૩ પ્રકાશ-દૂરનો એ યુગ્મ-તારો પણ પ્રથમ વર્ગમાં ગણના પામે છે. શુની મંડળનો બીજો તારો તો શુની નામે જ ઓળખાય છે, પણ અંગ્રેજીમાં એને Gomeisa કહે છે.

નકશામાં મિથુનની નજીકમાં બતાવેલા તારાઓમાં બ્રહ્મમંડળના 'અગ્નિ' (El Nath) અને 'પ્રજાપતિ' (Theta Aurigae) તથા મૃગમંડળનો પ્રથમ વર્ગનો 'આર્દ્રા' તથા 'મૃગશીર્ષ' પણ એની તેજસ્વિતા તથા એનાં સ્થાનને કારણે ધ્યાન દોરે છે. એકબીજાના આધારે આકાશમાં આ સૌને ખોળવા સરળ થશે. ફેબ્રુઆરી-માર્ચ માસ દરમિયાન રાત્રિના નવેક વાગ્યાની આસપાસના સમયમાં આ બધા તારાઓ મધ્યાકાશે જોઈ શકાશે.

ઉપરાંત થોડા ખનિજ ક્ષારો અને વિટામિન્સ પણ હોય છે, પાણીમાં બારેક કલાક બોળી રાખી, બરાબર ફૂલી જાય ત્યારે તે સુતરાઉ કટકામાં બાંધી, તપેલામાં મૂકી તે ઉપર ઢાંકણું ઢાંકી ૨૪ કે ૪૮ કલાક સુધી તેને રાખી મૂકતાં તે ફણગે છે. જળ ને ગરમી મળતાં આ રીતે ફણગાવેલાં અનાજમાં તેનું જીવનમૂલ્ય બાયોલૉજિકલ વૅલ્યુ વધે છે. તે દેહમાં વહેલું પચે છે અને વધારે પોષણ આપે છે. વળી સામાન્ય રીતે અન્ન-કઠોળમાં દેહના કોષોને કાર્યક્ષમ રાખતું વિટામિન 'સી' હોતું નથી, પણ ફણગાતાં તેમાં આ વિટામિનનું સર્જન થાય છે.

વળી લીલાં વનસ્પતિ-શાકભાજી અને ફણગાવેલાં કઠોળમાં એન્ઝાઈમ્સ હોય છે. દેહમાંના વિવિધ અવયવો જીભ, કાળજું, આંતરડાં વગેરેમાંથી એવાં એન્ઝાઈમ પેદા થઈ ખાધેલા ખોરાકમાં ભળે છે. તેથી કાર્બોહાઈડ્રેઈટનું ગ્લુકોઝમાં જલદી રૂપાંતર થાય છે, દૂધ, કઠોળ ઈત્યાદિ ખોરાકનાં પ્રોટિન સરળતાથી પચે છે. શાકભાજી રાંધીને ખવાય, ફણગાવેલાં કઠોળ પણ રંધાય તો તેમાંનાં એ એન્ઝાઈમ નાશ પામે છે. આથી કચુંબર ખાવાની અને કાચાં, રાંધ્યા વગરનાં તાજાં શાકભાજી ખાવાં હિતકર છે. આ દૃષ્ટિએ ફણગાવેલાં કઠોળ ખૂબ ચાવીને ખાવાની ટેવ પાડવી જોઈએ. થોડાં થોડાં ખૂબ ચાવીને ખાય તો રોટલા, રોટલી ને રાંધેલાં કઠોળ કરતાં તે સહેલાઈથી પચે છે. શરૂમાં ટેવ ન હોવાને લીધે તે સ્વાદિષ્ટ લાગતાં નથી, પણ ટેવ પડતાં એનો વિશિષ્ટ સ્વાદ રુચિકર થાય છે.

ડૅનિક ફૂડ બનાવનાર ઉદ્યોગોએ આ સંશોધનનો લાભ લઈ સારી કમાણી કરી છે. માલ્ટવાળાં બોર્નવીટા, ઓવલ્ટાઈન, હૉર્લિક્સ, માલ્ટાઈન જેવાં પેય માટેના ડબ્બા ખૂબ મોંઘી કિંમતે વેચાય છે. આવાં માલ્ટવાળાં પીણાં તાજગી અને શક્તિ શાથી આપે છે? એમાં ફણગાવેલાં ધાન્યમાં પેદા થતી સુપાચ્ય માલ્ટોઝ શર્કરાથી સુપાચ્ય થએલાં પ્રોટિનથી, એમાં વધતાં 'બી' વિટામિનથી, ઉમેરાતી સાકરથી, વધતાં 'સી' વિટામિનથી. ખોરાકમાં કચુંબર, કાકડી ઈ.નાં રાયતાં, ફણગાવેલાં કઠોળનાં શાક પ્રમાણસર, અથવા અથોળ નવટાંક ફણગાવેલાં ધાન્ય કાચાં ખાવાની ટેવ આરોગ્ય વધારે એ સમજાય તેવું છે.

ગણિતગમ્મત

૯ અને ૧૦ એવી બે પાસપાસેની સંખ્યાઓ છે કે એ બંનેના વર્ગોના સરવાળામાંથી એ જ બે સંખ્યાનો ગુણાકાર બાદ કરવાથી ૧ થી શરૂ થતી ક્રમિકસંખ્યાઓનો સરવાળો આવે છે. જેમકે $૯^{૨} = ૮૧$; $૧૦^{૨} = ૧૦૦$ ને તેથી $૯^{૨} + ૧૦^{૨} = ૮૧ + ૧૦૦ = ૧૮૧$ અને $૯ \times ૧૦ = ૯૦$ ને તેથી $૧૮૧ — ૯૦ = ૯૧$, જે ૧ થી ૧૩ સુધીની સંખ્યાઓનો ક્રમિક સરવાળો છે. આમ: $૯^{૨} + ૧૦^{૨} — (૯ \times ૧૦) = ૧ + ૨ + ૩ + ૪ .... + ૧૩$.

આવી બીજી બે પાસપાસેની સંખ્યાઓ ૨૬ અને ૨૭ છે. જુઓ: $૨૬^{૨} + ૨૭^{૨} = ૬૭૬ + ૭૨૯ = ૧૪૦૫$ અને $૨૬ \times ૨૭ = ૭૦૨$ અને તેથી $૧૪૦૫ — ૭૦૨ = ૭૦૩$. અને ૭૦૩ એ ૧ થી ૩૭ સુધીની સંખ્યાઓનો સરવાળો થાય છે. એટલે કે—

$૨૬^{૨} + ૨૭^{૨} — (૨૬ \times ૨૭) = ૭૦૩ = ૧ + ૨ + ૩ + ... + ૩૭$.


ગણત્રી કરીને ખાત્રી કરી જોવી. પાસપાસેની બે સંખ્યાનાં આવાં બીજાં જૂથ પણ હોઈ શકે. શોધી જોશો. —એમ. એન. ખત્રી

આ માસ (ફેબ્રુઆરી) ઇતિહાસમાં

તા. ૧/૧૮૩૫ વાર્ષિક રૂ. ૩૦૦૦માં સિક્કીમના રાજાએ ઈસ્ટ ઇંડિયા કં.ને દાર્જિલિંગ દીધું.

તા. ૫/૧૯૨૨ ચૌરીચૌરા (બિહાર)માં એકવીસ પોલીસ અને એક સબ ઈન્સ્પેક્ટરને લોકોએ મારી નાખતાં અહિંસાનો ભંગ થવાથી ગાંધીજીએ આદરેલો સત્યાગ્રહ પાછો ખેંચી લીધો.

પ્રસંગવિશેષ



તા. ૧૦/૧૯૦૪ કોરિયાને માર્ગે જાપાન અને મંચુરિયા તરફથી રશિયા ચીન પર પોતાની સત્તા સ્થાપવા ઈચ્છતું હતું. આ અંગેના દાવપેચમાં રશિયાએ કબજે કરેલા પોર્ટ આર્થર પર ઈ. ૧૯૦૪ના ફેબ્રુઆરીમાં જાપાને હુમલો કરીને ૧૦મીએ રશિયા સામે યુદ્ધ જાહેર કર્યું. આ 'પીળી આફતથી યુરોપને બચાવવાના પવિત્ર કાર્ય માટે' ઝાર નિકોલસે નૌકાયુદ્ધથી બિનઅનુભવી અમલદારો સાથે બાલ્ટિક સમુદ્રના માર્ગે ૧૬૦૦૦ માઈલ (૨૫,૭૫૦ કિ.મી.) દૂર પોતાનાં પચાસ જેટલાં ભંગાર યુદ્ધજહાજોનો એક જંગી કાફલો મોકલ્યો. પણ જાપાનીઓએ માત્ર પોણા કલાકમાં જ એનાં છોતરાં ઉખાડી નાખ્યાં. પોતાની વિશાળતાથી યુરોપ અને અમેરિકા પર ધાક રાખતા રશિયાની અણઘડતા અને આંતરિક નબળાઈ ઉઘાડી પડી ગઈ.

તા. ૧૧/૧૭૯૩ બ્રિટિશ હિંદમાં જિલ્લા અને શહેર અદાલતો સ્થપાઈ.

વ્યક્તિવિશેષ



તા. ૧૪/૧૭૭૯ બ્રિટિશ સામ્રાજ્યને ઑસ્ટ્રેલિયા તથા ન્યૂ ઝીલૅન્ડ જેવા સંપત્તિવાન પ્રદેશો શોધી આપનાર કૅપ્ટન જેમ્સ કૂકનું હવાઈ ટાપુઓમાં ત્યાંના આદિવાસીઓ સાથેની ઝપાઝપીમાં અવસાન થયું. સાધારણ કામદારના એ પુત્રે કુમાર વયે ગુમાસ્તાગીરી કર્યા પછી નૌકા-ખાતામાં જોડાઈને પોતાનાં ખંત અને પ્રતિભાથી મોજણી જહાજના વડા પદ સુધી વિકાસ સાધ્યો. કૅનેડાના કંઠારની મોજણી કરીને એણે ઈ. ૧૭૬૮માં પૅસિફિકની વૈજ્ઞાનિક શોધસફરની સરદારી લીધી. આ સફરમાં એણે ન્યૂ ઝીલૅન્ડ અને ઑસ્ટ્રેલિયાના પૂર્વ કિનારાની શોધ કરી. એ પછી સમગ્ર દક્ષિણ ગોળાર્ધમાં ઘૂમી વળીને એણે અનેક નવા ટાપુઓ શોધી રૉયલ સોસાયટીના સુવર્ણચંદ્રકનું માન મેળવ્યું. છેલ્લે એણે હવાઈ ટાપુઓ શોધી બેરિંગ સામુદ્રધુનીની પાર સુધીના ઉત્તર અમેરિકાના સમગ્ર પશ્ચિમ કિનારાની પાકી મોજણી કરી. બરફને કારણે એ હવાઈ ટાપુમાં પાછો ફર્યો ત્યારે ત્યાં એનું અકાળ અવસાન થયું.

તા. ૨૮/૧૮૮૧ હિંદુસ્તાનમાં પ્રથમ ટેલિફોન-વ્યવહાર આરંભાયો.



હકીમની કબર

આ કબ્રમાં સૂતા તે છે મશહૂર નામાંકિત હકીમ,
જેમણે હિકમતમાં નિત નોખી કરામત દાખવી;
એમની હિકમત, કરામતને જ આભારી છે આ-
જેટલી દેખાય છે અહીં આપને કબરો નવી!

જમણવારની પંગતમાં એક સ્ત્રીએ પોતાની જોડેવાળીને પૂછ્યું: 'સામે પેલી લીલી સાડીવાળી છે એનું મોં જોયું? નરી વાંદરા જેવી છે.'

બીજી સ્ત્રીએ જવાબ દીધો: 'તું તારા મનમાં સમજે છે શું? એ મારી બહેન જ છે.'

પહેલી બોલી: 'હોય નહિ! હું કેવી મૂરખી કે એના ચહેરામાં તમારો જ અણસાર આવે છે એ હું પરખી ન શકી!'


'એઈ વેઈટર! આ શરબત શાનું છે?'
'આપને શાનું લાગે છે સાહેબ?'
'મારાથી તો પરખાતું નથી.'
'તો પછી જાણીને શો લાભ થવાનો હતો?'

મૅજિસ્ટ્રેટ: પણ તમે તમારા ઝઘડાની પતાવટ કોર્ટની બહાર કેમ નથી કરી લેતા?

પક્ષકારો: અમે એમ જ કરતા હતા, નામદાર! પણ એમાં પોલીસ આવીને વચ્ચે પડી.

કવિ (તંત્રીને): મારાં આ છેલ્લાં કાવ્યો વિષે તમારો શો અભિપ્રાય છે?

તંત્રી: એ તમારાં છેલ્લાં જ કાવ્યો છે એ જાણીને હું બહુ રાજી થયો.



(જનસત્તા) 'શિવ'

નેકી કર કે નેક કો, બદલે કી નહિ આસ,
દામ ન માંગે કિસી સે, ફૂલ જો દેવે બાસ.

स्वभावेन हि तुष्यन्ति
देवाः सत्पुरुषाः पिता।
ज्ञातयस्त्वन्न पाने न
वाक्-प्रदानेन पंडिताः॥

દેવતાઓ, સંસ્કારી પુરુષો અને પિતા સ્વભાવથી જ સંતોષપ્રિય હોય છે; જ્ઞાતિના લોકો ખવડાવવા-પીવડાવવાથી રાજી રહે છે અને વિદ્વાન લોકો વિદ્યા-વિલાસથી પ્રસન્ન રહે છે.

સત્યની શોધમાં ઘર છોડી નીકળેલા મૂળશંકરને સોળ સોળ વરસના રઝળપાટ પછી ૩૬ વરસની ઉંમરે સાચા ગુરુ મળ્યા. પણ એ દુર્વાસાનો અવતાર: ગાળો ભાંડે ને મારે પીટે. એક દિવસ કંઈક ન આવડવાને લીધે ગુરુ વિરજાનંદે પિત્તો ગુમાવીને એવી તો લાકડી મારી કે હાથ ઉપર ફૂટ થઈને લોહી વહેવા લાગ્યું. પણ જ્ઞાનની તમન્નાવાળો શિષ્ય બોલ્યો: 'મહારાજ, મારું શરીર કઠોર છે, એટલે મને મારતાં આપનો હાથ સમસમી ગયો હશે. ક્ષમા કરો.'

એ પ્રહારનો ડાઘ, મૂળશંકર મટીને એ શિષ્ય ભારતભરને સત્યધર્મની ઘોષણાઓથી ગજવનાર સ્વામી દયાનંદ સરસ્વતી થયા પછી યે જીવનભર રહ્યો હતો; ને જ્યારે તેના પર દૃષ્ટિ પડતી ત્યારે એ ગુરુના ઉપકારોની સ્મૃતિથી તેમનું અંતર ગદ્‌ગદિત થઈ જતું.

કહેવતોના અર્થ: 'અણનાથ્યો આખલો ને હોળીઘેલી નાર'—બંને સરખાં. કોઈના કાબૂમાં ન રહે એવાં માણસો માટે વપરાતી સચોટ દૃષ્ટાંતોવાળી સ્પષ્ટ કહેવત.

અનેકાર્થી શબ્દ: હાડ=હાડકું; શરીરનો બાંધો કે કાંઠું; છેલ્લી હદે, છેક (હાડ આવવું); ટેક, ટાઢ, કપાસ પીલવાનું સ્થળ; હૈયું કે હૃદય. કર્તવ્યકર્મ જગમાં રહી નાથ! થાય,

ચૂલામાં લાકડાં બાળતી વખતે (મોટે ભાગે બાવળ કે સાગના લાકડામાં) પાછળથી ધુમાડા સાથે ફીણફીણ જેવો સફેદ ગુંદર જેવો પદાર્થ બહાર નીકળે છે. એ પદાર્થ દરાજ (દાદર) પર લગાડવાથી મટી જાય છે.

ગણિતગમ્મત: (મૂળજી જેઠુ જોષી)

૯-૧÷૮=૧
૯૮-૨÷૮=૧૨
૯૮૭-૩÷૮=૧૨૩
૯૮૭૬-૪÷૮=૧૨૩૪
૯૮૭૬૫-૫÷૮=૧૨૩૪૫
૯૮૭૬૫૪-૬÷૮=૧૨૩૪૫૬
૯૮૭૬૫૪૩-૭÷૮=૧૨૩૪૫૬૭
૯૮૭૬૫૪૩૨-૮÷૮-૧૨૩૪૫૬૭૮
૯૮૭૬૫૪૩૨૧-૯÷૮-૧૨૩૪૫૬૭૮૯



પેરુની [illegible] દેડકાં [illegible] મોટામાં મોટાં ગણાય છે. એમની લંબાઈ ૨૪ ઈંચ જેટલી હોય છે.

અંકસંદર્ભ: 'ત્રણ'—ત્રિમૂર્તિ: બ્રહ્મા, વિષ્ણુ, મહેશ; ત્રિગુણ: સત્વ, રજસ્, તમસ્; (કાવ્યમાં) માધુર્ય, ઓજ, પ્રસાદ; ત્રિલોક: સ્વર્ગ, મૃત્યુ, પાતાળ; ત્રિવેણીસંગમગંગા, યમુના, સરસ્વતી; ત્રિદોષ: કાયિક, વાચિક, માનસિક; (વૈદક ના): વાત, પિત્ત, કફ; ત્રિકાળ: ભૂત, વર્તમાન, ભવિષ્ય; સવાર, બપોર, સાંજ.

ચોપાટ રમતાં, ક્રોધમાં, બાળકને રમાડતાં, અરીસામાં મોં જોતાં, સ્ત્રી પાસે, ભજનમાં લીન હોય ત્યારે, કેફમાં, આપત્તિમાં, અને ફાગણ માસમાં હોળીના ફાગ બોલતી વેળા, ભલભલા શાણા માણસો પણ ગાંડા બની જાય છે—તેમનું ચિત્ત ઠેકાણે રહેતું નથી.

વીંછી કરડયો હોય તો ચોમાસામાં કુતરા નામનું કાંટાવાળું ઘાસ થાય છે. તેના રસનાં ત્રણચાર ટીપાં ડંખ પર મૂકવાથી આરામ થશે.

એક મધમાખી આખી ઋતુમાં ફક્ત એક ચમચો મધ તૈયાર કરે છે.

'અનિલ' લહરી ——————————— રતિલાલ 'અનિલ'

નેતા કરાંજે એ પણ ઘોષણા કરી કહેવાય.
નહિ કરવાનાં કામો માટે પણ ઠરાવો કરે તે 'સાહિત્ય પરિષદ' કહેવાય.